# પ્રસ્તાવના પરિમલ



આચાર્ય વિજય રાજરત્નસૂરિ

પ્રસ્તાવના પરિમલ

આચાર્ય વિજય રાજરત્નસૂરિ

સુસ્પષ્ટ ભૂમિકા કરવાનું કાર્ય કરે છે શાસ્ત્રોની–ગ્રન્થોની–પુસ્તકોની પ્રસ્તાવના. એનાં માધ્યમથી ગ્રન્થ અંગે વ્યક્તિ ભ્રમ–સંશય તો ન અનુભવે, બલ્કે ગ્રન્થ પ્રત્યે બહુમાનભાવથી આદરપૂર્વક અભિમુખ થાય! શાસ્ત્રગ્રન્થોની પ્રસ્તાવનાશૈલી એવી હોય કે જેમાં ગ્રન્થના પદાર્થોનો–તત્ત્વોનો સંક્ષિપ્ત નિર્દેશ આવી જાય. કેટલીક વાર એ પ્રસ્તાવનાઓ રમણીય ભાષામાં એવી સમુચિત સુંદર ઉપમાઓથી અલંકૃત હોય કે એ અક્ષરશઃ મન મોહી લે. ઉદાહરણરૂપે લઇએ પંચમાંગ શ્રી ભગવતીજીસૂત્રની સંસ્કૃત ટીકાની પ્રસ્તાવના.

એના કર્તા નવાંગીટીકાકાર પૂજ્યપ્રવર આ. ભ. શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ ''व्याख्यातं'' થી શરૂ કરી ''इति शास्त्रप्रस्तावना'' સુધી માત્ર આઠ–નવ પંક્તિમાં એ મહાન વિરાટ શાસ્ત્રગ્રન્થની પ્રસ્તાવના લખે છે. તેમાં તેઓશ્રી ભગવતી સૂત્રને ઉપમા આપે છે ચક્રવર્તીરાજાધિરાજના અજેય હસ્તીરત્ન જયકુંજરની. કુંજરનો અર્થ છે હાથી. જયકુંજરના વિરાટ દેહને તથા ચાર પગ–બે આંખ–બે દંતૂશળ વગેરે દરેક અંગોપાંગોને તેઓશ્રી ભગવતીસૂત્ર–શાસ્ત્ર–ગ્રન્થના વિવિધ પદાર્થો સાથે અદ્‌ભુત સરખાવે છે કે જેમ જયકુંજર વિરાટ દેહ ધરાવે છે તેમ ભગવતીસૂત્ર છત્રીશ હજાર પ્રશ્નોત્તરોનો વિરાટ શબ્દદેહ ધરાવે છે, જયકુંજરને જેમ ચાર મજબૂત પગ છે તેમ આ આગમને ચાર અનુયોગરૂપ મજબૂત પગ છે, જયકુંજરને જેમ બે આંખ છે તેમ આ આગમને જ્ઞાન–ચારિત્રરૂપ આંખ છે, જયકુંજરને જેમ બે તીક્ષ્ણ દંતૂશળ છે તેમ આ આગમને દ્રવ્યાસ્તિકનય–પર્યાયાસ્તિકનયરૂપ તીક્ષ્ણ દંતૂશળ છે! માત્ર આ ઝલકો પર જ ઓવારી જવાય કે ઉપમા સાથે કેવી perfect વિષયગૂંથણી! તો, આ છે પ્રસ્તાવના. જે ગ્રન્થને સુસ્પષ્ટ કરી આપે.

**- આચાર્ય વિજય રાજરત્નસૂરિ**
(આ પુસ્તકનાં 'લેખકીય નિવેદન' માંથી)

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171

# સાહિત્યયાત્રાનો સત્કાર

સિદ્ધહસ્તસર્જક
પૂ. આચાર્યદેવ શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.!
સાદર વંદન

'મહેંક માર્ગાનુસારિતાની' આદિ ચારે ય પુસ્તકો મળ્યા. મસ્તકને શોભાવે જ નહિ, પણ મસ્તકને મહેંકાવે તેવાં પુસ્તકોનાં દર્શનથી દિલ બાગ બાગ થઇ ગયું. લક્ષ્મી અને સરસ્વતી બન્ને આપને પ્રસન્ન છે.

'ગૌરવ' પુસ્તકમાં ગિરનારના લેખો નિહાળ્યા. હાલ જ અમારે પાલિતાણાથી ગિરનારનો સંઘ નીકળવાનો છે. પ્રવચનો માટે તૈયાર ભાતું મળી ગયું.

આ પુસ્તકોમાં ઠેર ઠેર ત્રિપદીની નવી નવી હારમાળા છે. તીર્થંકર ભગવંતો ગણધરોને એક જ ત્રિપદી આપે છે. આપ સંઘને આવી આવી કેટલી ત્રિપદીઓ આપશો? કહો કે ત્યાં એક જ ત્રિપદીથી કામ પતે એવું હતું. આજે કળિયુગમાં રોજની એક ત્રિપદી આપો ત્યારે માંડ કાંઇક ઠેકાણું પડે.

ભરચક ભરેલી બસમાં Conductorની જગ્યા થઇ જાય અને ભરપેટ ભોજન લીધું હોય તો ય ગુલાબજાંબુની જગ્યા થઇ જાય. તેમ શાસનકાર્યોની ભરચક વ્યસ્તતા વચ્ચે ય સાહિત્યલેખન માટે આપ સમય કાઢી જ લો છો. ખૂબ ખૂબ સાધુવાદ.

આપના જ પુસ્તકોની વાત ટાંકીને કહું તો, ''આપને વિનયલક્ષ્મી વરેલી છે, એથી ય વધુ શ્રદ્ધાલક્ષ્મી વરેલી છે, એથી ય વધુ જ્ઞાનલક્ષ્મી, એથી ય વધુ ચારિત્રલક્ષ્મી અને સહુથી વધુ પુણ્યલક્ષ્મી વરેલી છે..''

આપની આ સર્વ લક્ષ્મીને પણ વંદન કરવાનું મન થાય.

- પૂ.આ.ભ.શ્રી વિજય આત્મદર્શનસૂરીશ્વરજી મ.સા.
(વાગડ સમુદાય)

श्री लोढण-नागेश्वर-जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री शत्रुञ्जय-दिव्यवसन्तधाममण्डनआदिनाथाय नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि * श्री गौतमगणधराय नम: * सूर्योदयं सूरिवरं नमामि

# પ્રસ્તાવના પરિમલ...

વિવિધ ગ્રન્થો માટે પ્રસંગોપાત્ત આલેખાયેલ પ્રસ્તાવનાઓનો સંચય


**લેખક**

પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક
વ્યા. સા. ન્યા. તીર્થ પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર
સિદ્ધહસ્તસાહિત્યકાર શતાધિક ગ્રન્થસર્જક તેજસ્વીવક્તા
શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ
**શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મહારાજ**



**પ્રકાશક**

**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ. દર્ભાવતી – ડભોઈતીર્થ**

ધર્મકૃપા પ્રકાશન * પુસ્તક ક્રમાંક-૨૦૨





Book No. 109 prastavna Parimal / Starting pages / 26 MAY 2025

**પ્રકાશક :**

**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ**
**શ્રી પરિમલભાઈ સી. શાહ**
બી/૩, આદિનાથ ડુપ્લેક્ષ નં. ૧,
ત્રિલોકકુંજ સોસાયટી સામે, જૈન મંદિર પાસે,
માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૪૨૮૩ ૩૨૭૧૯

**પ્રાપ્તિસ્થાન :**

**શ્રી વિશાલભાઈ ડી. ગાલા**
બી-૧૪/૪૦૧, સૂર્યદર્શન, આનંદ નગર,
સી.એસ. રોડ, દહિંસર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૮.
મો.: ૯૮૩૩૦૦૬૧૬૪ / ૮૬૫૫૮૭૧૫૦૩

**પ્રકાશનતિથિ તથા સ્થળ :**

શ્રાવણ શુદિ-૧૧, તા. ૫-૮-૨૦૨૫.
પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનો ૧૨૨મો જન્મદિન.
પંકજ જૈન સંઘ-અમદાવાદ.

**પ્રથમાવૃત્તિ પ્રત :** ૧૦૦૦

**મૂલ્ય :** રૂા.૧૦૦

**મુદ્રક :**

**જયંત પ્રિન્ટરી એલ.એલ.પી.**
૩૫૨/૫૪, ગીરગામ રોડ, મુરલીધર મંદિર કંપાઉન્ડ,
ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં,
ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન : ૪૩૬૬ ૭૧૭૧**



Book No. 109 prastavna Parimal / Starting pages / 26 MAY 2025

SAIYAM GOLDEN SERIES

50

Aa. Rajratnasuri

SAIYAM GOLDEN YEAR

# આનંદો...આનંદો...આનંદો

પૂજ્યપાદ શતાધિક ગ્રન્થસર્જક સિદ્ધહસ્તસાહિત્યકાર

**આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** ના

સંયમ સુવર્ણવર્ષનો પ્રારંભ વિ.સં.૨૦૮૪માં થાય છે.

તે વર્ષે પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા

૧૨૫ પુસ્તકોનો MILE STONE પસાર કરશે.

**પૂજ્યશ્રીના સંયમસુવર્ણવર્ષે પૂજ્યશ્રી તથા શિષ્ય - પ્રશિષ્યરત્નો દ્વારા સંસ્કૃત-પ્રાકૃત-ઈંગ્લીશ-ગુજરાતી ભાષામાં નવસર્જિત કુલ 50 પુસ્તકોનું પ્રકાશન થશે. તે સાથે ધર્મકૃપા ટ્રસ્ટની સાહિત્ય પ્રકાશનયાત્રા 265 પુસ્તકોનો MILE STONE પસાર કરશે.**

COLOUR PAGE

# હાર્દિક અનુમોદન

પૂજ્યપાદ ગુરુકૃપાનિધાન સિદ્ધહસ્તસર્જક

**આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** આદિની

નિશ્રામાં વિ.સં. ૨૦૭૮માં થયેલ

**558** માસક્ષમણોની તથા

પૂ. પ્રવર્તિની સા.શ્રી **વસંતપ્રભા-વિશ્વરત્નાશ્રીજી** મ.ના

શિષ્યા પૂ.સા.શ્રી **વિશ્વધર્માશ્રીજી** મ.ની શ્રી સંઘમાં થયેલ

ચાતુર્માસિક આરાધનાની અનુમોદનાર્થે

**શ્રી ધર્મવર્ધક શ્વે.મૂ.જૈન સંઘ બોરીવલી-મુંબઈ**

તરફથી આ પ્રકાશનમાં ઉદાર લાભ લેવાયો છે.

પુણ્યવાન દાતાનું હાર્દિક અનુમોદન.

-પ્રકાશક



Book No. 109 Prastavna Parimal / Starting pages / 4 June 2025 A-B-C-D page Bhagwan na page



દર્ભાવતીતીર્થાધિનાયક પ્રાચીન અને પ્રભાવશાલી અર્ધપદ્માસનસ્થ

# શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાન

दर्भावतीमण्डलमण्डनं यो, नि:शेषभूमीतलभूषणं य: ।
स्वरूपसम्पत्तिनिकेतनं य,-स्तं लोढणं पार्श्वजिनं स्तुवेऽहम्।।



ધર્મધામતીર્થાધિનાયક ચૌદ ફુટ ઉત્તુંગ નીલવર્ણા

## શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન

श्री धर्मधामवरतीर्थपतिं गुणाढ्यं,
पार्श्वेश्वरं प्रवरनीलमणिप्रभाढ्यम्।
विश्वेश्वरं सकलमङ्गलगौरवाढ्यं,
नागेश्वरं जिनवरं प्रणमामि नित्यम्।।



ધર્મ–સૂર્યોદયધામતીર્થમંડન ચૌદ ફુટ ઉત્તુંગ પીતવર્ણા

## શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન

श्री धर्मसूर्यवरधाम्नि विराजमानं,
ध्यानस्थितं च दशहस्तमयप्रमाणम्।
स्वर्णप्रभं भविनतं भवसिन्धुयानं,
जीरावलाजिनवरं प्रणमामि नित्यम्।।



### શ્રી શત્રુંજયયુગાદિદેવ દિવ્યવસન્તધામતીર્થમણ્ડન

# શ્રી આદિનાથ ભગવાન

तीर्थे स्थितं प्रवरदिव्यवसन्तधाम्नि, भक्त्योल्लसद्–भविकवृन्दसुसेव्यमानम् ।
शत्रुञ्जयाधिपतिरूप–समानरूपं, श्रीमद्युगादिजिनदेवमहं नमामि ॥

જૈનશાસનના મહાન જ્યોતિર્ધર ૧૩૫ જિનાલયપ્રણેતા પૂજ્યપાદ યુગદિવાકર



## આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

पुण्यप्रभाढ्यं गुणगौरवाढ्यं, श्री धर्मसूरिं प्रवरं नमामि ।
तेजश्छविं ज्ञानरविं नवीनं, सूर्योदयं सूरिवरं नमामि ।।

વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પ્રૌઢપ્રભાવશાળી પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક



## આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ

श्री लोढण-नागेश्वर-जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री शत्रुञ्जययुगादिदेवदिव्यवसन्तधाममण्डनआदिनाथाय नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि ✻ श्री गौतमस्वामिने नम: ✻ सूर्योदयं सूरिवरं नमामि

# પ્રસ્તાવનાઓની પ્રસ્તાવના

## લેખકીય નિવેદન

પ્રસ્તાવનાપુસ્તકોની પ્રસ્તાવનાનો પ્રારંભ આપણે એક નાનકડા દૃષ્ટાંતથી કરીશું કે જે બહુ મજબૂતપણે પ્રસ્તાવનાનું મહિમામંડન કરે છે :

જે યુગમાં ઘોડેસવાર-ઊંટસવાર વગેરે દ્વારા સંદેશાઓનું આદાન-પ્રદાન થતું તે યુગની વાત. એક રાજાએ એના સંદેશવાહકને અતિ અગત્યનો સંદેશપત્ર આપીને સતત પ્રવાસ દ્વારા છટ્ઠે દિવસે સાંજ સુધીમાં સંદેશપત્ર સંબંધિત સ્થાને પહોંચાડવાની તાકીદ કરી. વિશ્વાસુ સંદેશવાહકે આજ્ઞા શિરે ચડાવી ઊંટ ઉપર ઝડપી પ્રવાસ શરૂ કર્યો. માર્ગમાંથી એણે પાઠવેલ વ્યક્તિએ રાજા સમક્ષ આવીને રજૂઆત કરી : ''એ ઊંટ પર સતત આગળ ધપ્યે જતો હતો. એમાં એને કૂતરો કરડી ગયો. તેની સારવાર તત્કાલ કરાવવાથી હવે એ એક દિવસ Late પહોંચશે.'' રાજાને આ વ્યક્તિની વાતમાં પોકળતા-અવિશ્વસનીયતા લાગતી હતી. એમણે તુર્ત પૂછ્યું : ''અરે! એ ઊંટ પર બેસ્યો હોય તો એને કૂતરો કરડી જ કેવી રીતે શકે? આટલી ઊંચાઇને કૂતરો આંબી જ ન શકે. આ તદ્દન ખોટી વાત છે.''

''રાજાજી! ઘટના એમ બની હતી કે એ જે ગામમાંથી ઊંટ પર પસાર થતો હતો તે ગામમાં ઉત્સવ હોવાથી માર્ગ પર ચાલવું ય મુશ્કેલ બને તેવી ભીડ હતી. સંદેશવાહક માર્ગના એકદમ છેડાના ભાગથી ઊંટને તારવતો તારવતો આગળ જતો હતો. એ તરફ કિલ્લાની લાંબી રાંગ હતી-દિવાલ હતી. અચાનક, એ દિવાલની



Book No. 109 Prastavna Parimal / Starting pages / 4 June 2025

વચ્ચેના ઝરુખામાં બેસેલ કૂતરાએ આંખના પલકારમાં પગે બટકું ભરી દીધું. જે હકીકત બનેલી છે તે આ છે.'' પેલી વ્યક્તિએ તથ્યની બરાબર સ્પષ્ટતા કરી. રાજાનાં દિમાગમાં હવે આ ઘટના બરાબર હોવાનું વસી ગયું.

ધ્યાનથી વિચારીશું આ દૃષ્ટાંત, તો એ ખાસ સમજાશે કે વ્યક્તિની રજૂઆતમાં ખામી હતી. એણે જે વાત પછીથી સ્પષ્ટતારૂપે કરી એ **સૌથી પ્રથમ સુસ્પષ્ટ ભૂમિકારૂપે** કરવી આવશ્યક હતી. જો એણે સુસ્પષ્ટ ભૂમિકા પ્રથમ કરીને પછી તે પૂર્વેની વાત કહી હોત તો રાજાને ન તો અંશમાત્ર સંશય થાત, ન પ્રશ્ન કરવાનો-અવિશ્વાસ દાખવવાનો સમય આવત.

બસ, આ **સુસ્પષ્ટ ભૂમિકા** કરવાનું કાર્ય કરે છે શાસ્ત્રોની-ગ્રન્થોની-પુસ્તકોની પ્રસ્તાવના. એનાં માધ્યમથી ગ્રન્થ અંગે વ્યક્તિ ભ્રમ-સંશય તો ન અનુભવે, બલ્કે ગ્રન્થ પ્રત્યે બહુમાનભાવથી આદરપૂર્વક અભિમુખ થાય! શાસ્ત્રગ્રન્થોની પ્રસ્તાવનાશૈલી એવી હોય કે જેમાં ગ્રન્થના પદાર્થોનો-તત્ત્વોનો સંક્ષિપ્ત નિર્દેશ આવી જાય. કેટલીક વાર એ પ્રસ્તાવનાઓ રમણીય ભાષામાં એવી સમુચિત સુંદર ઉપમાઓથી અલંકૃત હોય કે એ અક્ષરશઃ મન મોહી લે. ઉદાહરણરૂપે લઇએ પંચમાંગ શ્રી ભગવતીજીસૂત્રની સંસ્કૃત ટીકાની પ્રસ્તાવના.

એના કર્તા નવાંગીટીકાકાર પૂજ્યપ્રવર આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજ ''**व्याख्यातं**'' થી શરૂ કરી ''**इति शास्त्रप्रस्तावना**'' સુધી માત્ર આઠ-નવ પંક્તિમાં એ મહાન વિરાટ શાસ્ત્રગ્રન્થની પ્રસ્તાવના લખે છે. તેમાં તેઓશ્રી ભગવતી સૂત્રને ઉપમા આપે છે ચક્રવર્તીરાજાધિરાજના અજેય હસ્તીરત્ન જયકુંજરની. કુંજરનો અર્થ છે હાથી. જયકુંજરના વિરાટ દેહને તથા ચાર પગ-બે આંખ-બે દંતૂશળ વગેરે દરેક અંગોપાંગોને તેઓશ્રી ભગવતીસૂત્રશાસ્ત્ર-ગ્રન્થના વિવિધ પદાર્થો સાથે અદ્ભુત સરખાવે છે : જેમ કે ''**षट्त्रिंशत्सहस्रप्रश्नप्रमाणसूत्रदेहस्य, चतुरनुयोगचरणस्य, ज्ञानचरणनयनयुगलस्य, द्रव्यास्तिकपर्यायास्तिक-नयद्वितयदन्तमुशलस्य**'' વગેરે. આ વિશેષણો દ્વારા ટીકાકાર એમ ફરમાવે છે કે જેમ જયકુંજર વિરાટ દેહ ધરાવે છે તેમ ભગવતીસૂત્ર છત્રીશ હજાર પ્રશ્નોત્તરોનો વિરાટ શબ્દદેહ ધરાવે છે, જયકુંજરને જેમ ચાર મજબૂત પગ છે તેમ આ આગમને ચાર અનુયોગરૂપ મજબૂત પગ છે, જયકુંજરને જેમ બે આંખ છે તેમ આ આગમને જ્ઞાન-ચારિત્રરૂપ આંખ છે, જયકુંજરને જેમ બે તીક્ષ્ણ દંતૂશળ છે તેમ આ આગમને દ્રવ્યાસ્તિકનય-પર્યાયાસ્તિકનયરૂપ તીક્ષ્ણ દંતૂશળ છે! માત્ર આ ઝલકો પર



Book No. 109 Prastavna Parimal / Starting pages / 4 June 2025

જ ઓવારી જવાય કે ઉપમા સાથે કેવી **Perfect** વિષયગૂંથણી! તો, આ છે પ્રસ્તાવના. જે ગ્રન્થને સુસ્પષ્ટ કરી આપે.

શાસ્ત્રગ્રન્થોની આ પ્રસ્તાવનાશૈલી વર્તમાનમાં શાસ્ત્ર-સંગ્રહગ્રન્થોમાં-અનુવાદગ્રન્થોમાં-અભ્યાસગ્રન્થોમાં યાવત્ સરેરાશ વાચનના પુસ્તકોમાં ય અપનાવાય છે. જેમાં પ્રસ્તાવના દ્વારા ગ્રન્થના/પુસ્તકના વિષયનો, તેના કર્તાનો, લેખકનો સંક્ષિપ્ત સમુચિત પરિચય કરાવાય. આવા કેટલાંક ગ્રન્થો-પુસ્તકોમાં પ્રસ્તાવના માટે તે તે ગ્રન્થોના-પુસ્તકોના કર્તાનાં/સંપાદકનાં આમન્ત્રણો આવતાં તેની જે પ્રસ્તાવનાઓ આલેખાઈ તેનો સંગ્રહ છે 'પ્રસ્તાવનાપમરાટ' અને 'પ્રસ્તાવનાપરિમલ' પુસ્તકોમાં. બન્ને પુસ્તકો એક જ વિષયના હોવાથી એનું આ લેખકીય નિવેદન પણ એક જ-સમાન રાખ્યું છે. આ પ્રસ્તાવનાઓમાં પૂજ્યપાદ બહુશ્રુતવર્ય આગમોદ્ધારક આ.શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના તમામ સંસ્કૃત-પ્રાકૃત મૂલ ગ્રન્થોના મહાકાય સંગ્રહગ્રન્થ પર લખાયેલ ખૂબ વિસ્તૃત પ્રસ્તાવના છે, પંચસૂત્રવાર્તિક-પંચસૂત્રતર્કાવતાર-સંબોધસિત્તરી અનુવાદ-વર્ધમાન શક્રસ્તવ વગેરે ગ્રન્થો પરની પ્રસ્તાવના છે, તો શ્રમણસામાચારી વગરે ગુજરાતી પુસ્તકોની પણ પ્રસ્તાવનાઓ છે.

જેઓશ્રીની પરમ કૃપાથી આ સર્વ પ્રસ્તાવનાઓ તેમજ ૧૦૯ પુસ્તકો આલેખાયા છે તે અનંતોપકારી જીવનશિલ્પી ગુરુદેવો પૂજ્યપાદ સમર્થસંઘનાયક યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. ના પુનીત પાદારવિંદમાં કૃતજ્ઞતાભરપૂર ભાવવંદના સાથે એ જ અંતર-અભિલાષા કે આ પ્રસ્તાવનાપુસ્તકોનું વાચન ભાવિકોને તે તે ગ્રન્થો/પુસ્તકો પ્રત્યે અને તેના કર્તા/લેખકો પ્રત્યે અહોભાવ પ્રગટાવે તેમજ એથી ય વિશેષ તે ગ્રન્થો/પુસ્તકોનાં વાચન-મનન સુધી લઈ જનાર નીવડે...

વિ.સં.૨૦૮૧, શ્રાવણ શુદિ-૧૧. તા.૫-૮-૨૦૨૫<br>પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું ૧૨૨મું જન્મપર્વ } -વિજય રાજરત્નસૂરિ



Book No. 109 Prastavna Parimal / Starting pages / 4 June 2025

श्री लोढण नागेश्वर–जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री शत्रुञ्जय–दिव्यवसन्तधाममण्डनआदिनाथाय नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि ✻ श्री गौतमगणधराय नम: ✻ सूर्योदयं सूरिवरं नमामि

# પ્રકાશકીય પ્રકાશ

પૂજ્યપાદ સમર્થ સંઘનાયક મહાન શાસનજ્યોતિર્ધર યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. ના શ્રાવણ શુદિ-૧૧ના ૧૨૨મા મંગલમય જન્મપર્વે પ્રસ્તુત 'પ્રસ્તાવના પરિમલ' સહિત પાંચ-પાંચ પુસ્તકોનું પ્રકાશન કરતા અમે ગૌરવ સાથે ધન્યતા અનુભવીએ છીએ.

અમારી સંસ્થાના પ્રેરક પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસન પ્રભાવક આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટાલંકાર અને અમારા વર્તમાન માર્ગદર્શક પૂજ્યપાદ શતાધિકગ્રંથસર્જક આ.ભ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા., ત્રણ પૂ. આચાર્યદેવો-બે પૂ.પંન્યાસજી ભગવંતો આદિ ૯૦ શ્રમણ-શ્રમણી ભગવંતો સાથે વિ.સં. ૨૦૮૦માં શ્રી સિદ્ધક્ષેત્ર-પાલિતાણાની પુણ્યભૂમિમાં સામૂહિક ચાતુર્માસાદિ આરાધનાર્થે પધારતાં અનેક યશસ્વી આરાધનાઓ-પ્રભાવનાઓના ચિરંજીવ ઈતિહાસનું ત્યાં સર્જન થયું. શાનદાર સ્વાગતયાત્રા સાથે ચેન્નઈભવન-ધર્મશાળામાં પ્રવેશ, ૭૦૦ આરાધકોનું સમૂહ ચાતુર્માસ, નિત્ય બે વારનાં પ્રવચનો, નિત્ય પ્રભાતે વાજતે-ગાજતે જયતળેટીયાત્રા અને વિધવિધ આયોજનો - અનુષ્ઠાનોમાં શિરમોર બન્યું સામૂહિક માસક્ષમણ આયોજન. આમ તો પૂજ્યશ્રી અને તેમના શિષ્યવૃંદના છેલ્લા આઠ ચાતુર્માસોમાં દરેક સંઘમાં સામૂહિક માસક્ષમણો યોજાય છે અને પાલિતાણાનાં ચાતુર્માસ પૂર્વે તેની કુલ માસક્ષમણસંખ્યા 2235 જેવી અ..ધ..ધ.. થઇ છે. પરંતુ પાલિતાણાનાં સમૂહ માસક્ષમણ અનેક રીતે યાદગાર નીવડ્યા.

એમાં પહેલી બાબત હતી પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. દ્વારા સ્વયં માસક્ષમણ.અઢળક શાસનપ્રભાવનાઓ સાહિત્યસર્જન અને તપક્ષેત્રે એક ઉપવાસ



Book No. 109 Prastavna Parimal / Starting pages / 4 June 2025

પણ પરાણે કરાય તેવી મર્યાદિત શક્તિ છતાં **પૂજ્યશ્રીએ પ્રતિદિન નવ કલાક જાપ-લેખન-શાસનકાર્યો કરવા સાથે સંપૂર્ણ માસક્ષમણ અપ્રમત્તભાવે કર્યું એ દેવ-ગુરુકૃપાનો બેજોડ ચમત્કાર હતો!** શત્રુંજયેશ્વર દાદા આદીશ્વરપ્રભુએ જ જાણે આ માસક્ષમણ કરાવ્યું ન હોય! પૂજ્યશ્રીની સાથે કુલ ૩૨ સંયમી ભગવંતો અને ગૃહસ્થવર્ગ મળીને ૧૨૩ તપસ્વીઓએ ૪૫-૩૬ આદિ ઉપવાસ સહિત માસક્ષમણ કર્યા. **પૂ.આ.શ્રી આત્મદર્શનસૂરિજી મ.**એ યથાર્થ લખ્યું કે **''પાલિતાણાના સો વર્ષના ઇતિહાસમાં આ રીતની સામૂહિક માસક્ષમણઘટના સર્વપ્રથમ છે.''** પ્રવરસમિતિના તમામ પૂજ્યો સહિત ૫૦ થી વધુ ગચ્છાધિપતિઓ-આચાર્યશ્રીઓનાં પત્રોમાં પૂજ્યશ્રીનાં માસક્ષમણતપની હાર્દિક અનુમોદના નીતરતી હતી. પાલિતાણા ગામના સંઘમાં પૂજ્યશ્રીના પરિવારના ગુરુભગવંતોનું ચાતુર્માસ થતાં પાલિતાણા સંઘના ઇતિહાસમાં સર્વપ્રથમવાર ૨૭ માસક્ષમણો થયા. એક અજબ ઘટના એ બની કે માસક્ષમણના ૨૯મા ઉપવાસની મધ્યરાત્રિએ, શ્રી હસ્તિગિરિતીર્થે પ્રતિષ્ઠિત થનાર આદીશ્વરદાદાનું પ્રથમ અંજનવિધાન પૂજ્યશ્રીના હસ્તે થયું કે જેમાં પાલિતાણાસ્થિત તપાગચ્છીય મૂળ પરંપરાના સર્વ સમુદાયોના સૂરિવરોનું સાન્નિધ્ય હતું.

૩૦મા ઉપવાસે સવારે ૭.૦૦ ક. પાલિતાણા માટેઅભૂતપૂર્વ કહેવાય તેવો ૧૨૩ માસક્ષમણતપસ્વીઓનો ભવ્યાતિભવ્ય તપોયાત્રાવરઘોડો યોજાયો. પૂજ્યશ્રીસહિત ૩૨/૩૨ સંયમી ભગવંતોની નયનરમ્ય શિબિકાઓ, તપાગચ્છીય મૂળ પરંપરાના સર્વ સમુદાયોના સૂરિભગવંતોની નિશ્રા, અનેક બેન્ડો-મંડળીઓ વગેરેનાં કારણે એ તપોયાત્રાવરઘોડો ઐતિહાસિક અને જાજરમાન બન્યો હતો. મુંબઇ વગેરે સ્થળોએથી લગભગ ૪૦૦૦ ભાવિકો-ગુરુભક્તો તેમાં જોડાયા હતા. બપોરે ભવ્ય તપ અનુમોદન મહાસભામાં સર્વ સમુદાયોના સૂરિભગવંતોએ જે ઉત્કૃષ્ટ ગુણાનુરાગથી પૂજ્યશ્રીની-માસક્ષમણતપસ્વી દશવર્ષીય પૂ. બાલમુનિ શ્રી જિનાંશરત્નવિજયજી મ.ની - સળંગ ૭૭૦ આયંબિલ પર (એક પણ એકાસણાદિ વિના) માસક્ષમણ કરનાર પૂ.સા.શ્રી ધ્યાનદર્શિતાશ્રીજી મ.ની તપશ્ચર્યા વગેરેની જબરજસ્ત અનુમોદના કરી હતી તે ખરેખર વિસ્મયવિભોર કરી દે તેવી હતી. માહોલ એવો સર્જાયો હતો કે સર્વ સમુદાયોને આ રીતે એક મંચ પર નિહાળી ચાર હજારથી વધુ ભાવિકો ધન્ય ધન્ય થઇ ગયા.

માસક્ષમણપારણાદિને પણ આ જ રીતે સર્વ સમુદાયોના સૂરિવરોનું સાન્નિધ્ય, પૂ. પરમ ગુરુદેવ **આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.** નું દેવરૂપે દેવવિમાનમાં

આગમન અને એમના દ્વારા પૂજ્યશ્રીને પારણાનો Technology રચિત હૃદયંગમ Live Scene, પૂજ્યશ્રીલિખિત 101 થી 104 ક્રમાંકના પુસ્તકોનું વિમોચન, સંયમીભગવંતો સહિતના સર્વ માસક્ષમણતપસ્વીઓ માટે ઉત્તમ પારણાવ્યવસ્થા, ઉપસ્થિત તમામ ભાવિકોને વહોરાવવાનો Chance અને સર્વ સંયમીઓને સ્વયં વાસનિક્ષેપ બાદ ઠેઠ ૧૨.૩૦ ક. પૂજ્યશ્રી દ્વારા પારણા, અદ્ભુત મહાપૂજા વગેરે આંખ-અંતર ધન્ય બનાવતા પ્રસંગો યોજાયા હતા. નિત્ય ત્રણે ય સમય ચાર હજાર ભાવિકોનાં સંઘસાધર્મિકવાત્સલ્ય, અવનવા સ્ટેજ કાર્યક્રમો, વ્રત-નિયમોનાં લાખેણાં ભેટણાદિથીયુક્ત આ મહાન માસક્ષમણમહોત્સવના પ્રતિઘોષ સમગ્ર જૈનશાસનમાં ઝિલાયા હતા. એક ઉલ્લેખનીય બાબત એ બની કે પાલિતાણાસ્થિત પર્યાયસ્થવિર પૂ. મુનિવર્ય શ્રી જયભદ્રવિજયજી મહારાજે ઉલ્લાસની ચરમ સીમાએ, માસક્ષમણ-અનુમોદનસભામાં એમ જણાવ્યું હતું કે ‘‘આ. રાજરત્નસૂરિજીએ આટલી જવાબદારીઓ વચ્ચે પોતે માસક્ષમણ કરીને અમારા સમુદાયનું અને અમારા ગામ ડભોઇતીર્થનું ગૌરવ વધાર્યું છે. આજે હું જાહેર કરું છું કે આજનો દિવસ ‘સમુદાય ગૌરવ’ દિવસ છે.

આ મહામહોત્સવનું જ નહિ, બલ્કે પાલિતાણાનાં સર્વ ચાતુર્માસોનું સર્વપ્રથમ અને શિરમોર આયોજન થયું શત્રુંજય-સૂર્યોદયધામનાં નિર્માણનું. પૂજ્યશ્રી જયારે સિદ્ધક્ષેત્રમાં પધાર્યા ત્યારે પૂજ્યશ્રીનું એકમાત્ર લક્ષ્ય હતું, સ્વયંની માસક્ષમણતપસાધનાનું. પરંતુ નિયતિનું નિર્માણ એનાથી કાંઇક વિશેષ હશે. એથી માસક્ષમણના ૨૮મા ઉપવાસે અચાનક માત્ર 5 Minute માં વિરાટ ભૂમિસંપાદન સાથે શત્રુંજય સૂર્યોદયધામ નિર્માણનો નિર્ણય થયો. ૮૬ હજાર Square Feetsનો વિરાટ ભૂમિખંડ મેવાડભવનની પાછળ અને હસ્તગિરિ Road Touch લેવાયો. જ્યાંથી શત્રુંજયગિરિરાજ એકદમ નિકટ નિહાળાય છે તેવા આ પૂર્વાભિમુખ વિરાટ સ્થાનમાં ત્રિશિખરીય દેવવિમાનસદૃશ ભવ્યાતિભવ્ય જિનાલય, બે વિરાટ ઉપાશ્રયો,પૂ. યુગદિવાકર પરમ ગુરુદેવશ્રી તથા પૂ. દર્ભાવતીતીર્થોદ્ધારક પરમ-ગુરુદેવશ્રીનું જીવનદર્શન કરાવતી આલીશાન Art Gallery, 184 ખંડોયુક્ત ચાર આલીશાન રાજમહેલ શા ધર્મશાળા ભવનો, પાંચ હજાર Square Feetના Pillarless ત્રણ વિરાટ ખંડો, ભોજનશાળા, વૃદ્ધ સંયમીઓ માટે સ્થિરવાસના વિશ્રામણાધામ, સરસ્વતીસદન આદિ વૈવિધ્યભરપૂર આયોજનો એટલા વિશાલ ફલક પર આયોજિત



Book No. 109 Prastavna Parimal / Starting pages / 4 June 2025

થયાં છે કે એક સાથે ૮૦૦ યાત્રિકો ચાતુર્માસ-નવાણું આદિમાં પધારે તો નિવાસ-ભોજન વગેરે માટે કોઈ જ મંડપની આવશ્યકતા ન રહે! આ ઉપરાંત 15000 Square Feetનો Open ભૂમિખંડ અલગ. માસક્ષમણના પારણાદિને આ આયોજનની ઘોષણા થતાંવેંત તેમાં લાભ લેવા ભાવિકોએ સ્વયંભૂ ધસારો કર્યો. એ પછી તુર્ત પર્યુષણામહાપર્વમાં બે જબરજસ્ત મોટા લાભ બે પુણ્યવંતા પરિવારોએ લેતાં માત્ર ૧૨ દિવસમાં જ સંપૂર્ણ આયોજનના ૭૫% લાભો અપાઈ ગયા. પૂજ્યશ્રી પર વરસતી બેજોડ પ્રભુકૃપા/ગુરુકૃપાનું આ નજરે નિહાળાતું પરિણામ હતું. એક નોંધપાત્ર બાબત એ હતી કે અન્યોને આવાં આયોજનોનું અને એને સફલ બનાવવાનું માર્ગદર્શન પૂજ્યશ્રીનાં આ આયોજનમાંથી પ્રાપ્ત થયું!

ઊછળતા ઉમંગે અને ભાવોની ભરતી વચ્ચે પર્યુષણામહાપર્વની આરાધના, પૂજ્યશ્રીના શિષ્યવૃંદો દ્વારા વિવિધ સ્થાનોમાં પર્યુષણામહાપર્વની અને જન્મવાચનાદિ આરાધનાઓ વગેરે બાદ આરાધકોની વિદાયદિનની અંતિમ તળેટીયાત્રામાં ને અંતિમ હિતશિક્ષામાં પણ આઠસો/આઠસો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા... પર્યુષણામહાપર્વ પછીના વિશ્રામના સમયખંડમાં પૂજ્યશ્રી દ્વારા સર્વ શ્રમણ-શ્રમણીભગવંતોને નિયમિત જીવનઘડતરની વાચનાઓ અપાઈ. આ ઉપરાંત વાગડ સમુદાયના પૂ.આ.શ્રી આત્મદર્શનસૂરિજી મ.એ પાલિતાણાના સમસ્ત શ્રમણ-શ્રમણીગણ માટે સર્વ સમુદાયોના સૂરિભગવંતો દ્વારા 'વિમલાચલ વાચનાવૈભવ' નામે વાચનાશ્રેણિ યોજી ત્યારે પ્રથમ દિવસની વાચના પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ની અને બીજા દિવસની વાચના પૂ.આ.ભ.શ્રી રશ્મિરત્નસૂરિજી મ.સા.ની હતી. બન્ને વાચનાઓથી શ્રમણ-શ્રમણી ભગવંતો ખૂબ પ્રભાવિત થયા. આ જ રીતે સામૂહિક સ્તરની 'અલૌકિક આગમવાચના'માં પણ ઉક્ત બન્ને પૂજ્યશ્રીઓની એકેક દિવસની વાચનાઓ રંગ લાવી. ફલશ્રુતિરૂપે, ઘણા સંયમીભગવંતોએ ત્યારે જ વાચનાસમય લંબાવવાની વિનંતિ કરી. તો તે પછી જૈન્નઇભવનમાં એ જ વિષયને સમજવા સંયમીઓ પધાર્યા હતા. ઉલ્લેખનીય બાબત આમાં એ છે કે તાજેતરમાં એ બન્ને વાચનાશ્રેણિનું પુસ્તક પ્રકાશિત થયું તેમાં સર્વગ્રાહી પ્રસ્તાવના પણ પૂ. ગુરુદેવ આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ની છે. આ ઉપરાંત નવપદ ઓળીની આવી જ સર્વ સમુદાયની યુવામુનિવરોની



Book No. 109 Prastavna Parimal / Starting pages / 4 June 2025

પ્રવચનમાળામાં પૂ. મુનિવર્ય શ્રી પ્રશમરત્નવિજયજી મ.સા.નું પ્રવચન ખૂબ સરસ યોજાયું હતું.

શાશ્વતી આસો માસની ઓળીની આરાધનામાં પૂજ્યશ્રીએ સ્વયં સળંગ પાંચમી નવપદઓળીની તપ+વિધિપૂર્વક આરાધના કરી. આસો શુદિ ચૌદશે ત્રણસો જેટલા આરાધકોની ૪૭ દિવસીય ભવ્ય ઉપધાનતપઆરાધના શરૂ થઇ. આ જ અરસામાં પૂ.આ.શ્રી આગમરત્નસૂરિજી મ.સા. તથા પૂ.આ.શ્રી ધર્મરત્નસૂરિજી મ.સા. દ્વારા સૂરિમન્ત્ર દ્વિતીય પીઠિકાની આરાધના થઇ. બન્ને ય પીઠિકાનો પૂર્ણાહુતિસમારોહ ખૂબ ભવ્યતાથી યોજાયો. આસો વદિ-૧ના પૂ.પં.શ્રી હિતરત્નવિજયજી ગણિના સળંગ પાંચસો આયંબિલનો સમારોહ યોજાતાં પાલિતાણાસ્થિત વિવિધ સમુદાયના સૂરિભગવંતોએ તેમાં પધારી તપસ્વીની સુંદર ઉપબૃંહણા કરી હતી. પંન્યાસશ્રીએ ચાર વાર પાંચસો આયંબિલ અને તેમાં બે વાર તો સળંગ પાંચસો આયંબિલ કર્યા છે.

આ તરફ ઉપધાનતપ દરમ્યાન પ્રવચનો-વાચનાઓની હેલિ વરસી. તેના પ્રભાવે મૂળવિધિથી ઉપધાનતપ-૨૧ તપસ્વીઓ દ્વારા એક જ વસ્ત્રજોડ દ્વારા સંપૂર્ણ ઉપધાનતપ-એક આરાધક દ્વારા તમામની નીવિના બદલે આયંબિલ વગેરે વંદનીય વિશેષતાઓ સર્જાઇ. ઉપધાનતપમાં જ પૂ.સા.શ્રી વિશ્વધર્માશ્રીજી મ. ના એકાંતર ચૌદસો બાવન આયંબિલનો તપોત્સવ, પૂ.ગુરુદેવ આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના દીવાળીપર્વના ૫૮મા જન્મદિનનો પર્વોત્સવ વગેરે ધર્મપ્રભાવક ઉત્સવો થયા; તો પૂ.સા.શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ. નો સમાધિમય કાલધર્મ થયો. છેલ્લે છેલ્લે પૂજ્યશ્રીના મુખે સંથારાપોરિસીઆધારિત પોણો કલાકની હિતશિક્ષા તે પૂ. સાધ્વીજીને પ્રાપ્ત થઇ. નૂતનવર્ષ-જ્ઞાનપંચમીપર્વ-ચાતુર્માસિક-પર્વની ભવ્ય આરાધનાઓ સાથે ચાતુર્માસ યશસ્વી-યાદગારસ્વરૂપે સંપન્ન થયું.

અને...આવ્યો કાર્તિકીપૂર્ણિમાનો મહાયાત્રાદિન. ચાતુર્માસમાં શત્રુંજયગિરિરાજ યાત્રાનિષેધની સુવિહિત પરંપરાનુસાર સિદ્ધગિરિરાજ યાત્રાથી વંચિત ચતુર્વિધ શ્રી સંઘના હજારો-હજારો ભાવિકોએ તે પુનીત પર્વદિનથી ગિરિરાજયાત્રા શરૂ કરી. તદનુસાર, પૂજ્યશ્રીની નિશ્રામાં લગભગ ચારસો આરાધકોએ સામૂહિક નવાણુંયાત્રા શરૂ કરી. પૂજ્યશ્રીના શ્રમણ શ્રમણીભગવંતોએ પણ વિપુલ સંખ્યામાં નવાણુંયાત્રા શરૂ કરી. પૂજ્યશ્રીના માત્ર શ્રમણવૃંદમાં ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રાની શૃંખલા સળંગ નવ વાર યોજાઇ, તો અન્ય શ્રમણ શ્રમણી-ભગવંતોએ અનુકૂળતાનુસાર



Book No. 109 Prastavna Parimal / Starting pages / 4 June 2025

ચોવિહાર છટ્ઠ સહ સાત યાત્રા-અટ્ઠમ સહિત અગિયાર યાત્રાનો સિલસિલો જારી રાખ્યો. ખરી કમાલ સર્જાઇ શ્રાવક-શ્રાવિકાવર્ગની નવાણુંયાત્રામાં. ત્યાં એક શ્રાવકે ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા-ઉપર એક બિયાસણું-ઉપર ચોવિહાર છટ્ઠ સાથે સાત યાત્રા : આ ક્રમે સળંગ સાત વાર ચોવિહાર છટ્ઠ સહિત સાત-સાત યાત્રાઓ કરી! આ ખરેખર આશ્ચર્યકારક તપશ્ચર્યા હતી. આ ઉપરાંત અન્ય વિપુલ સંખ્યાના આરાધકોની ચોવિહાર છટ્ઠ સાથેની સાત યાત્રાઓ-અટ્ઠમ સાથેની અગિયાર યાત્રાઓ અલગ.

એક તરફ સામૂહિક નવાણુંયાત્રાનો પ્રારંભ થયો અને બીજી તરફ શરૂ થઇ પાંચ-પાંચ પદયાત્રાસંઘોની શૃંખલા. પૂજ્યશ્રીએ વ્યવસ્થા એ રીતે કરી હતી કે ૯૦ પૈકી ૪૫ જેટલા સંયમીભગવંતો એક પદયાત્રાસંઘમાં પધારે અને અન્ય તેટલા સંયમીઓ નવાણુંયાત્રા અનુષ્ઠાનમાં વિરાજે. બીજા પદયાત્રાસંઘમાં બન્ને સંયમીવર્ગનું સ્થાન પરાવર્તન થાય. જ્યારે પૂજ્યશ્રી સ્વયં તો દરેક પદયાત્રાસંઘમાં નિશ્રાપ્રદાન કરે. દરેક પદયાત્રાસંઘમાં આ ક્રમ રહ્યો. પ્રથમ પદયાત્રાસંઘ યોજાયો શ્રી કદંબગિરિથી શ્રી શત્રુંજયતીર્થાધિરાજનો. ૪૫ સંયમીભગવંતો, સવા ચારસો યાત્રિકો અને સંઘપતિ સ્વજનો સાથે પાંચસો પચાસ આરાધકોના આ પદયાત્રાસંઘમાં પૂજ્યશ્રીએ શ્રી કદંબગિરિ અને શ્રી શત્રુંજય ગિરિરાજના ઇતિહાસની રસપ્રદ ઘટનાઓ ગૂંથી લેતાં તે પ્રવચનો યાત્રિકો માટે લોહચુંબક જેવા આકર્ષક નીવડ્યા હતા. આવું જ વિશિષ્ટ આકર્ષણ પૂજ્યશ્રીના શિષ્યવૃંદો દ્વારા અને વિખ્યાત સંગીતકારો દ્વારા થતી ભક્તિસંધ્યામાં રહેતું. અબોલ જીવોની વિશિષ્ટ અનુકંપા-સ્થળે સ્થળે સંઘપતિ દ્વારા સાધારણખાતાનું દાન-અતિ ભવ્ય ગિરિરાજવધામણાં-શાનદાર પાલિતાણા નગરપ્રવેશ-ભવ્ય તીર્થમાળ વગેરે યુક્ત આ પ્રથમ પદયાત્રાસંઘ ચાર દિવસે સંપન્ન થયો.

પદયાત્રાસંઘ બાદ બીજા જ દિવસથી શરૂ થયો ભાચંદરનિવાસી યુવામુમુક્ષુ કુ. ઋત્વીબેન દક્ષેશભાઇ શાહ (વર્ષ-૨૩)નો દીક્ષામહોત્સવ. વિવિધ મહાપૂજનો-અષ્ટોત્તરીમહાભિષેક-જાજરમાન વર્ષીદાનયાત્રા વરઘોડો-ભવ્ય વિદાય સમારોહ બાદ કા.વદિ તેરશે ઊગતા સૂરજની સાખે તેઓનો પ્રવજ્યાપ્રદાન સમારોહ સિદ્ધગિરિરાજની પુણ્યવંતી ભૂમિ ઉપરના સમવસરણમહામંદિરના ધર્મસંકુલમાં યોજાયો. યુગદિવાકર સમુદાયમાં આ સર્વપ્રથમ પ્રસંગ હતો કે જેમાં દીક્ષાવિધાન સિદ્ધગિરિરાજની

પવિત્રતમ પુણ્યભૂમિની ઉપર થયું હોય ! ભાગ્યવંતા મુમુક્ષુને પૂ.સા. શ્રી ઋષભમિત્રાશ્રીજી મ.રૂપે ઘોષિત કરી તેઓને પૂ.સા.શ્રી વિશ્વરત્નાશ્રીજી-વિશ્વમિત્રાશ્રીજી મ.ના પરિવારના પૂ.સા.શ્રી પ્રિયમિત્રાશ્રીજી મ.ના શિષ્યા કરાયા હતા.

તે પછી ઉપસ્થિત થયો ઉપધાનતપમાળારોપણનો મહોત્સવ. શાનદાર તપસ્વીવરઘોડો-તે જ દિવસે પૂ.સા.શ્રી કલ્પદ્રુમાશ્રીજી મ.ના ભદ્રતપનો સમાપનસમારોહ-મહાપૂજા-બાદશાહી સન્માનસમારોહ બાદ ત્રણ હજારથી વધુ ભાવિકોની ઉપસ્થિતિ વચ્ચે માળમહોત્સવ યોજાયો 'શત્રુંજય-સૂર્યોદયધામ'ની નવસંપાદિત પુણ્યભૂમિ પર. એકદમ સમયબદ્ધ યોજાયેલ આ માળાપરોપણસમારોહ દરમ્યાન શત્રુંજય-સૂર્યોદયધામ ધર્મસંકુલની મુખ્ય શિલાઓની ઉછામણી થતાં દરેક ઉછામણી માતબર થઇ હતી. તે પછી પ્રત્યેક ઉપધાનતપસ્વીને પૂજ્યશ્રીના વરદ હસ્તે માળારોપણ કરાયું હતું.

ઉપધાનમાળારોપણના બીજા જ દિવસે પૂજ્યશ્રીનો વિહાર દ્વિતીય પદયાત્રાસંઘ નિમિત્તે અયોધ્યાપુરમ્‌તીર્થ તરફ થયો. આ પદયાત્રાસંઘમાં અન્ય તમામ આયોજનો તથા સંખ્યાદિ પૂર્વના સંઘ જેવા હતા. આ સંઘના સંઘપતિશ્રીનું ઔદાર્ય એવું હતું કે દરેક સ્થળે સાધારણ દાન લખાવવામાં તેઓ એક જ વાક્ય ઉચ્ચારે : ''સાહેબજી જે ફરમાવે તે દાન કરીશ. મારે ક્યાં ય આંક બોલવાનો જ નથી. કેમ કે આ સંઘ સાહેબજીની કૃપાનું પરિણામ છે.'' આ એ સંઘપતિ હતા કે જેમણે શત્રુંજય-સૂર્યોદયધામ ધર્મસંકુલમાં સર્વપ્રથમ લાભ શ્રાવકઉપાશ્રયના મુખ્ય નામાંકનનો લઇ મંગલાચરણ કરાવ્યું હતું. હવે યોજાયો વડોદરાનિવાસી યુવામુમુક્ષુ શ્રી શ્રીરાજકુમાર ચિરાગભાઇ શાહ (વર્ષ-૧૯)નો શાનદાર પ્રવ્રજ્યા-મહોત્સવ. દ્વિતીય પદયાત્રાસંઘની શાનદાર પાલિતાણાપ્રવેશયાત્રાની સાથે જ એમનો ભવ્યાતિભવ્ય વર્ષીદાનયાત્રા-વરઘોડો યોજાયો. હાથીની અંબાડીએ આરૂઢ થઇ નિયત સ્થળે જ વર્ષીદાન આપનાર યુવામુમુક્ષુનો સર્વ મહોત્સવકાર્યક્રમ સરસ સંપન્ન થયા બાદ માગશર શુદિ તેરશે ગિરિરાજ પર તીર્થમાળ અને ચૌદશના પુણ્યદિને એમનો દીક્ષાસમારોહ પણ શ્રી સિદ્ધગિરિરાજ ઉપર જ યોજાયો. સ્થળ હતું સમવસરણ-મહામંદિરની બરાબર સન્મુખનું બાબુનું દેરાસર.

૧૩૦ વર્ષ પ્રાચીન આ જિનાલયના પરિસરમાં મુમુક્ષુની દીક્ષાનો સમારોહ આ સર્વપ્રથમ વાર જ યોજાયો હતો. બન્યું હતું કે બાબુદેરાસરના પરિસરમાં પૂજ્યપાદ પરમગુરુદેવ પરમશાસનપ્રભાવક **આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના ગુરુમંદિરની પ્રતિષ્ઠાનો નિર્ણય થયો હતો. તેનું શુભ મુહૂર્ત આજનું-માગશર શુદિ ચૌદશનું જ હતું. એથી એક તરફ ગુરુમંદિરની પ્રતિષ્ઠા, બીજી તરફ શ્રીરાજકુમારની દીક્ષા, ત્રીજી તરફ નૂતન **પૂ.સા.શ્રી ઋષભમિત્રાશ્રીજી મ.**ની વડીદીક્ષા અને ચોથી તરફ વર્ધમાનતપની ૧૦૦મી ઓળીના પારણામહોત્સવની આમન્ત્રણપત્રિકાનો આલેખનવિધિ : આ ચારે ય ધર્મકાર્યો બાબુ જિનાલયપરિસરમાં મંડપરચના સાથે યોજાયા. ભાવિકોની ભરચક ઉપસ્થિતિ વચ્ચે મુમુક્ષુને રજોહરણપ્રદાનાદિ થયા બાદ અંતે તેઓને **પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય પૂ. નૂતન **મુનિ શ્રી શાશ્વતરત્નવિજયજી** મ. રૂપે ઘોષિત કરાયા. દીક્ષાવિધાન દરમ્યાન જ ગુરુમંદિરપ્રતિષ્ઠા-વડીદીક્ષાવિધિ-પત્રિકાલેખનાદિ સર્વ પ્રસંગો સંપન્ન થયા.

આ ચારે ય ધર્મકાર્યોના મહોત્સવ બાદ તુર્ત પૂજ્યશ્રીનો વિહાર થયો ઘોઘાતીર્થ તરફ. ત્યાંથી પ્રભુપાર્શ્વજન્મપર્વે શત્રુંજયમહાતીર્થનો અક્ષરશઃ ઐતિહાસિક પદયાત્રાસંઘ યોજાયો. પદયાત્રાસંઘના યાત્રિકોની સંખ્યા હતી ૧૨૯૦. યાત્રિકો માટે વ્યવસ્થા હતી **Swiss Tents**ની. જેની રોજેરોજની વ્યવસ્થા કઠિનતમ હોય તે આ **Swiss Tents**ની વ્યવસ્થા આઠે ય દિવસ જરા ય મુશ્કેલ ન બની. યાત્રિકોની **Generation 80%** ૨૨ થી ૫૦ વર્ષના વયજૂથની હતી. જે પ્રમાણમાં ખૂબ અલ્પ મળે. સંઘપતિ અને યાત્રિકો મહદંશ રાજસ્થાની હતા, જ્યારે નિશ્રાદાતા આપણા પૂજ્યશ્રી ગુજરાતી હતા. એમનાં પ્રવચનો ય ગુજરાતી ભાષામાં થતા. છતાં પ્રથમ જ દિવસે પ્રવચનનો માહોલ એવો જામી ગયો કે આઠે ય દિવસ વિરાટ પ્રવચનમંડપ **Before Time** છલોછલ રહેતો. ઘોઘાતીર્થના અને શત્રુંજયતીર્થાધિરાજના રસપ્રદ ઇતિહાસોની સાથે **Heart Touch** શાયરીઓ-સુવાક્યો-દૃષ્ટાંતોની જાણે છોળો ઊછળતી. સંઘપતિનો ઉલ્લાસ એવો અદ્‌ભુત હતો કે તમામ ૧૨૯૦ યાત્રિકોને સુવર્ણની **Chain**ની પ્રભાવના-વિશિષ્ટ **Kits** વગેરે મળી પ્રત્યેકને રૂા. ૨૮ હજારની પ્રભાવના કરાઇ! પૂજ્યશ્રીની નિશ્રાના પદયાત્રાસંઘોમાં આવું ઔદાર્ય આ સર્વપ્રથમ હતું. આ ઉપરાંત માર્ગના દરેક ગામોમાં સાધારણનાં-જીવદયાનાં લાખો રૂપિયાનાં

દાનો અલગ. સંઘ તો Extraordinary હતો જ. પરંતુ સંઘનો પાલિતાણાનગરપ્રવેશ પણ એવો જ Extraordinary હતો. પ્રવેશ સામૈયામાં ૧૦/૧૦ તો ગજરાજ હતા. આ ઉપરાંત બેન્ડો-મંડળીઓની હારમાળાઓ અલગ. આ વર્ષે શત્રુંજયમહાતીર્થે યોજાયેલ સર્વ સંઘોમાં આ પદયાત્રાસંઘ ઔદાર્યની અને વ્યવસ્થાની દૃષ્ટિએ સૌથી શ્રેષ્ઠ હતો. આ સંઘની તીર્થમાળ ગિરિરાજ પર સાનંદ સંપન્ન થઇ.

હવે એક તરફ સામૂહિક નવાણુયાત્રા તીર્થમાળવિધાનાદિ સાથે સંપન્ન થઇ. તો બીજી તરફ ઉપસ્થિત થયો પૂ. સુદીર્ઘતપસ્વિની સા.શ્રી ધ્યાનરસાશ્રીજી મ.નો વર્ધમાનતપની ૧૦૦મી ઓળીનો સમાપનમહોત્સવ. ત્રિદિવસીય અર્હદ્‌મહાપૂજન-અન્યાન્ય અનુષ્ઠાનો-તપોવંદનાદિ કાર્યક્રમ બાદ પારણાદિને ભવ્ય તપોયાત્રાવરઘોડો યોજાયો. તે પછીની ધર્મસભામાં પૂજ્યો દ્વારા વર્ધમાનતપની વિશિષ્ટતાઓ સાથે તપસ્વીની સરસ ઉપબૃંહણા થઇ. તે પછી આવ્યો ચોથો અને શ્રી શત્રુંજયતીર્થાધિરાજનો અંતિમ સંઘ. આ પદયાત્રાસંઘ પણ ઘોઘાતીર્થથી જ આરંભાયો. પરંતુ પૂર્વના સંઘ કરતા આનો Root અલગ લેવાયો હોવાથી સંયમીભગવંતોને નવા નવા ગામ-નગરોના જિનાલયોનો લાભ મળ્યો. આ સંઘની યાત્રિકસંખ્યા હતી સાતસો પચાસ. આ સંઘના પ્રથમ જ દિને પૂ. નૂતન મુનિરાજ શ્રી શાશ્વતરત્નવિજયજી મ.નું વડીદીક્ષાવિધાન સુંદર માહોલમાં થયું. અનેકવિધ સુંદર વ્યવસ્થાઓ-સંઘપતિ દ્વારા ઔદાર્યભર્યા સાધારણાદિદાનો અને પ્રવચનોના જબરજસ્ત માહોલ સાથેના આ પદયાત્રાસંઘનો પાલિતાણા-નગરપ્રવેશ થયો પોષ વદિ તેરશ પ્રભુ આદિનાથદાદાના પવિત્ર નિર્વાણકલ્યાણકદિને. એ જ દિવસે મહાન કાર્ય થયું શત્રુંજય સૂર્યોદયધામ-ધર્મસંકુલના તમામ વિભાગોના મળી કુલ ૧૫૩ શિલાઓના સ્થાપનાસમારોહનું.

વહેલી પ્રભાતથી તે સ્થાને નવગ્રહાદિપૂજનઅનુષ્ઠાન પૂજ્યશ્રીના સંયમીવૃંદની નિશ્રામાં આરંભાઇ ચૂક્યું હતું. બરાબર સવા આઠ કલાકે પૂજ્યશ્રી ભવ્યાતિભવ્ય સામૈયાપૂર્વક તમામ સાતસો પચાસ પદયાત્રિકો સાથે ધર્મસંકુલમાં પધાર્યા. ૧૦૦થી વધુ શ્રમણ-શ્રમણીભગવંતો, અનેક દાનવીર ગુરુભક્તો સહિત લગભગ બે હજાર ભાવિકો અને નયનરમ્ય સંગીતસૂરાવલિ વચ્ચે મન્ત્રોચ્ચારપૂર્વક તમામ શિલાઓની સ્થાપનાવિધિ થઇ ત્યારે ગગનભેદી મન્ત્રોચ્ચારોથી ગિરિરાજ અને ગગનાંગણ સુદ્ધા

ગુંજી ઊઠ્યા. તે પછીનાં પ્રવચનમાં પૂજ્યશ્રીએ મનોરથરૂપે માત્ર વિચાર રજૂ કર્યો કે ‘‘પ્રભુ-ગુરુકૃપા વરસી રહી છે. માટે જ કોઇ વિચાર ન હોવા છતા આવું વિરાટ ધર્મસંકુલ અચાનક નક્કી થયું અને ભૂમિસંપાદન-ખનન-શિલાન્યાસ-**Plan passing** જેવાં કાર્યો પણ જાણે આંખના પલકારમાં થઇ ગયા. દાનની વર્ષા પણ ચમત્કાર ગણાય એટલી ઝડપથી થઇ છે. જો ત્રણ ચાતુર્માસમાં સમગ્ર સંકુલ તૈયાર થઇ જાય તો તે પછીના વર્ષે અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ ઉપરાંત પ્રથમ સામૂહિક ચાતુર્માસ-ઉપધાનતપ-સામૂહિક નવાણુંયાત્રા વગેરે આયોજનો આ ધર્મસંકુલમાં જ કરવાં. અને જો ચાર ચાતુર્માસમાં થાય તો તે પછીના વર્ષે આ તમામ આયોજનો કરવાં.’’

યોગાનુયોગ એ વર્ષો પૂજ્યશ્રીના સંયમજીવનનાં ૫૦માં/૫૧માં વર્ષો હોવાથી ગુરુભક્તોએ ઉત્સ્ફૂર્ત પ્રતિસાદ આપીને તુર્ત જ ત્રણે ય મોટાં આયોજનોનો લાભ લઇ લીધો. એક જ પરિવાર તરફથી સમગ્ર સામૂહિક ચાતુર્માસ, એક જ પરિવાર તરફથી સંપૂર્ણ ઉપધાનતપ અને એક જ પરિવાર તરફથી સમગ્ર સમૂહ નવાણુંયાત્રા ! આમાં એક પણ બાબત પૂર્વઆયોજિત ન હતી. અચાનક જ વિચાર રજૂ થયો અને અચાનક જ લાભોની જય બોલાઇ ગઇ! પ્રભુ-ગુરુકૃપાનો એ પુણ્યપ્રભાવ હતો. આ જ સમારોહમાં પૂ. તપસ્વિની સા.શ્રી ભાવવર્ષાશ્રીજી મ. ના શ્રેણિતપપારણાનો કાર્યક્રમ પણ સંપન્ન થયો. બીજા દિવસે ગિરિરાજ પર તીર્થમાળવિધાન બાદ એક દિવસના અંતરે પૂજ્યશ્રીની વિહારયાત્રા શરૂ થઇ. એ પૂર્વે, સળંગ સાત માસ પાલિતાણાની પુણ્યભૂમિમાં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં ઉપરોક્ત અદ્ભુત આરાધનાઓની શાસનપ્રભાવનાઓની અખંડ શૃંખલા સર્જાઇ.

મહા શુદિ એકમે શરૂ થયેલ પૂજ્યશ્રીની વિહારયાત્રા શંખેશ્વરતીર્થના પદયાત્રાસંઘ માટે હતી. માત્ર પંદર દિવસમાં ઉગ્ર વિહાર સાથે પૂજ્યશ્રી સપરિવાર પધાર્યા વિરમગામ નિકટના **Highway Touch** શ્રી નાગેશ્વરપાર્શ્વનાથ-ધર્મધામતીર્થે. પૂજ્યશ્રીના ગુરુદેવની પ્રેરણાથી સર્જાયેલ આ વિહારધામની સંપૂર્ણ કાયાપલટ માત્ર ચાર માસમાં કરાઇ હતી. આલીશાન બે નૂતન ઉપાશ્રયોનું સંપૂર્ણ નવનિર્માણ, પૂ. સંયમીભગવંતોની વૈયાવચ્ચ અને વિહારસેવકોની સ્થિરતા માટે નૂતન વૈયાવચ્ચભવનનિર્માણ તેમજ જિનાલય-સુશોભનીકરણ થઇ ગયા બાદ આજે તેનો પ્રતિષ્ઠા-ઉદ્ઘાટન સમારોહ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો હતો. સમગ્ર પુનરુદ્ધાર તથા કાયમી વૈયાવચ્ચનો લાભ એક

જ ગુરુભક્ત પરિવારે લીધો હતો. તેમના હસ્તે જિનાલયમાં શ્રી નેમિનાથપ્રભુની તથા દર્ભાવતીતીર્થાધિનાયક શ્રી લોઢણપાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા તેમજ નવનિર્મિત ધર્મસંસ્થાનોનાં ઉદ્‌ઘાટન થયાં.

ત્યાંથી પૂજ્યશ્રી પધાર્યા શ્રી ભોંયણીતીર્થે. આ વર્ષનો કુલ પાંચમો પદયાત્રાસંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં અહીંથી પ્રારંભાયો. સિત્તેર સંયમીભગવંતો, ચારસો પચાસથી વધુ યાત્રિકો અને સિદ્ધગિરિરાજના સંઘો જેવી જ સુચારુ વ્યવસ્થા ધરાવતા આ પદયાત્રાસંઘમાં પૂજ્યશ્રીની પ્રવચનધારા વહી શ્રી શંખેશ્વરપ્રભુના ઈતિહાસ પર. પ્રવચનો અને ભક્તિસંધ્યાની જમાવટ સાથેના આ સંઘનું તીર્થમાળવિધાન શંખેશ્વરમહાતીર્થે થયા બાદ પૂજ્યશ્રીએ વધુ ત્રણ દિવસની સ્થિરતા કરી શ્રી શંખેશ્વરદાદાની વિશિષ્ટ ભક્તિ કરી. કુલ પાંચ દિવસની શ્રી શંખેશ્વરપ્રભુજીની ભક્તિ પછી હવે પૂજ્યશ્રીની વિહારયાત્રાએ કચ્છની દિશા સ્વીકારી.

લગભગ દશેક વર્ષથી પૂજ્યશ્રીનાં અંતરમાં એ ભાવ રમતા હતા કે યોગ આવે ત્યારે કચ્છના પ્રાયઃ કોઈ ગામ બાકાત રાખ્યા વિના સમગ્ર કચ્છની તીર્થયાત્રા કરવી. એથી સાડા ત્રણ માસનો સમય ફાળવીને પૂજ્યશ્રીએ એ તરફનો વિહાર આરંભ્યો. બાવીશ શ્રમણભગવંતો, સોળ શ્રમણીભગવંતો અને દીક્ષાર્થીઓ વગેરે સહિતની એ વિહારયાત્રામાં **લગભગ બસો પચીશથી અધિક જિનાલયોનાં દર્શન-ચૈત્યવંદન-સંધ્યાભક્તિ-યથાશક્ય વિશિષ્ટ જાપ,** લગભગ દરેક સ્થળે સામૈયાં-પ્રવચનો અને ઘણા સ્થળે સંઘનવકારશીઓ, પોતાના ગામોમાં ગુરુદેવની પધરામણી પ્રસંગે મુંબઈના ગુરુભક્તોની ઉપસ્થિતિ અને સામૈયાં-નવકારશી આદિ લાભો, રાધનપુર-ભદ્રેશ્વરજી-વાંકી જેવા વિશિષ્ટ તીર્થોમાં બે બે દિવસની પ્રભુભક્તિ, સંયમી ભગવંતો માટે નિત્ય એકાંતર વાચનાઓ, ઉગ્ર વિહારો છતાં શ્રમણભગવંતોમાં ૭૭/૭૫ જેવી મોટી વર્ધમાનતપઓળી-એકાંતર વીશસ્થાનક ઉપવાસો, શ્રમણી ભગવંતોમાં સળંગ સાતસોથી વધુ આયંબિલ-ઓળીઓ આદિ તપશ્ચર્યાઓ અને પંચમ કર્મગ્રન્થાદિના અર્થો-સંસ્કૃત ચરિત્રવાચનાદિ અભ્યાસ પણ જારી રહ્યો.

કચ્છની એ યાત્રા બાદ જેઠ શુદિ-૧૨ના પૂજ્યશ્રી આદિ ૮૮ સંયમી-ભગવંતોનો અમદાવાદશહેરનો નગરપ્રવેશ અમદાવાદના વિવિધ જૈન સંઘોના ઉપક્રમે અઢળક વિશેષતાયુક્ત વિરાટ સ્વાગતયાત્રા સાથે શાનદાર સ્વરૂપે થયો. તે પછી અમદાવાદના વિવિધ સંઘોમાં સામૈયાં સાથે પૂજ્યશ્રીની પધરામણી-પ્રવચનો,

સામૂહિક માસક્ષમણોની પ્રેરણાઓ, (૧) પંકજ જૈન સંઘ (૨) આંબાવાડી જૈન સંઘ (૩) ઓપેરા જૈન સંઘ (૪) નવકાર-વાસણા જૈન સંઘ (૫) ગૌતમ જૈન સંઘમાં શ્રમણ શ્રમણી ભગવંતો ઉભયના ભવ્ય ચાતુર્માસપ્રવેશો અને અન્યત્ર શ્રમણી ભગવંતોના ચાતુર્માસપ્રવેશો થયા. તેમાં પંકજ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશદિને, યુવામુમુક્ષુ કુ. જૈની શાહ (વર્ષ-૧૫)ને પૂજ્યશ્રીના શ્રીમુખેથી દીક્ષામુહૂર્ત પ્રદાન થયું હતું. **સંયમીભગવંતોના કુલ પચીશ વૃંદોના ચાતુર્માસપ્રવેશ પચીશ સ્થાનોમાં** થયા. તેમાં શ્રી ધર્મવિહાર જૈન સંઘ-પાલડીમાં ચાતુર્માસપ્રવેશ સાથે પૂજ્યશ્રીની પ્રેરણાથી નવનિર્મિત શિખરબદ્ધ જિનાલયના નૂતન શ્રી જિનબિંબાદિનો પણ ભવ્ય સામૈયાં સાથે નગરપ્રવેશ યોજાયો.

શ્રમણભગવંતોનાં ચાતુર્માસમાં દરેક સંઘોમાં વિશાલમેદની સમક્ષ પ્રવચનો-રવિવારીય યુવાશિબિરો-અનુષ્ઠાનો-રાત્રિપ્રવચનોની હારમાળા સર્જાઈ છે. આષાઢ વદિ છઠના સામૂહિક માસક્ષમણપ્રારંભના મંગલદિને પ્રથમ પચ્ચક્ખાણનો સમારોહ યોજાતાં 2700 ભાવિકો અટ્ઠમ અને તેથી વધુ ઉપવાસમાં જોડાયા અને હાલમાં 840 ભાવિકો નિર્વિઘ્નપણે માસક્ષમણપૂર્ણતા તરફ અગ્રેસર છે. તમામ તપસ્વીઓનો સંયુક્ત ઐતિહાસિક શાનદાર વર્ષીદાનયાત્રાવરઘોડો-Riverfront પર હજારોની મેદની વચ્ચે તમામ તપસ્વીઓનો પારણા સમારોહ-દરેક તપસ્વીનું સુવર્ણહારથી બહુમાન ઇત્યાદિયુક્ત ભવ્યાતિભવ્ય માસક્ષમણસમાપન મહોત્સવ આયોજિત થયો છે. આ સાથે નવ વર્ષોમાં પૂજ્યશ્રીની નિશ્રામાં કુલ માસક્ષમણ 3198 થયા છે.

આવી સાતત્યસભર શાસનપ્રભાવનાશ્રેણિ અને પોતાની નિત્યની વિશેષ આરાધનાઓ વચ્ચે પણ પૂજ્યશ્રીએ સાહિત્યસર્જનની ધારા અખંડ રાખી હોવાથી અમે આજના પુણ્યદિને પૂજ્યશ્રીના 105 થી 109 ક્રમાંકના પુસ્તકોનું પ્રકાશન કરવા ભાગ્યશાળી બન્યા છીએ. આ સાથે ધર્મકૃપાપ્રકાશનનો કુલ Mile Stone 198 થી 202 ક્રમાંકનો થયો છે અને માત્ર ત્રણ વર્ષોમાં તે આંક 265ની માતબર સંખ્યાએ પહોંચશે. જે અમારા માટે ગૌરવપ્રદ બીના છે. આ પુસ્તકનાં વાંચન-મનનથી વાચકો શુભના શિખરો સર કરે એ જ અભ્યર્થના.

**વિ.સં.૨૦૮૧, શ્રાવણ શુદિ-૧૧. તા.૫-૮-૨૦૨૫**
**પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનું ૧૨૨મું જન્મપર્વ** } **- ધર્મકૃપા ટ્રસ્ટ**



Book No. 109 Prastavna Parimal / Starting pages / 4 June 2025

# વિ ... ષ ... ય ... દ ... ર્શ ... ન


૧ જો જાગત હૈ સો પાવત હૈ ૧ થી ૧૯

૨ શ્રમણોઽહં થી શુદ્ધોઽહં ૨૦ થી ૩૧

૩ તે મુનિ વંદું ગુણમણિમાલ ૩૨ થી ૪૧

૪ શ્રુતસાગરનાં રત્નો ૪૨ થી ૫૧

૫ આગમોદ્ધારકનાં અજવાળાં ૫૨ થી ૯૨

૬ 'સિદ્ધચક્ર'નો શ્રુતવૈભવ ૯૩ થી ૧૦૬

૭ આત્માથી પરમાત્માની યાત્રાનો આલેખ ૧૦૭ થી ૧૦૯

૮ 'સંબોધ'નો સૂર્યોદય : ૧૧૦ થી ૧૨૦

# ૧

# જો જાગત હૈ
# સો પાવત હૈ...

કલકત્તાની Court ના એક ન્યાયાધીશ ધાર્મિક વૃત્તિના અને ભાવુક મહાનુભાવ હતા. નામ એમનું રાજાબાબુ. નિવૃત્ત થયા પછીના નિત્યક્રમમાં તેઓ નિશ્ચિત સ્થળે Evening Walk રૂપે ચાલતા જતા. એમાં એમની Health પણ સચવાતી અને પ્રવૃત્તિશીલતા ય રહેતી.

એક સાંજની વાત. Evening Walk દરમ્યાન ઘર તરફ પરત આવી રહેલ ન્યાયાધીશના કર્ણપટલ પર અચાનક શબ્દો અથડાયા કે ''राजाबाबु! राजाबाबु! शाम ढलने आइ, अभी तक तूंने दीया नहि जलाया?'' ન્યાયાધીશ ચમક્યા કે અહીં મને નામજોગ કોણ કહી રહ્યું છે? એમણે આસપાસ નજર કરી. પરંતુ કોઈ દેખાયું નહિ. 'ભ્રમ થયો હશે' માનીને તેઓ આગળ ચાલવા માંડ્યા. ત્યાં બીજી વાર એ જ વાક્ય કર્ણપટલ પર ગુંજ્યું. રાજાબાબુની નજર તત્ક્ષણ અવાજ તરફ ગઈ. એમાં ખ્યાલ આવ્યો કે એ શબ્દો Footpathની બાજુની ઝૂંપડપટ્ટીમાંથી આવ્યા હતા. ત્યાં એક માતા એના પુત્ર રાજાબાબુને ઉદ્દેશી આ વાક્ય કહી રહી હતી.

એક જ ક્ષણ અને ન્યાયાધીશનાં મનમાં એ વાક્યે અત્યંત તીવ્રતાથી વિચારોનું ઘમ્મરવલોણું શરૂ કરી દીધું કે 'ખરેખર તો એ વાક્ય મને જ લાગુ પડે છે. જીવનની સંધ્યા ઢળી રહી છે. છતાં મેં હજુ સંન્યાસનો-દીક્ષાનો દીવડો ક્યાં પ્રગટાવ્યો છે?' તીવ્ર મંથનના પરિપાકરૂપે વૈરાગ્યની પરાકાષ્ઠાએ એમણે ત્યાં જ સંસારત્યાગનો નિર્ણય લીધો. એ ઘરે પરત પણ ન ગયા. કો'કની સાથે ઘરે સંદેશો મોકલાવી એ ત્યાંથી જ હિમાલય જતા રહી સંન્યાસી બની ગયા!

આ સાવ સાચી ઘટનામાં ન્યાયાધીશની ભાવુકતા તો સર્વાધિક મહત્ત્વની છે જ. ઉપરાંત અન્ય બે બાબતો પણ ધ્યાનાકર્ષક છે. એક એ કે તે વાક્ય ઉપદેશનાં સ્તરનું નહિ, સાવ સામાન્ય-સૂચનાનાં સ્તરનું

હતું. બીજું એ કે તે વાક્ય ન્યાયાધીશને ઉદ્દેશી નહિ, અન્યને ઉદ્દેશી કહેવાયું હતું. છતાં પ્રબળ વૈરાગ્યનું-સંસારત્યાગનું વંદનીય પરિણામ આવ્યું એનું મુખ્ય કારણ હતું જાગૃતિપૂર્વકનું આત્મહિતમંથન.

જો એક સાવ સામાન્ય અને તે વ્યક્તિને ઉદ્દેશી નહિ કહેવાયેલ વચન પણ આવું ઉત્તમ પરિણામ લાવી શકતું હોય તો જે વચનો સંવેગભરપૂર ઉપદેશાત્મક છે, જે વચનો સંયમીભગવંતોને ઉદ્દેશીને જણાવાયા છે અને જે વચનો તારક શ્રી તીર્થંકરભગવંતોની પાવન વાણી સાથે સંલગ્ન પરંપરાગમસ્વરૂપ છે તે વચનો તો કેવી કલ્પનાતીત કમાલ સર્જી શકે? સમ્યક્ત્વમાં તથા સંયમમાં દૃઢતાથી સ્થિર થયેલ શ્રીમાન્ સિદ્ધર્ષિગણિ અને દુર્જનમાંથી સજ્જનશિરોમણિ બનેલ વંકચૂલ વગેરે આનાં પડકારી ન શકાય તેવાં પ્રમાણો છે. શરત માત્ર અહીં છે જાગૃતિપૂર્વકનાં આત્મહિતમંથનની અને સમ્યક્ પુરુષાર્થની.

સત્ત્વશીલતાપૂર્વક સંયમપંથે સંચરેલ સંયમીભગવંતોમાં આ બન્ને બાબતો વધુ પ્રદીપ્ત બને એ માટે વિ.સં. ૨૦૮૦નાં ચાતુર્માસમાં પાલિતાણાની પુણ્યભૂમિમાં 'વિમલાચલ વાચનાવૈભવ'નું મજેદાર આયોજન થયું. એ વર્ષે સિદ્ધક્ષેત્રમાં ચાતુર્માસસ્થિત અમારા સહિતના ઘણા આચાર્ય ભગવંતોની નિશ્રામાં સમૂહ ચાતુર્માસ-ઉપધાનતપ-નવાણું તથા તેને સંલગ્ન અઢળક આયોજનો ગૃહસ્થવર્ગની મુખ્યતાએ થયા અને હજુ પણ થઇ રહ્યા છે. પરંતુ સંયમીભગવંતોને અનુલક્ષી સામૂહિક સર્વપ્રથમ આયોજન હતું આ 'વિમલાચલ વાચનાવૈભવ'નું. વિવિધ સૂરિભગવંતોએ આ વાચનાશ્રેણિમાં પધારી સંયમીઓને ખૂબ ઉપકારી-ઉપયોગી બને તેવી જે વાચનાઓ ફરમાવી એ પ્રસ્તુત છે આ પુસ્તકમાં. જે ક્રમથી એ વાચનાઓ ફરમાવાઇ એ જ ક્રમથી એનું સારગ્રાહી આલેખન આ પુસ્તકમાં છે. આવો, આપણે એ જ ક્રમથી

એમાંની કેટલીક વાચનાઓનો રસાસ્વાદ માણીએ. અલબત્ત, એમાં પ્રથમ વાચના ભલે અમારી છે. પરંતુ સ્વશ્લાઘા ટાળવા એના ઉલ્લેખથી દૂર રહી બીજી વાચનાથી પ્રારંભ કરીશું :

(૧) આ પુસ્તકમાં બીજી વાચના છે અમારા શિષ્યરત્ન આ. શ્રી વિજય રશ્મિરત્નસૂરિજીની. એમના ગુરુસમર્પણ-પ્રવચનપટુતા-કાર્યકુશલતાદિ ગુણો સર્વત્ર સુવિદિત છે. તેઓ વાચનાના પ્રારંભે સંયમજીવનની મહત્તા છ રીતે એટલી સરસ પ્રસ્તુત કરે છે કે સંયમજીવનની દુર્લભતા અને એનાં સાવધાનીપૂર્વકનાં પાલનની અનિવાર્યતા સચોટપણે હૃદયસ્થ થઈ જાય. 'અનંતા જીવોને જે નથી મળ્યું તે સંયમજીવન આપણને મળ્યું છે' આ પદાર્થની પ્રસ્તુતિ એમણે બે રીતે કરી છે. એક શાસ્ત્રીય શૈલીથી કે 'મનુષ્ય સિવાયની ત્રણ ગતિમાં સંયમજીવનની શક્યતા જ નથી. એથી અનંતાનંત જીવોની સંયમપ્રાપ્તિ માટેની બાદબાકી એમાં જ થઈ જાય છે.' જે મનુષ્યગતિના જીવો શેષ રહ્યા તેમાં તેઓ વર્તમાનના પ્રત્યક્ષ વિશ્વના માનવોના સંદર્ભમાં વસતિગણતરીની શૈલીથી રજૂઆત કરે છે કે 'હાલના વિશ્વની વસતિ સાતસો વીશ ક્રોડ છે. એમાં શ્રમણ-શ્રમણીસંખ્યા પંદરથી સોળ હજાર છે. એનો મતલબ એ થયો કે પ્રત્યેક પોણા ત્રણથી ત્રણ લાખની માનવસંખ્યા સામે શ્રમણ કે શ્રમણી એક જ હોય.' સરેરાશ જીવો માટે શ્રમણત્વ બહુ દુર્લભ છે તેમ આ વિશ્લેષણથી પ્રતીતિ થયા વિના ન રહે. આવી એક નહિ, છ-છ બાબતો તેઓએ દર્શાવી છે.

શ્રમણ અને શ્રમણી, ઉભયનાં જીવનમાં બે તબક્કા મહત્ત્વના છે : એક શિષ્યસ્વરૂપનો અને બીજો ગુરુસ્વરૂપનો. આચાર્યશ્રી બન્ને સ્વરૂપને ગૌરવપ્રદ બનાવે તેવા ગુણોની સરસ વાત કરે છે. સામાન્યપણે શિષ્યત્વને શોભાવવાની વાતો વાચનામાં રજૂ થતી હોય

છે, ગુરુત્વને શોભાવવાની નહિ. પરંતુ તેઓ ગુરુપદનું ગૌરવ ન નંદવાય એની તકેદારી સાથે ગુરુત્વને શોભાવે તેવા ચાર પદાર્થો રજૂ કરે છે : પ્રેમ-પ્રેરણા-પ્રોત્સાહન અને Patience. ગુરુ બનનાર પ્રત્યેક સંયમીમાં આ ચાર બાબતો અનિવાર્યપણે હોવી જ જોઇએ. તો જ ગુરુ શિષ્ય માટે હેત-હિત-હૂંફનો ત્રિવેણીસંગમ બની શકે. એમના ચાર પૈકી એક 'પ' પ્રોત્સાહનના સંદર્ભમાં યાદ કરીએ પૂર્વકાલીન આ.શ્રી નયશીલસૂરિજીને. તેમનામાં પ્રોત્સાહનવૃત્તિ નહિ, બલ્કે ઈર્ષ્યાવૃત્તિ હતી. આથી શિષ્યો પ્રભાવક ચાતુર્માસ કરીને આવ્યા ત્યારે નયશીલસૂરિજીએ પ્રોત્સાહનનો એક અક્ષર પણ ન ઉચ્ચાર્યો. તેમના હાવભાવ પરથી શિષ્યો પામી ગયા કે ગુરુભગવંતને અમારી પ્રગતિ પસંદ નથી. શિષ્યો પ્રોત્સાહનના અભાવે ઉત્સાહશૂન્ય થઇ અંતે પ્રમાદી બની ગયા. ગુરુભગવંતમાં પ્રોત્સાહન ગુણ ન હોય તો કેવાં નુકસાનો થાય તે આ પૂર્વકાલીન ઉદાહરણ દર્શાવી જાય છે. આ સંદર્ભમાં અમે ટાંકીશું એક મજાનું સુવાક્ય કે **"એક નહિ બિરદાવાયેલ સત્કાર્ય નવાં હજારો સત્કાર્યોને ઊગતા જ ડામી દે છે!"**

એક નોંધપાત્ર બાબત એ છે કે ગુરુનાં કર્તવ્યોની આ વાત એવી સજાગતાથી કરાઇ હતી કે આ વાચના બાદ, બે-ત્રણ શ્રમણીવૃંદો અમારાં સ્થાને-ચેન્નઇભવનમાં ગુરુનાં કર્તવ્યો વિશે વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા ઉત્કંઠાથી આવ્યા હતા...

(૨) ત્રીજી વાચના પ્રસ્તુત કરી છે વિદ્વદ્વર્ય આ.શ્રી વિજય અભયચન્દ્રસૂરિજીએ. તેઓ આગમોના-શાસ્ત્રોના વિશદ જ્ઞાતા અધ્યાપનનિરત સરલ અને ગુણાનુરાગી સૂરિવર છે. પાલિતાણાના ગત ચાતુર્માસમાં તેઓ અમારાથી એકદમ નિકટ-પંદર પગલા દૂર મેવાડ ભવનમાં ચાતુર્માસ હતા. એથી વારંવાર સંસર્ગ-વાર્તાલાપ થતા. તે

દરમ્યાન તેમના ઉપરોક્ત ચારે ય ગુણો અમે સુપેરે નીરખ્યા છે-માણ્યા છે. તેઓએ ગુરુતત્ત્વને કેન્દ્રમાં રાખીને મહદંશ વાચના પ્રસ્તુત કરી છે. એમના આ વિષયના સંદર્ભમાં હમણાં જ વાંચેલ એક શાયરી યાદ આવી જાય છે કે :-

''कागजकी किश्तीमें, आज मैं हुं सवार।
इससे ही करना है, मुझे सागर पार।।''

આપણાં વર્તમાન જીવનની કેટકેટલી બાબતો એવી છે કે જે કાગળની નાવ જેવી કમજોર છે. છટ્ઠા સંઘયણની સાવ નબળી શારીરિક સ્થિતિ, પ્રતિકૂળતામાં વ્યાકુળ થઇ જાય અને અનુકૂળતામાં આકર્ષાઇ જાય તેવી નબળી માનસિક સ્થિતિ, પંચમ આરાનો પડતો કાળ, બકુશ-કુશીલ ચારિત્ર, કૂદકે ને ભૂસકે વધતા જતા બહિરંગ દુનિયાનાં આકર્ષણો : આ બધી બાબતો છે કાગળની નાવ. છતાં આપણે એ જ શરીર-મન-ચારિત્રના સહારે ભવસાગર પાર જવા દુન્યવી આકર્ષણોની ભરમાર વચ્ચે નીકળી પડ્યા છીએ. પ્રત્યક્ષપણે કોની સહાયથી થાય ભવપાર? ઉત્તર છે માત્ર સદ્‌ગુરુ જ. પૂર્વાચાર્યોએ સદ્‌ગુરુ માટે સરસ પંક્તિ લખી છે કે ''स्वयं तरंस्तारयितुं क्षमः परम्'' આચાર્યશ્રી એમની વાચનામાં સદ્‌ગુરુને કેમ શિરોધાર્ય બનાવી રાખવા જોઇએ તેનાં નવ કારણો દર્શાવે છે. એ કારણો તો હૃદયસ્પર્શી છે જ. ઉપરાંત એનાં વિશ્લેષણ દરમ્યાન તેઓએ કરેલ કેટલાંક વાક્યપ્રયોગો પણ ખૂબ હૃદયસ્પર્શી છે. આપણે એ વાક્યો પૈકી કેટલાંકની ઝલક નિહાળીએ :

* ગુરુની હિતશિક્ષા/ઠપકો ક્યાં સુધી સાંભળવાનો? જ્યાં સુધી કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી સાંભળવાનો.

* સ્વચ્છંદતાના પરિહાર માટે ગુરુને માથે રાખવાના છે.

ઇચ્છાનિરોધ, એ તપ છે. (મતલબ કે ગુરુનિશ્રામાં રહી સ્વચ્છંદતા ત્યજવી એ મોટો તપ છે.)

* નવકારમન્ત્રનો એક 'ન' બોલવામાં નર્કના સાત સાગરોપમના પાપો ખપે, તેમ ગુરુની 'ના' નો 'ન્' સાંભળવામાં ય અઢળક પાપો ખપે. (શરત માત્ર એટલી કે આપણી ઇચ્છાવિરુદ્ધની એ 'ના'નો સહર્ષ સ્વીકાર થવો જોઇએ.)

* પાંચમા આરાના ગુરુ કદાચ ઉગ્ર-વક્ર-ખામીવાળા હશે તો પણ એમની આજ્ઞાનાં સહર્ષ પાલનથી પરમગુરુ (પરમાત્માની) પ્રાપ્તિ થાય. (યાદ રહે કે ચંડરુદ્રાચાર્ય જેવા ક્રોધી ગુરુનાં આજ્ઞાપાલનથી એમના શિષ્ય ચંદ સમયમાં સ્વયં પરમગુરુ-કેવલજ્ઞાની બની ગયા હતા.)

* જે ગુરુનું વચન અમોઘ કરે-નિષ્ફલ ન જવા દે તેને અમોઘ વચનલબ્ધિ પ્રાપ્ત થાય છે.

આચાર્યશ્રીએ વાચનાનાં અંતિમ ચરણમાં સાત્ત્વિક મન્ત્રોની વાત કરી હતી. એમાં ઘણા સંયમીઓને ખૂબ રસ પડ્યો હતો. અલબત્ત અમારી પસંદગીનો વિષય મન્ત્ર નથી, કેવલ પ્રભુભક્તિ-ગુરુભક્તિ છે. એથી અમે એ કહેવા લાલાયિત છીએ કે ગુરુભક્તિ તરફ લઇ જતાં ઉપરોક્ત સચોટ વાક્યો વાસ્તવમાં મન્ત્ર જેવાં છે. એને સંપૂર્ણ આત્મસાત્ કરનાર સંયમીઓને મન્ત્રસાધનાથી ય ચડી જાય તેવી સિદ્ધિ મળશે એ નિઃશંક છે.

એક નોંધપાત્ર બાબત એ છે કે આ નવે ય બાબતો આચાર્યશ્રીએ કોઇ એક ગ્રન્થમાંથી તારવી નથી. બલ્કે વિવિધ શાસ્ત્રો/પુસ્તકોમાંથી તેઓએ સ્વયં સંકલિત કરી છે. એમનાં આ સંકલનમાં એમની ગુરુતત્ત્વ પ્રત્યેની અભિરુચિ-ઉત્કટ આદર વ્યક્ત થાય છે...

(૩) વર્તમાનના પ્રભાવક સૂરિવરોની શ્રેણિમાં જેમનું સ્થાન-માન છે તે આ.શ્રી વિજય રત્નચન્દ્રસૂરિજી એમની પદાર્થભરપૂર છટ્ઠા ક્રમાંકની વાચનામાં દેહની આસક્તિ તોડવાનો નિર્દેશ કરે છે. આ સંદર્ભમાં એક સરસ વાત કરવી છે કે દેહાતીત અવસ્થા આમ તો સિદ્ધભગવંતનો ગુણ છે. છતાં ચિંતકોએ દેહાતીતશબ્દ બે અર્થમાં પ્રયોજ્યો છે. એક દેહાતીત શબ્દનો અર્થ છે દેહથી પર. આવા દેહાતીત માત્ર સિદ્ધભગવંતો જ છે. બીજા દેહાતીતશબ્દનો અર્થ છે દેહની આસક્તિથી પર. ત્યાગી-વૈરાગી-દેહાત્મભેદજ્ઞાની સંયમીભગવંતો આ અર્થમાં દેહાતીત છે. એમના માટે પંક્તિ લખાઈ છે કે ''દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત.'' સાચા સંયમીની દશા આ હોય. ગજસુકુમાલમુનિ-મેતાર્યમુનિ-સનત્કુમારમુનિ વગેરે આનાં પૂર્વકાલીન ઉદાહરણો છે, તો અમારા સમુદાયમાં થયેલ પંચમ આરાના ધન્ના અણગાર જેવા ઘોર તપસ્વી વૈરાગી પૂ. મુનિવર શ્રી ધનંજયવિજયજી મ. વગેરે દેહ છતાં દેહાતીત અવસ્થાનાં વર્તમાનકાલીન ઉદાહરણો છે.

તેઓ એક વાત માર્મિક કહે છે કે ''મારે કોઈની જરૂર નથી એવા અહંથી બચો અને મારી બધાને જરૂર છે એવા વહેમથી બચો.'' પુણ્યોદયના સમયે થોડી શક્તિ-થોડું સામર્થ્ય વધે ત્યારે કેટકેટલા ય બહિર્જગતના જીવો આ દૂષણોનો ભોગ બને છે. વિવેકી સંયમીભગવંતોએ આનાથી અચૂક બચવું જોઈએ...

(૪) સાતમા ક્રમે આ.શ્રી વિજય ઉદયરત્નસૂરિજી, એમની ગીતરચનાઓમાં જેવા મુલાયમ-હૃદયંગમ શબ્દો છે તેવા મુલાયમ શબ્દોમાં, વાચના પ્રસ્તુત કરે છે. પ્રારંભે ''दो तुंबडाहिं हत्थे०'' ગાથા દ્વારા તેઓ સંયમીની જે ખુમારીનો નિર્દેશ કરે છે તેને બિરદાવવા,

ગાથાથી અલગ શબ્દોમાં છતાં ગાથામાં છલકાય છે તેવી ખુમારી દર્શાવતી, શાયરી ટાંકવાનું મન થાય છે કે :-

ચહેરો ગુલાબની છાબ જોઈએ,
જીવન ખુલ્લી કિતાબ જોઈએ;
ભલે મળે ગોચરીમાં ચાર દાણા,
પણ સિંહ જેવો રૂઆબ જોઈએ...

આચાર્યશ્રીએ સ્વર્ગના સત્તાવીશ ગાડાની કલ્પનાશીલ પંક્તિઓ ટાંકવા વગેરે દ્વારા સંયમીઓને એમની ક્ષતિઓ સુધારવાની જે મુલાયમ પ્રેરણા કરી એનાં અનુસંધાનમાં એક મહત્ત્વની-મજાની સ્પષ્ટતા કરવી છે. વાચનાદાતાનું કાર્ય શિલ્પકાર જેવું હોય છે. શિલ્પી પાષાણ પર ટાંકણાના ઘા ચલાવવા દ્વારા એમાં નજાકતભર્યું શિલ્પ પ્રગટાવે, એમ વાચનાદાતા કઠોર પ્રેરણાઓ-પ્રસંગો દ્વારા નજાકતભર્યું સંયમશિલ્પ કંડારવાની કોશિશ કરે. પરંતુ આવી વાચનાઓના વાચક પોતાની અપરિપક્વતાથી એવું ન માની બેસે કે 'સંયમીઓ વારે વારે રિસાઇ જાય, શાતા ન પૂછો તો ખોટું લાગી જાય, સંઘ તપશ્ચર્યાદિનો એકાદ પ્રસંગ બરાબર ન ઉજવે તો નારાજ થઇ જાય.'

વાસ્તવિકતા આનાથી સાવ વિપરીત પણ હોય છે. એવા એવા સંયમીભગવંતો આજે-અત્યારે આપણી આસપાસ છે કે જેમની નિઃસ્પૃહતા-નિરાડંબરતા-નિરપેક્ષતાને માપવામાં આપણી કલ્પના પણ ટૂંકી પડે. આ લખાય છે તેના બરાબર ૨૪ દિવસ પૂર્વેની એક નમસ્કરણીય ઘટના સંયમીઓ પ્રત્યેના પૂર્વગ્રહો તોડે એવી ટાંકવી છે :

અમારા સાંસારિક બહેનમહારાજના શ્રમણીવૃંદના એક યુવા સાધ્વીજીભગવંત. દીક્ષાના સાડા ત્રણ વર્ષ હજુ હમણા થયા છે.

આયંબિલતપ કરવાનું ફાવે નહિ. પરંતુ સ્વયંસ્ફૂર્ત સત્ત્વશીલતાથી એકેક આયંબિલ કરતા ગયા. આયંબિલમાં જ ખૂબ બધા અને ખૂબ મોટા વિહારો થયા. છતાં દેવ-ગુરુકૃપાથી આયંબિલ જારી રહ્યા. એમના માટે આ બહુ મોટી-ગજાબહારની વાત હતી. છેલ્લે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના યોગ પણ એમણે સળંગ આયંબિલમાં કર્યા છે. અચાનક અમારાં ધ્યાનમાં આવ્યું કે 'આ સાધ્વીજીને સળંગ પાંચસો આયંબિલ પૂર્ણ થવાની આસપાસમાં હશે.' પાલિતાણાના ગત ચાતુર્માસમાં અન્ય અનેક સંયમીભગવંતોની મોટી તપશ્ચર્યાઓની મોટી ઉજવણી થઇ જ હતી. આ બાકી રહી ન જાય માટે અમે એમને પૂછ્યું : ''પાંચસો આયંબિલ ક્યારે પૂર્ણ થાય છે?'' એમણે નમ્રતાથી વાત ટાળતો ઉત્તર આપ્યોઃ ''સાહેબજી! ગણતરી કરીને પછી કહીશ.'' ત્રણેક વાર પૂછ્યું. પણ દરેક વખતે અલગ અલગ રીતે વાત ટાળતા ઉત્તર આવ્યા.

ચોથી વાર પૂછાયું એ દિવસે તેઓ ખૂલીને બોલ્યા : ''સાહેબજી! નાની ય ઉજવણી કરવી નથી. આપ પ્રવચનમાં મારા માટે એક પણ શબ્દ પ્રશંસાનો ન બોલો એ મારી વિનંતિ છે. વાસક્ષેપ કરો. આજે મારે પાંચસોમું આયંબિલ છે. સાથે બીજી વિનંતિ કે પારણું કરવું નથી. જ્યાં સુધી થાય ત્યાં સુધી કરવાની અનુજ્ઞા આપો!'' એ દિવસ હતો કાર્તિક વદિ-તેરશનો. અમારી આંખો છલકાઇ ઊઠી. ''नो कित्तीवण्णसद्दसिलोगट्ठियाए तवमहिट्ठिज्जा, नन्नत्थ कम्म-निज्जरणट्ठाए तवमहिट्ठिज्जा'' આ દશવૈકાલિક આગમની પંક્તિઓ તેઓ ચરિતાર્થ કરી રહ્યા હતા. અખંડ આયંબિલમાં આજે ય આગળ વધી રહેલ એમનું નામ છે સા. શ્રી વિશુદ્ધમિત્રાશ્રીજી. આવા

શ્રમણીભગવંતો માટે આ. શ્રી ઉદયરત્નસૂરિજીની જ પંક્તિ ટાંકીએ કે
"જે શાસનની સોગાત છે, એ શ્રમણીતણી આ વાત છે..."

(૫) અને... હવે લઈશું અગિયારમા ક્રમાંકની વાચના. પ્રમોદગુણસંપન્ન સરલમના આ.શ્રી વિજય આત્મદર્શનસૂરિજી એ વાચનામાં ગુરુભગવંત પ્રત્યે શિષ્યના ત્રણ પ્રકારના ભાવનો નિર્દેશ કરે છેઃ અહોભાવ, આદરભાવ, સદ્ભાવ. અહોભાવમાં પરાકાષ્ઠાનો-ઊછળતો ભક્તિભાવ છે, આદરભાવમાં મધ્યમ સ્તરનો ભક્તિભાવ છે; જ્યારે સદ્ભાવમાં Minimum સ્તરનો ભક્તિભાવ છે. તેઓ કહે છે કે અહોભાવ આવે તો શ્રેષ્ઠ, ન આવી શકે તો આદરભાવ કેળવો; એ ય ન આત્મસાત્ થાય તો સદ્ભાવથી નીચે નહિ જ જવાનું. ગુરુ પ્રત્યેનો સદ્ભાવ તો શિષ્યમાં Minimum યોગ્યતારૂપે જોઈએ જ. અમે આ પદાર્થપ્રરૂપણા પર જરા જુદી રીતે નુક્તેચીની કરીશું કે "નહિ માફ નીચું નિશાન." લક્ષ્ય જ કેળવવાનું છે તો અહોભાવથી નીચું લક્ષ્ય ન જ ચાલે. આ અહોભાવ શિષ્યને અંતે શું આપે તે 'પંચસૂત્ર'ની આ પંક્તિ જણાવે છે કે "अओ परमगुरुसंजोगो, तओ सिद्धी असंसयं." એક ગુજરાતી સદાબહાર Oneliner આ જ વાતને ખૂબીથી રજૂ કરે છે કે "આ જન્મમાં જે ગુરુને ભગવાન માની એમની સેવા કરે છે એને આગામી જન્મમાં સ્વયં ભગવાન ગુરુરૂપે મળે છે!" જાણે કે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ અને શ્રી સીમંધરપ્રભુના શિષ્યત્વનું Reservation આ અહોભાવ કરી આપે છે.

આચાર્યશ્રી અન્ય એક માર્મિક વાત કરે છે સંયમની સફલતા અને સાર્થકતા અંગે. આમ તો બન્ને સમાનાર્થક જેવા શબ્દો છે. પરંતુ તેઓ બે વચ્ચે ભેદ કરી આપે છે કે જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ એ સફલતા

છે અને મોહનીયકર્મનો ક્ષયોપશમ એ સાર્થકતા છે. પહેલાથી પ્રવચન-પુસ્તકલેખન વગેરે મળે. એનાથી લૌકિક દૃષ્ટિએ પ્રસિદ્ધિ મળે. માટે એ અપેક્ષાએ તે સફલતા છે. જ્યારે મોહનીયકર્મના ક્ષયોપશમથી વિષયોની-કષાયોની મંદતા ને આત્મવિશુદ્ધિ પ્રાપ્ત થાય. સંયમ સ્વીકારવનો ખરો Goal આ વિષય-કષાયની મંદતા અને આત્મવિશુદ્ધિ છે. માટે તે અપેક્ષાએ સાર્થકતા છે. આપણો રસ સંયમની સફલતામાં નહિ, સાર્થકતામાં હોવો જોઈએ...

શ્રી શત્રુંજયમહાતીર્થની પવિત્ર છાયામાં 'વિમલાચલવાચનાવૈભવ' વાચનાશ્રેણિ બાદ થોડા સમયનાં અંતરે ''અલૌકિક આગમવાચના'' નામે બીજી વાચનાશ્રેણિ પણ એવા જ ઉત્સ્ફૂર્ત ઉલ્લાસપૂર્વક યોજાઈ હતી. એ વાચનાઓ પણ યથાક્રમે આ જ પુસ્તકમાં વિભાગ-૨ રૂપે અંકિત છે. અલબત્ત, એ આગમવાચનાઓ પૂજ્યપાદ આગમોદ્ધારક આ.ભ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા.ની આગમવાચનાઓ જેવી અભ્યાસમય-પદાર્થખચિત ન હતી, બલ્કે વિષયોને ઉપર ઉપરથી સ્પર્શતી અને થોડાક પદાર્થઆધારિત ઉપદેશાત્મક શૈલીની હતી. હવે આપણે એ વાચનાઓમાંથી બે-ત્રણ વાચનાઓનો યથાક્રમે રસાસ્વાદ માણીએઃ

(ક) એ વિભાગમાં પ્રથમ વાચના છે ૪૧ આગમોનું સંપૂર્ણ અધ્યયન કરનાર આગમપ્રજ્ઞ આ. શ્રી વિજય અભયચન્દ્રસૂરિજીની. આગમોમાં 'છેદ' વિભાગમાં સ્થાન પામતા અને પ્રાયશ્ચિત્ત જેવો ગંભીર વિષય ધરાવતા 'નિશીથ' આગમના કેટલાક પદાર્થો તેઓ સમજાવે છે. તે પૂર્વે તેઓ યોગોદ્વહન જેવી જીવનમાં માત્ર એક વાર થતી આરાધના અંગે સંયમીઓમાં પ્રવર્તતી ઉપેક્ષા-અજ્ઞાનતા પર માર્મિક ટકોરો કરે છે

કે 'સાધ્વીજી ભગવંતોને કુલ સોળ આગમોના યોગોદ્વહન થાય છે. પરંતુ મહદંશ સાધ્વીજીઓ એમ માને છે કે અમે ત્રણ આગમના યોગોદ્વહન કર્યા...' 'આપણે તો એ જ ખ્યાલ રાખીએ છીએ કે મારા મોટા જોગ થઈ ગયા. પરંતુ એમાં શેનો અધિકાર મળ્યો એ ખ્યાલ નથી હોતો..' વગેરે.

આ સંદર્ભમાં અમારે યોગક્રિયાના એ અંશનું સ્મરણ કરવું છે કે જે નાનાથી લઈને મોટા સુધીના દરેક યોગમાં અવશ્ય હોય છે અને Heart જેવાં-કેન્દ્ર જેવાં સ્થાને છે. એ છે દરેક કાયોત્સર્ગ પૂર્વે આવતા સાત ખમાસમણનાં પદો. આ પદોમાં સ્પષ્ટ માર્ગદર્શન છે કે ક્ષમાશ્રમણ અર્થાત્ વડિલ અધિકૃત વાચનાદાતા-ક્રિયાકારક ગુરુભગવંતના હસ્તે તમે-યોગવાહી સંયમીઓ તે તે આગમોને સૂત્રથી-અર્થથી અને તદુભયથી પ્રાપ્ત કરો. તેમાં ઉદ્દેશના સાત પૈકી ત્રીજા ખમાસમણમાં શબ્દપ્રયોગ છે ''जोगं करिज्जाहि''. એનો અર્થ છે 'તમે તે તે આગમપદાર્થોને સૂત્રથી-અર્થથી પ્રાપ્ત કરો.' સમુદ્દેશના સાત પૈકી ત્રીજા ખમાસમણમાં શબ્દપ્રયોગ છે ''थिरपरिचियं करिज्जाहि''. એનો અર્થ છે 'તમે તે તે આગમપદાર્થોને ચિંતન-મનન દ્વારા પારગામી બોધરૂપે સ્થિર-પરિચિત કરો.' અનુજ્ઞાના સાત પૈકી ત્રીજા ખમાસમણમાં શબ્દપ્રયોગ છે ''सम्मं धारिज्जाहि अन्नेसिं च पवज्जाहि गुरुगुणेहिं वुड्ढिज्जाहि नित्थारगपारगा होह.'' આનો અર્થ છે 'તમે તે તે આગમપદાર્થોને સમ્યક્પણે સ્મૃતિમાં રાખો, અન્ય સંયમીઓને વાચનાદિરૂપે એ આગમો આપો, એનાં ફળરૂપે અનેક મહાન ગુણોથી સમૃદ્ધ થઈ સંસારસાગરનો પાર પામો.' કેવી ઉત્તમ-ઉદાત્ત ભાવના

પૂર્વસૂરિભગવંતોએ આ શબ્દો દ્વારા યોગવાહી સંયમીઓ માટે વ્યક્ત કરી છે. કાશ! આપણે આ તરફ વધુ અભિમુખ થઈએ તો કેવું સરસ.

આચાર્યશ્રીએ આ વાચનામાં શ્રી નિશીથસૂત્રની બે ગાથાઓના આધારે, મુમુક્ષુઓને પોતાના શિષ્યાદિ બનાવવાની લાલસાથી ભરમાવવાનાં કારણોની વિસ્તૃત છણાવટ કરી છે. આ સંદર્ભમાં અમારા સ્મૃતિપથમાં આવે છે અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા. નો એક જીવનપ્રસંગ. એમના સમુદાયના ચુસ્ત અનુયાયી શ્રાવકે પોતાના યુવાન સુપુત્રને પૂજ્યશ્રી પાસે ઉપધાન કરવા અને સંયમમાર્ગે આગળ વધારવા પાઠવ્યો. એનાં ઉપધાન થયા, સંયમના ભાવો ય થયા. પરંતુ પછી મુમુક્ષુને ભરમાવવાનું કાર્ય એના પરિચિત અન્ય ગુરુભગવંત દ્વારા થયું. બાધાઓ અપાઈ. યુવાન બદલાઈ ગયો. પરંતુ એને તકલીફ ત્યાં આવી કે એના પિતા અમારા ગુરુદેવોના એવા ચુસ્ત અનુયાયી હતા કે એ કોઈ પણ રીતે પોતાના સુપુત્રને અન્યત્ર દીક્ષા આપવા ધરાર તૈયાર ન જ થયા. યુવાને નિરુપાયે પૂ. યુગદિવાકર ગુરુદેવને પત્ર લખ્યો, પૂજ્યશ્રીએ સમુદાય નહિ, શાસન હૈયે રાખી એના પિતાને પત્ર દ્વારા આજ્ઞા કરી કે 'એને ત્યાં દીક્ષા લેવા દો.' આજે એ મુમુક્ષુ બહુ શિષ્યયુક્ત આચાર્યભગવંત છે.

'યુગદિવાકર' મહાગ્રન્થના આલેખનસમયે આ ઘટનાનો સુદીર્ઘ પત્રવ્યવહાર જ્યારે વાંચ્યો ત્યારે આંખો અશ્રુથી અને અંતર અહોભાવથી ભીનું ભીનું થઈ ગયું કે પૂ. યુગદિવાકરશ્રી કેવા મહાન જેઓ શાસ્ત્રદષ્ટિએ આ નીતિ-રીતિ બરાબર ન હોવાનું જાણવા છતાં

માત્ર શાસનને હૈયે અગ્રતાક્રમ આપી આવું હાર્દિક ઔદાર્ય દાખવી શક્યા!

(૭) આગમવાચનામાં ચોથા ક્રમે છે અમારા પુણ્યસંપન્ન-પ્રભાવસંપન્ન-પરિણતિસંપન્ન શિષ્યરત્ન આ. શ્રી વિજય રશ્મિરત્નસૂરિજીની વાચના. તેઓએ શ્રી સ્થાનાંગસૂત્રઆગમના 'एगे आया' સૂત્રનું અર્થઘટન તાત્ત્વિકસ્વરૂપે-વૈરાગ્યસ્વરૂપે અને સંવેદનાસ્વરૂપે કર્યું છે. આ ત્રણ પ્રકારનાં અર્થઘટનો પૈકી અમારે નિર્દેશ કરવો છે વૈરાગ્યસ્વરૂપનાં અર્થઘટનનો. આજે આપણું શ્રમણજીવન વસતિ વચ્ચે એટલે કે ગામ-નગરાશ્રયી છે. પૂર્વકાળમાં શ્રમણજીવન સાવ એકાકી એટલે કે વનવાસી પણ હતું. જે બલદેવમુનિ વગેરેનાં જીવનપ્રસંગોથી સમજાય છે. તાજેતરમાં એક લેખમાં બલદેવમુનિનો પ્રસંગ આલેખતા અમને હૈયે ભરપૂર સંવેદનાઓ પ્રગટી હતી કે વનવાસી શ્રમણજીવનમાં વૈરાગ્ય-એકત્વભાવ જેટલો આસાન છે એટલો વસતિનાં શ્રમણજીવનમાં આસાન નથી. એમાં ય વળી આજના યુગમાં શિષ્યો-શાસનકાર્યો-સંઘો વગેરેની જવાબદારી એવાં સ્વરૂપે વિસ્તરી છે કે જો ભીતરની સતત સાવધાની-જાગૃતિ ન હોય તો વૈરાગ્યના અર્થનું એકત્વ એટલે કે અલિપ્ત દશા આકાશકુસુમ જેવી અશક્ય બની જાય. અલબત્ત, આ કાળમાં આવી ઉદાહરણીય જાગૃતિ ધરાવનાર મહાપુરુષો ય છે. એની એક ઘટના વિ.સં. ૨૦૪૮માં શંખેશ્વરતીર્થે, પૂ. વિદ્વદ્વરેણ્ય આ.ભ. શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી (ત્યારે પંન્યાસ) ગણિવરે અમને પ્રત્યક્ષ વાર્તાલાપમાં જણાવી હતી તે દર્શાવી છે :

પૂ. બાપજી મહારાજના સમુદાયના પૂ. શાસનહિતૈષી આ.ભ.

શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. તપાગચ્છની બાર પર્વતિથિસંબંધી મૂળ માન્યતામાં પરત આવ્યા ત્યારે એમના પર દબાણ લાવવા વિદ્યાશાળાના અગ્રણી ટ્રસ્ટીએ એમને કહ્યું કે ''જો તમે બે તિથિની માન્યતામાં ફરી આવી જાવ તો વિદ્યાશાળા તમારા હસ્તક રાખું. નહિ તો વિદ્યાશાળામાંથી તમને સાવ બાકાત કરી દઈશ.'' આચાર્યશ્રીએ માર્મિક ઉત્તર આપ્યો કે ''વિદ્યાશાળા મને મોક્ષ આપવાની હોય તો હું એના માટે પરત ફરું. મને મોક્ષ એ નથી આપવાની, કષાયોનો નાશ - સંઘસૌહાર્દ મને મોક્ષ આપશે. વિદ્યાશાળાની મને કોઈ લાલસા નથી !'' આ છે વૈરાગ્યનું એકત્વ કે જેમાં સંસ્થા-નામના વગેરે સર્વ પ્રત્યે અલિપ્ત દશા હોય.

(૮) આગમવાચનામાં પાંચમા ક્રમાંકની વાચના છે સ્પષ્ટ વક્તા આ. શ્રી વિજય ચિદાનંદસૂરિજીની. આચારાંગસૂત્રસંબંધી એમની વાચનામાં એમણે એક સ્થળે '**अत्तहियट्ठयाए**' શબ્દ પર ભાર આપ્યો છે. એનો અર્થ છે 'આત્મહિત માટે'. શ્રમણની તમામ સાધના ન આ લોકનાં સુખ માટે છે, ન પરલોકનાં સુખ માટે છે; ન લોકમાં પ્રસિદ્ધિ વરવા માટે છે, ન લબ્ધિ જેવી ચમત્કારિક શક્તિ પામવા માટે છે. શ્રમણની તમામ સાધના-આચરણા આત્મહિત માટે-કર્મનિર્જરા માટે છે. આત્મહિત માટેની જ આ સાધના છે તેનો નિર્દેશ શ્રી દશવૈકાલિક આગમે '**नन्नत्थ निज्जरणट्ठयाए**' શબ્દો દ્વારા બહુ સ્પષ્ટ અને સરસ કર્યો છે.

વિવિધ સૂરિવરોની વાચનાનું આ આછેરું વિશ્લેષણ પૂર્ણ કરતા ત્રણ સ્પષ્ટતાઓ કરીશું. એક, વાચના અગિયાર-બાર ગુરુભગવંતોની છે. પણ વિસ્તારભયે સર્વનું વિશ્લેષણ નથી કરાયું.

બે, આ વાચનાઓ વિવિધ વિચારસરણી-આચારસરણી ધરાવતા ગુરુભગવંતોની છે. એમની દરેક પ્રસ્તુતિ સાથે અમે સંમત છીએ એમ ન સમજવું. અમે માત્ર 'ગમતાનો કરીએ ગુલાલ'ની નીતિને અનુસર્યા છીએ. ત્રણ, આ વાચનાઓનો એક માત્ર મુખ્ય હેતુ સહુ સંયમીઓ એમના ઉત્તુંગ સંયમજીવનને વધુ ઉત્તુંગ-ઉત્તમ બનાવે તે છે. એના માટે મહત્ત્વની એક બાબત છે જાગૃતિ-સાવધાની-અપ્રમત્તતા. અહીં કહેવાયેલ સમાલોચનાની કે અનુમોદનાની, ઠપકાની કે અહોભાવની, તમામ બાબતોનો સાર એ છે કે સંયમીઓ પોતાના લક્ષ્ય વિશે/ આચાર-વિચાર વિશે સતત જાગૃત રહે. એ માટે શ્રવણ કરનાર-વાચનાર સહુ એક સૂત્ર નજર સમક્ષ રાખે કે ''जो जागत है सो पावत है.''

* * *

મૂર્તિપૂજક જૈનમાત્રના અનન્ય આસ્થાકેન્દ્ર શ્રી શત્રુંજય-ગિરિરાજનાં સાન્નિધ્યમાં યોજાયેલ આ વિશિષ્ટ વાચનાશ્રેણિના ઉદ્‌ગમસ્રોત કહો કે પ્રેરક-પ્રણેતા કહો, એ છે આચાર્ય શ્રી વિજય આત્મદર્શનસૂરિજી. છેલ્લા આઠેક વર્ષથી એમનો અને અમારો આછો આછો પ્રત્યક્ષ-પરોક્ષ પરિચય રહ્યો છે. મુખ્યત્વે એ પરિચય લેખો-પ્રસ્તાવના વગેરે કારણનો હતો. પરંતુ પાલિતાણાના ગત ચાતુર્માસમાં એ પરિચય ગાઢ બન્યો. કેમ કે અમારાં ચાતુર્માસસ્થાન ચેન્નઇભવનથી એમનું ચાતુર્માસસ્થાન સુણતરભવન ખૂબ નિકટ હતું. અવારનવાર મિલન થાય. તેમાં એમના પ્રથમ નજરે તરી આવે એવા ત્રણ ગુણો અમને વિશેષ સ્પર્શી ગયા :

(૧) ગુણાનુરાગ :- એવા એકથી વધુ પ્રસંગોમાં અમે Mark કર્યું

છે કે તેઓએ અન્યોની વિશેષતાઓની શબ્દો જરા ય ચોર્યા વિના દિલથી અનુમોદના કરી છે. વ્યક્તિગત વાર્તાલાપ અને જાહેર સમારોહ, બન્નેમાં અમારું નિરીક્ષણ આ રહ્યું છે. એક પ્રસંગ ટાંકીએ તો, અમે એ ચાતુર્માસ દરમ્યાન પાલિતાણામાં 123 માસક્ષમણ કરાવ્યા. એમણે તુર્ત વિધાન કર્યું કે ‘‘સિદ્ધગિરિરાજની છાયામાં સો વર્ષના ઈતિહાસમાં આ સર્વપ્રથમ સામૂહિક માસક્ષમણો યોજાયા છે.’’ માસક્ષમણ-મહોત્સવની મહાસભામાં સર્વ પૂ. સૂરિવરોએ માસક્ષમણોની જે ઉપબૃહંણા કરી તેમાં તેઓએ કરેલ Wonderful-Powerful વગેરે છ ful અંતવાળા શબ્દોનું રસાળ વિશ્લેષણ ઉપબૃંહણાની દૃષ્ટિએ પણ ધ્યાનાકર્ષક હતું.

**(૨) સરલતા :-** જેવો એમનો ગુણાનુરાગ છે, એવી જ એમની સરલતા છે. કાંઈ વિચારણા હોય-ચર્ચા હોય તો તુર્ત તેઓ અમારા ઉપાશ્રયે વગર કહેણે કોઈ Formality વિના પધારી જાય. એમણે પાલિતાણામાં આ ‘વિમલાચલવાચનાવૈભવ’ ઉપરાંત આગમોની વાચનાશ્રેણિ પણ યોજી હતી. એમના સરલતાગુણનાં કારણે બન્નેમાં લગભગ દરેક સમુદાયના પૂ. સૂરિભગવંતો વાચના આપવા પધાર્યા હતા. પરંતુ બન્નેનાં આયોજનો થઈ રહ્યા હતા ત્યારે પ્રારંભિક પ્રતિસાદ થોડો મોળો હતો. એમણે અમને આ વાત કરી. અમે ત્યારે જ મજબૂત Support આપ્યો. આચાર્યશ્રીની સરલતા એટલી કે એમણે માસક્ષમણમહોત્સવની સભામાં અને વાચનાશ્રેણિઓના પ્રારંભે આનો ખાસ ઉલ્લેખ કર્યો. સરલતા વિના આ શે બને?

**(૩) સહાયકતા :-** ચાતુર્માસપ્રારંભના દિવસોમાં અમે જ્યારે

માસક્ષમણ અભિયાન આરંભ્યું ત્યારે તેઓ સહાયકભાવે સામેથી કહેવા આવ્યા કે ''એક દિવસ અમારે ત્યાં પણ માસક્ષમણનું પ્રવચન કરો. જેમને ભાવના થશે એમને તમારાં આયોજનમાં મોકલીશ.'' આ બહુ ઉમદા સહાયકભાવ હતો. એમને ત્યાં ચાતુર્માસિકતપ અલગ હતો. છતાં એમણે આ ભાવના દર્શાવી. અમારા શિષ્યરત્ન આ. શ્રી રશ્મિરત્નસૂરિજી પ્રવચન માટે ત્યાં ગયા. જે આરાધકો ત્યાંથી જોડાયા એમાંના ત્રણેક આરાધકોએ માસક્ષમણ પૂર્ણ પણ કર્યું.

આ. શ્રી આત્મદર્શનસૂરિજીને સામૂહિક વાચનાઓનો Concept વિચારવા અને અમલમાં લાવવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ આપવા સાથે પૂર્ણવિરામ પૂર્વે એ જ જણાવીશું કે આ પ્રસ્તાવનાલેખન નિમિત્તે તમામ વાચનાઓમાંથી પસાર થવાનો જે અવસર મળ્યો તે અમારા સંયમજીવનને વધુ સરસ-શ્રેષ્ઠ બનાવવાનું પુણ્યનિમિત્ત બની રહો.

• • •

# ૨

# 'શ્રમણોઽહં' થી 'શુદ્ધોઽહં' સુધીની અન્તર્યાત્રા

સવાર-સવારમાં Dining table પર નાસ્તો કરી રહેલ યુવાન Businessman શેઠ પાસે એના બંગલાના Night Watchmanએ આવીને પૂછ્યું : Sir! તમે કાલે Flightમાં પ્રવાસ કરવાના છો?'' શ્રીમંતને આ પ્રશ્ન Watchmanના અધિકારક્ષેત્રની બહારનો લાગ્યો. એણે જરા ઉપેક્ષાથી કહ્યું : ''હા.'' તુર્ત જ એ બોલ્યો : સર! આપ એ પ્રવાસ રદ કરી દો. કારણ કે મેં થોડીવાર પહેલાં એવું સ્વપ્ન જોયું છે કે કાલની Flightમાં બેસેલ તમામ પ્રવાસીઓ Aircrash થતા મૃત્યુ પામ્યા છે.'' યુવાન ઉદ્યોગપતિએ સ્વપ્નની વાત કાલ્પનિક ગણીને હસી કાઢી. પરંતુ આ સંવાદ સાંભળી રહેલ એની પત્નીએ કાલનો પ્રવાસ રદ કરવાનું ધરાર ફરમાન કર્યું. કેમ કે એ કોઇ જોખમ લેવા ચાહતી ન હતી. શ્રીમંતને નિરુપાયે પ્રવાસ રદ કરવો પડ્યો.

અને... બીજે દિવસે ખરેખર એ સ્વપ્ન સાચું ઠર્યું. સવારે નવ વાગ્યે તો T.V. પર Aircrashના સમાચાર Hot Issue બનીને પ્રસારિત થવા માંડ્યા. Watchmanને આશા જાગી કે શેઠનો જીવ બચી ગયો હોવાથી એ મને ચોક્કસ ન્યાલ કરી દેશે. આશાભર્યા હૈયે એ શેઠ-શેઠાણી પાસે ગયો. શેઠે આભાર માનીને એને રૂ. દશ હજારનું Cover ભેટ આપ્યું અને સાથે જ વિલક્ષણ આદેશ કર્યો કે ''આજથી તું મારી નોકરીમાંથી છૂટો. હવે તારે Duty પર આવવાનું નથી.'' શેઠાણી અને Watchman બન્ને સ્તબ્ધ થઇ ગયા કે ઇનામ સાથે આ શિક્ષા કેમ? શેઠે શાંતિથી ખુલાસો કર્યો કે ''તેં મારો જીવ બચાવ્યો એ માટે તને ઇનામ આપું છું અને તેં મારી આજ્ઞાનો-આદેશનો ભંગ કર્યો છે માટે તને નોકરીમાંથી રૂખસદ આપું છું. કારણ કે તને સ્વપ્ન ત્યારે જ આવ્યું હોય કે તું સૂઇ ગયો હોય. મેં તને સૂવા માટે નહિ, જાગતા રહેવા માટે નોકરી

આપી હતી. આ આજ્ઞાનો ભંગ થયો એની તને શિક્ષા છે.''
Watchmanનું મુખ વિલાઇ ગયું...

આ વિચારપ્રેરક દૃષ્ટાંત અહીં-આ સામાચારીપુસ્તકની પ્રસ્તાવનાના આરંભે એટલે ટાંક્યું છે કે શ્રમણસામાચારીમાં પણ પ્રભુઆજ્ઞા અને ગુરુઆજ્ઞા કેન્દ્રસ્થાને છે. આ પુસ્તકના આધારે જ આપણે સામાચારીમાં આજ્ઞા કેન્દ્રસ્થાને હોવાનું વિચારીએ. પુસ્તકના સંયોજકશ્રીએ પ્રારંભે 'સામાચારી' શબ્દની વ્યાકરણપદ્ધતિએ વ્યાખ્યા આપી છે. તેમાં તેઓ લખે છે કે :- ''સામાચારી શબ્દમાં सम् અને आ ઉપસર્ગ બહુ મહત્ત્વના છે. XXX (એમાં) आ= મર્યાદાપૂર્વક એ અર્થસૂચક છે. અર્થાત્ પ્રભુની કે જ્ઞાનીભગવંતોની આજ્ઞાપૂર્વક-આજ્ઞાપ્રમાણે ક્રિયા કરવી. જે ક્રિયા જે સમયે જે મુદ્રામાં જે સૂત્ર-અર્થ અને તદુભયના ઉપયોગપૂર્વક કરવાની કહી છે તે જ રીતે એ કરવી. ક્રિયાઆરાધનામાં આપણો ગમે તેટલો ભાવોલ્લાસ-શ્રદ્ધા હોય તો પણ આપણી ઈચ્છા મુજબ ક્રિયા કરવાની નથી. પરંતુ ગુરુપારતન્ત્ર્ય સ્વીકારી ગુર્વાજ્ઞાધીન બની તે પ્રમાણે જ ક્રિયા કરવાની છે...'' તો સામાચારીના વિશિષ્ટ મર્મજ્ઞ આગમવિશારદ પૂ. પંન્યાસપ્રવર શ્રી અભયસાગરજી ગણિવરની વાચનાનાં ઉદ્ધરણરૂપે અન્યત્ર લખાયું છે કે :- ''સામાચારી આજ્ઞાસાધક હોવી જોઇએ, આજ્ઞાબાધક નહિ. XX બીજાની સામાચારી જોઇને (આપણી) સામાચારી બદલવા જેવી લાગે, અથવા તો અન્ય સામાચારીવાળા આપણી સામાચારી બદલવાનું કહે તો પોતાના ગીતાર્થ ગુરુની સંમતિ વિના ફેરફાર ન કરવો.'' આ બન્ને નિરૂપણો એ દર્શાવવા સક્ષમ છે કે સામાચારીમાં પ્રભુઆજ્ઞા અને ગુરુઆજ્ઞા કેવી મજબૂતરૂપે કેન્દ્રસ્થાને છે.

સામાચારી એટલે સંયમી મહાત્માઓની એવી ઉત્તમ આચારપ્રણાલી કે જે સ્વ અને પર ઉભયનાં આત્મકલ્યાણનું કારણ બને. જયણા વગેરેથી મંડિત આચરણા અને એના દ્વારા પ્રગટતી વિશુદ્ધ પરિણતિ સ્વકલ્યાણનું કારણ બને, તો એ આચરણાનાં દર્શનથી અન્યોનાં હૈયે પ્રગટતી અહોભાવધારા પરકલ્યાણનું કારણ બને. એક નાનકડું ઉદાહરણ જોઈએ : ''पुरओ जुगमायाए, पेहमाणो महीं चरे'' 'આ છે સંયમીઓની આગમોક્ત ચર્યા. આ ચર્યાનું ઉત્તમ પાલન કરી નીચી નજરે જયણાપૂર્વક વિહાર કરી રહેલ મુનિવરોને નિર્જરાનો લાભ થયો, તો એ ચર્યાનાં દર્શનથી પ્રગટેલ અહોભાવમંડિત પરિણામધારાથી તામલિતાપસને સમ્યગ્દર્શનનો અને સદ્ગતિનો લાભ થયો. શ્રી ભગવતીસૂત્રગત આ ઘટના એ સમજાવી જાય છે કે સંયમીઓની આચારપ્રણાલી-સામાચારી સ્વ-પર કલ્યાણનું કેવું આલંબન છે.

'श्रमणोऽहं' આ સામાચારી પુસ્તકમાં પ્રાતઃજાગરણથી લઇને રાત્રિશયન અને રાત્રિકાલીન વિવિધ આચરણાઓ સવિસ્તર પ્રસ્તુત કરાઈ છે. આ ઉપરાંત આમાં કેટલી ય બાબતો એવી પણ રજૂ થઈ છે કે જે સીધેસીધી સામાચારીની વ્યાખ્યામાં ન આવે, છતાં શ્રમણજીવનની સાર્થકતા માટે ખૂબ ઉપયોગી હોય. આવી બાબતો 'ચાલો, ખટખટાવીએ મોક્ષનાં દ્વાર...' જેવા વિભાગમાં નિહાળવા મળે છે. આ બધી બાબતો અહીં માત્ર આચારપ્રણાલીનાં નિરૂપણરૂપે જ પ્રસ્તુત નથી થઈ. બલ્કે એથી ય વિશેષ તે અનુરૂપ ભાવધારાનાં પ્રાગટ્યનું કારણ બને એ લક્ષ્યથી પ્રસ્તુત થઈ છે. સંયોજકશ્રી એટલે જ એમના વક્તવ્યમાં જણાવે છે કે ''એક એક સામાચારીમાં કેવા રહસ્યો રહેલા

છે? તે ખપી પુણ્યાત્માઓનાં ધ્યાનમાં આવે તો પ્રભુ-જ્ઞાનીભગવંતો-ગુરુદેવો-વડીલો અને સંયમયોગની તમામ સમાચારી પ્રત્યે અત્યંત બહુમાન-આદરભાવ અને ભક્તિભાવની છોળો ઉછળવા લાગે.'' સંક્ષેપમાં, એમનું ઉમદા લક્ષ્ય ક્રિયાયોગને ભાવયોગ બનાવવાનું છે. આવો, આપણે ઉત્તમ સમાચારીરૂપ ક્રિયાયોગની અને એને ભાવયોગ તરફ લઇ જતી કેટલીક ઝલકો નિહાળીએ :

* નિદ્રાત્યાગ કરતાની સાથેની જ પ્રથમ આચરણા દર્શાવતા ત્રણ બાબતો અહીં જણાવાઇ છે કે (૧) નમસ્કારમહામન્ત્રનું સ્મરણ (૨) રજોહરણને ભાવપૂર્વક નમન અને (૩) ગુરુનો-વડીલનો ચરણસ્પર્શ. આમાં પ્રારંભે એક આનુષંગિક નિર્દેશ એ કરાયો છે કે સાધુ દ્વારા ઊંઘમાં પડખું ફેરવતા પ્રમાર્જના થાય. જેઓ આરાધનાના ખપી ઉત્તમ સંયમીઓની આચારપરાયણ જીવનશૈલીથી પરિચિત ન હોય એવી વ્યક્તિઓને આ વાંચતા આશ્ચર્ય થાય કે 'શું પડખું ફેરવતા સમયે નિદ્રાધીન અવસ્થામાં રજોહરણ દ્વારા ભૂમિપ્રમાર્જના શક્ય બની શકે?' ઉત્તર છે હા. પ્રમાર્જનાના દઢ સંસ્કારો અને આંતર મનમાં રહેલ જયણા માટેની જાગૃતિની અવ્યક્ત તીવ્ર વૃત્તિનાં કારણે આ અશક્ય લાગતી બાબત શક્ય બની શકે છે. આજે પણ કોઈ કોઈ આરાધનાર્થી સંયમીઓમાં ઓછે-વધતે અંશે નિદ્રામાં ય ભૂમિપ્રમાર્જનાની સાવધાની નિહાળવા મળે છે, તો પૂર્વકાલીન ઇતિહાસોમાં પણ આવી ઘટનાઓ નિહાળવા મળી શકે છે.

યાદ આવે અહીં રાણકપુરતીર્થના પ્રતિષ્ઠાકારક યુગપ્રધાન પૂજ્યપ્રવર આ.ભ.શ્રી સોમસુંદરસૂરીશ્વરજી મ.ની જીવનઘટના. એમના વિરોધીઓએ વિરોધમાં વિવેકભાન ભૂલીને એમની હત્યાનો કારસો

રચ્યો અને એ માટે ભાડૂતી હત્યારો મધ્યરાત્રિએ આચાર્યશ્રીના સંથારા સુધી પહોંચી ગયો. બસ, છરો ચલાવે એટલી જ વાર હતી. ત્યાં આચાર્યશ્રીએ પડખું બદલતા રજોહરણથી ભૂમિપ્રમાર્જના કરી. અજાગૃત અવસ્થામાં ય આચાર્યશ્રીનો આ જીવદયાપરિણામ જોઇ હત્યારો આશ્ચર્યસ્તબ્ધ બની ગયો. હત્યા કરવાનું માંડી વાળી એણે પશ્ચાત્તાપપૂર્વક આચાર્યશ્રીની માફી માંગી. સામાચારીનો એક ઉત્તમ આચાર પાપીઓનું ય કેવું હૃદયપરિવર્તન કરી શકે એ તો આ ઘટનામાં પ્રતિબિંબિત થાય જ છે, ઉપરાંત અજાગૃત અવસ્થામાં પણ સાવધાની કેવું ઉત્કૃષ્ટ આચારપાલન કરાવે એ ય પ્રતિબિંબિત થાય છે.

* સંયમી મહાત્માની ભાવમાતાનાં સ્થાને છે પંચ સમિતિ-ત્રિગુપ્તિ. એથી જ એને અષ્ટપ્રવચન 'માતા' શબ્દથી સંબોધિત કરાય છે. એમાંની તૃતીય માતાનું નિરૂપણ કરતાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય 'યોગશાસ્ત્ર'માં આ શ્લોક ફરમાવે છે કે :-

आसनादीनि संवीक्ष्य, प्रतिलिख्य च यत्नतः।
गृह्णीयान्निक्षिपेद् वा यत्, साऽदानसमितिः स्मृता॥

આમાં એ નિર્દેશ છે કે શ્રમણી-શ્રમણીભગવંતો જે આસનાદિ ઉપકરણો સ્વીકારે કે મૂકે તેનું યત્નપૂર્વક સંવીક્ષણ-પ્રતિલેખન થાય તો જ તે આદાન-નિક્ષેપણસમિતિ ગણાય. કેવો હોય એ યત્ન? કેવી હોય એ જાગૃતિ-સાવધાની? તે અહીં-આ પુસ્તકમાં પ્રતિલેખના-સામાચારીનાં નિરૂપણમાં દર્શાવાઈ છે. ત્યાં જણાવાયું છે કે ''કાળજન્ય શિથિલતા પણ આપણામાં પ્રવેશી ન જાય તે માટે પરમ કરુણાળુ જ્ઞાનીભગવંતોએ પડિલેહણવિધાનમાં બે શબ્દ 'वस्त्रोर्ध्वं-कायोर्ध्वं' મૂક્યા છે. અર્થાત્ પડિલેહણ કરતાં વસ્ત્ર અને શરીર ટટાર રાખવા.'' તે

પછી 'वस्त्रोर्ध्वं' માં એમ સમજાવાયું છે કે તે વસ્ત્ર ન દેહને-ન ભૂમિને કે ન અન્ય પ્રતિલિખિત-અપ્રતિલિખિત વસ્ત્રને સ્પર્શે તે રીતે પ્રતિલેખના કરવી. તો 'कायोर्ध्वं'માં ઉત્કટિકાસને રહી દેહના અવયવો પરસ્પર કે વસ્ત્રને ન સ્પર્શે તે રીતે પ્રતિલેખના કરવાનું જણાવાયું છે. આ ઉપરાંત પ્રતિલેખના સમયે પચ્ચક્ખાણપ્રદાન-સ્વાધ્યાય-વાતચીત વગેરે કાંઈ જ ન કરતાં મૌન રહેવાનું જણાવાયું છે. જે આ બધું કરે તેના માટે 'छण्हं पि विराहगो होइ' પંક્તિ લખીને શાસ્ત્રોએ તેવા સંયમીને ષટ્કાયવિરાધક કહ્યા છે.

યાદ આવે આ સંદર્ભમાં 'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થકારની એક મહત્ત્વપૂર્ણ વાત. એ ગ્રન્થના 'મનોનિરોધઅધિકાર'માં મનને અશુભ ભાવો તરફ દોડતું અટકાવવાના જે કેટલાક Practical અને પ્રભાવશાળી ઉપાયો દર્શાવાયા છે તેમાં એક ઉપાય છે ''चरणक्रियासु व्यापारणैः.'' મતલબ કે સંયમજીવનની પ્રતિલેખનાદિ વિવિધ ક્રિયાઓમાં મનને તન્મયભાવે પ્રવૃત્ત રાખવું. તો એ અયોગ્ય-અનુચિત બાબતોમાં ભટકતું અટકે. પ્રતિલેખનાસંબંધી અહીં જણાવાયેલ ઉપરોક્ત જેવી અનેક બાબતો જો સરસ આત્મસાત્ થાય તો એનાથી મનની સ્થિરતા અને આત્મપરિણતિની વિશુદ્ધિ ચોક્કસ ઉપલબ્ધ થાય...

* ભક્તિયોગ એટલે ભીતરથી ભીના ભીના થવાનો યોગ. અલબત્ત, ક્રિયાયોગ હોય કે જ્ઞાનયોગ : સર્વત્ર ભીતરથી ભાવિત થવાની વાતને જ પ્રાધાન્ય છે જે આપણે પ્રતિલેખનાક્રિયાસંબંધી નિર્દેશોમાં પણ નિહાળ્યું. આમ છતાં સામાન્યતઃ એમ કહી શકાય કે ભક્તિયોગમાં જે સહજતાથી-સરલતાથી ભાવિત થવાય અને ભીતરી ભીનાશ અનુભવાય એ અન્ય યોગો કરતા વિશેષ છે. સંયમીઓની

દૈનિક સામાચારીમાં આ ભક્તિયોગની પ્રધાન ઉપાસના આવે છે જિનાલયનાં દર્શનચૈત્યવંદનાદિમાં. આ પુસ્તકમાં સામાચારીસંબંધી મજાની ચર્ચા કરાઇ છે 'निसिहि'રૂપે. ગૃહસ્થને નિસીહિત્રિક ત્રણ વાર, પરંતુ સંયમીઓને ફક્ત એક વાર. ત્યાં પણ પ્રશ્ન આવે કે ગૃહસ્થને ત્રણ વારના નિસીહિત્રિકમાં જે (૧) સંસારસંબંધી (૨) જિનાલયસંબંધી અને (૩) દ્રવ્યપૂજાસંબંધી પ્રવૃત્તિઓનો ત્યાગ કરાય છે તે તમામ પ્રવૃત્તિઓનો-વ્યાપારોનો સંયમીઓએ તો **Already** ત્યાગ કરી જ દીધો છે. તો એમના એક નિસીહિત્રિકમાં શેનો ત્યાગ હોય? આ પુસ્તકમાં એનું મજેદાર સમાધાન અપાયું છે કે "દેરાસરમાં પ્રભુભક્તિ સિવાયના અન્ય સંયમયોગોનો ત્યાગ કરવા માટે નિસીહિ છે. અર્થાત્ સ્વાધ્યાય-પાત્રપડિલેહણ-પ્રતિક્રમણ-ગોચરી-વૈયાવચ્ચ આદિ અનેક યોગોના ત્યાગ માટે નિસીહિ બોલવાની છે."

જો નિસીહિ દ્વારા આવા આવા સંયમયોગોના પણ ત્યાગનો નિર્દેશ પ્રભુભક્તિમાં હોય તો એ પ્રભુભક્તિ અહં પોષાય-લોકપ્રસિદ્ધિ થાય એવા ગૌણ પણ લક્ષ્યથી હરગિજ ન થાય એની જાગૃતિ સંયમીએ ખાસ કેળવવી જોઇએ. યાદ આવે અહીં એક માર્મિક ઘટના : બે વિભિન્ન સમુદાયના આચાર્યભગવંતોને જિનાલયમાં સાથે ચૈત્યવંદના કરવાનો પ્રસંગ બન્યો. એમાંના એક આચાર્યશ્રીના શિષ્યોનું કંઠમાધુર્ય અને અલગ અલગ રાગો પરનું પ્રભુત્વ કાબિલેદાદ હતું. યોગાનુયોગ સ્તવનનો આદેશ એમના શિષ્યોને મળ્યો. આચાર્યશ્રીએ અન્ય આચાર્યભગવંતને કહ્યું : "તમે કહો એ રાગમાં મારા શિષ્યો સ્તવન ગાશે." આ શબ્દોમાં છૂપો ગર્વ છલકાતો હતો. એ પરખી ગયેલ અન્ય આચાર્યશ્રી બોલ્યાઃ "જે રાગથી વૈરાગ્ય વધે એ રાગથી ગાય!" ભક્તિ કર્મવિભક્તિ માટે છે એ હાર્દ સમજીને તે તન્મયભાવે આરાધાવી જોઇએ...

* કેટલાક શ્રમણસમુદાયોની અધ્યયનપદ્ધતિમાં સૂત્રને ગૌણ અને અર્થને પ્રધાન કરી દેવાય છે. અરે! ઘણી વાર તો માત્ર પદાર્થો સંકલિત કરી અભ્યાસ કરાવી દેવાય છે અને સૂત્રને સાવ કોરાણે મૂકી દેવાય છે : જાણે કે કંઠસ્થીકરણ સમયવ્યય કરાવતી ઝંઝટ ન હોય. અહીં - આ પુસ્તકમાં સૂત્રપોરિસીનાં વિવરણમાં સૂત્રાભ્યાસને બરાબર Highlight કરાયો છે. એ સંબંધી પ્રસ્તુતિઓમાંથી બેનો ઉલ્લેખ કરીએ : ''(૧) છેદગ્રંથોમાં સૂત્ર કે અર્થપોરિસી ન થાય તો તેમાં સૂત્રપોરિસી ન કર્યાનું પ્રાયશ્ચિત્ત વધારે છે અને અર્થપોરિસી ન થાય તો તેનું પ્રાયશ્ચિત્ત તેનાથી ઓછું છે. (૨) મહાનિશીથ સૂત્રમાં તો કહ્યું છે કે XX તીવ્ર જ્ઞાનાવરણીયકર્મનો ઉદય હોય અને તેના પ્રભાવે દિવસે અને રાત્રે બે-બે પ્રહર ભણવા છતાં એક વર્ષે પણ અડધો જ શ્લોક-ગાથા થાય તો પણ સૂત્ર જ યાદ કરવું.'' આવા ઉલ્લેખો વાંચીએ ત્યારે સૂત્રાભ્યાસનો મહિમા જ્ઞાનીદષ્ટિએ કેવો બેમિસાલ છે એની પ્રતીતિ થાય. નિકટના ભૂતકાલમાં જ થયેલ એવા ખ્યાતનામ આચાર્યભગવંતો અમારાં ધ્યાનમાં છે કે જેઓ પર્યાય-પ્રજ્ઞા-પ્રભાવકતાના શિખરે આરૂઢ હોવા છતાં નિત્ય સૂત્રસ્વાધ્યાય કરતા. ઉદાહરણરૂપે સંક્ષિપ્ત ઉલ્લેખ કરીએ અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ પૂજ્યપાદ સચ્ચારિત્રચૂડામણિ આ.ભ.શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મ.સા.નો. તેઓને જોગ પછી આજીવન એ અભિગ્રહ હતો કે સાતસો ગાથાપ્રમાણ શ્રી નંદિસૂત્ર આગમનો મૌનપણે સંપૂર્ણ સ્વાધ્યાય થાય પછી જ પચ્ચક્ખાણ પારવું. આયુષ્યના અંતિમ અઠ્યાશીમા વર્ષે પણ પૂજ્યશ્રીએ આ અભિગ્રહ અખંડ જાળવ્યો હતો..

* સંયમીઓની ગોચરચર્યા માટે જે વિસ્તૃત નિરૂપણો આ પુસ્તકમાં છે તેમાં એક મજાનો માર્ગદર્શક શબ્દ છે 'પ્રથમાલિકા.'

સામાન્યપણે સંયમી માટે 'एगभत्तं च भोयणं' વિધાન છે. આ 'પ્રથમાલિકા'ની વાત ક્ષપક-બાલ-વૃદ્ધ સંયમીઓ માટે છે. શું છે આ પ્રથમાલિકા? આ પુસ્તકમાં એનો ખ્યાલ અપાયો છે કે પૂર્વકાળે પરિવારમાં-સમાજમાં જમણના પ્રસંગ હોય ત્યારે સ્વજનો-સ્નેહીઓ સવારથી તે સ્થાને કામકાજમાં સહાય માટે પહોંચી જાય. મુખ્ય જમણ મધ્યાહ્ને હોય. ત્યાં સુધી જે વૃદ્ધ-બાલાદિ ક્ષુધા સહી ન શકે તેઓ માટે થોડો ટેકો મળે તેવી બે-ચાર દ્રવ્યો પીરસતી પ્રથમ પંગત-પ્રથમ આલિકા રખાય. એ પછી મુખ્ય ભોજન મધ્યાહ્ને થાય. આ છે પ્રથમાલિકા.

સાર એ થયો કે જેઓ ક્ષુધા સહી ન શકે તેવા ક્ષપકાદિ સવારે પોરિસી કે અર્ધપોરિસીએ વાપરે તો પણ બે-ચાર દ્રવ્યથી ટેકા પૂરતું વાપરે. મુખ્યતા તો મધ્યાહ્ન્ ગોચરીની રખાય. યાદ આવે અહીં કાઠિયાવાડપ્રદેશમાં સવાર-સાંજના આહાર માટે પ્રયોજાતા શબ્દો. ત્યાં સવારે જે વપરાય તે 'શિરામણ' અને સાંજે વપરાય તે 'વાળુ' કહેવાય. મતલબ કે જે વળાવવા માટે અને શિરાવવા માટે અર્થાત્ ટેકા પૂરતું વપરાય તે શિરામણ અને વાળુ. આપણી પૂર્વકાલીન ભોજનપરંપરા સાથે આહારચર્યાસામાચારીનો કેવો સુમેળ છે તે આ સરખામણીથી સમજાય છે. એમાં મનસ્વી ફેરફારોથી સામાચારીની આશાતના તો થાય જ છે, ઉપરાંત સ્વાસ્થ્યનાં નુકસાનો પણ થાય છે...

આ પુસ્તકમાં આવી આવી ઘણી રસપ્રદ જાણવા યોગ્ય અને આચરવા યોગ્ય બાબતોનો ખજાનો છે. એની આ પ્રસ્તાવનામાં તો માત્ર ઝલકો છે. એ ઝલકો આત્માર્થી સંયમીઓને સમગ્ર પુસ્તકનાં વાંચન-મનન અને યથાશક્ય આચરણ તરફ લઈ જશે તો આ પ્રસ્તાવનાલેખન ખૂબ સાર્થક ઠરશે. અલબત્ત, આમાં નિર્દિષ્ટ કોઈ કોઈ સામાચારીઓ અન્યાન્ય સમુદાયોમાં અલગ રીતે પણ પળાય છે. પરંતુ આ જ પુસ્તકમાં પૂ. આગમવિશારદ પંન્યાસપ્રવર શ્રી અભયસાગરજી

ગણિવરનું વચન ટાંક્યું છે તેમ, **સામાચારીનો વ્યામોહ કરાય નહિ.**

અહીં સામાચારીનાં વર્ણનોમાં વચ્ચે વચ્ચે કેટલાક હૃદયસ્પર્શી વાક્યો-વિચારો પણ એવા રજૂ થયા છે કે જે વિશેષપણે નૂતન સંયમીઓની દશા અને દિશા બદલવામાં ઉપયોગી નીવડે. બે-ત્રણ આવી ઝલકો પણ નિહાળીએ :

* આધુનિક વિજ્ઞાનના મતે ગુરુત્વાકર્ષણથી બધું જ નીચે પડે છે. પરંતુ ભગવાનનાં શાસનમાં તો ગુરુત્વાકર્ષણથી (=ગુરુતત્ત્વનાં આકર્ષણથી) જીવ અવશ્ય ઊર્ધ્વગામી બને છે.(પૃષ્ઠ-૮)

* મુહપત્તિ ખોલવી એટલે આત્માને ખોલવાનો છે. આત્મા ખૂલે તો અંદરના દોષો દેખાય (પૃષ્ઠ-૨૩)

* બે પ્રકારના અસંજ્ઞી જીવો છે : (૧) મન વગરના અસંજ્ઞી જીવો. (૨) મનવાળા મોક્ષસાધક અસંજ્ઞી જીવો. જે મન હોવા છતાં મનનો ક્યાંય ઉપયોગ કરતા નથી. એમનું મન ગુરુદેવનાં મનને જ આધીન હોય (પૃ. ૩૭)

આ પુસ્તકના સંયોજક વર્ધમાનતપની શતાધિક ઓળીના આરાધક અને અનેક શતાવધાની શિષ્યોના ગુરુવર વિદ્વાન આ.શ્રી નયચન્દ્રસાગરસૂરિજી મ.નો સામાચારીપ્રેમ તો આ પુસ્તકના પાને પાને પ્રગટે જ છે. ઉપરાંત એમની સુવિહિત ગુરુપરંપરાના શિરતાજ પૂજ્યપાદ બહુશ્રુત ગીતાર્થશિરોમણિ આગમોદ્ધારક આચાર્યપુરંદર શ્રીમાન સાગરાનંદસૂરીશ્વરજીમહારાજ તથા પૂજ્યપાદ આગમવિશારદ પંન્યાસપ્રવર શ્રી અભયસાગરજી ગણિવર પ્રત્યેનો આદર પણ પ્રગટે છે. એથી જ એ બન્ને ભગવંતોનાં શાસ્ત્રપરિકર્મિત ચિંતનોની ચાંદની પણ આ પુસ્તકમાં અવસરે અવસરે ઝિલાઈ છે. એકેક ઝલક એની પણ આપણે નિહાળીએ :

(૧) 'पढमं नाणं तओ दया' આ શાસ્ત્રવચનનો બહુ સ્પષ્ટ અર્થ કરતા પૂ. સાગરજી મ. જણાવે છે કે :-"જેના પછી તુર્ત બીજું હોય ત્યાં જ 'ततः' નો પ્રયોગ થાય. XX 'પહેલા વ્યાપાર અને પછી કમાણી.' આમાં કમાણી ક્યારે? બાર મહિના પછી કે વ્યાપાર થાય કે તુર્ત જ? જે જે સમયે વ્યાપાર થતો જાય તે તે ક્ષણે કમાણી થતી જાય. તે જ રીતે જે જે ક્ષણે જ્ઞાન થતું જાય તે તે ક્ષણે આરાધના-ક્રિયાની શુદ્ધિ-વૃદ્ધિ થતી જાય તો તે જ્ઞાન એ જ્ઞાન છે. અન્યથા અજ્ઞાન જ છે..." આ સરસ અર્થઘટન પેલાં શાસ્ત્રવચન સાથે સંગતિ ધરાવે છે કે "एवं खु नाणी चरणेण हीणो, भारस्स भागी न हु सुग्गइए."

(૨) શ્રી ગૌતમાષ્ટકના ચતુર્થ શ્લોકમાં "मिष्टान्नपानाम्बरपूर्णकामाः" પંક્તિ છે. શ્રમણજીવનનાં શૈશવમાં પ્રથમ વાર જ્યારે આ પંક્તિ વાંચી ત્યારે જ એમાં વિલક્ષણતા લાગી કે 'સંયમીઓ મિષ્ટાન્નની ઈચ્છા કરે?' આ પુસ્તકમાં એનું સમાધાન આ શબ્દોમાં મળે છે કે :- "પૂજ્યપાદ પંન્યાસ ગુરુદેવ શ્રી અભયસાગરજી મ. આ પંક્તિનો ઐદંપર્યાય અર્થ કરતા કહેતા કે... મિષ્ટ એટલે સ્વાદિષ્ટ-રસનેન્દ્રિયપોષક નહિ. પરંતુ સંયમજીવનપોષક હોય તે જ સાધુને મિષ્ટ લાગે. અર્થાત્ ગૌતમસ્વામી ભગવાનનાં નામસ્મરણથી નિર્દોષ ગોચરી-શુદ્ધ આહાર-વસ્ત્ર-પાત્રાદિ મળે..." શ્રી દશવૈકાલિક આગમમાં "महु घयं व भुंजिज्ज संजए" પંક્તિનું જે રીતે અર્થઘટન કરાયું છે તેની સાથે ઉપરોક્ત અર્થઘટન ઘણું સામ્ય ધરાવે છે..

પ્રાંતે, આ 'श्रमणोऽहं' પુસ્તકનાં વાંચન-મનનથી આરાધનાર્થી સંયમીભગવંતો ઉત્તમ સામાચારીપાલન કરે અને એના દ્વારા એવી બાહ્ય-આંતર અવસ્થા સર્જે કે એ 'श्रमणोऽहं' થી આગળ વધી 'शुद्धोऽहं' ની અનુભૂતિ કરે. શ્રી જિનાજ્ઞાવિપરીત લખાયું હોય તો તેનું હાર્દિક 'મિચ્છા મિ દુક્કડં.'

• • •

# ૩

# તે મુનિ વંદું ગુણમણિમાલ...

વિશ્વની જીવંત આઠમી અજાયબી સમા જૈન શ્રમણના લોકોત્તર અને લોકોત્તમ જીવનના સંદર્ભમાં, ચતુર્દશ પૂર્વધર શ્રુતકેવલી ભગવાન શ્રી શય્યંભવસૂરીશ્વરજી મહારાજે પવિત્ર આગમગ્રન્થ શ્રી દશવૈકાલિક સૂત્રમાં એક અદ્ભુત ગાથા આ પ્રસ્તુત કરી છે કે :-

**नन्नत्थ एरिसं वुत्तं, जं लोए परमदुच्चरं।**
**विउलट्ठाणभाइस्स, न भूअं न भविस्सइ।।**

ભાવાર્થ કે શ્રી તીર્થંકર ભગવંતોને બાદ કરતાં અન્ય કોઈ પણ ધર્મપ્રવર્તકોએ આ સૃષ્ટિમાં આવું-જૈન શ્રમણ જેવું પરમ દુષ્કર-ઉત્તમ જીવન નિરૂપ્યું નથી. જૈન શ્રમણનાં ઉત્કૃષ્ટ જીવનને બિરદાવતા આનાથી વધુ શ્રેષ્ઠ અને વધુ પ્રાચીન શબ્દો અન્ય કોણ હોઈ શકે? આપણે શ્રમણનાં એ અનુપમ જીવનની સાત વિશેષતાઓને 'વિ' અક્ષરથી શરૂ થતા સાત શબ્દોથી સંક્ષેપમાં પિછાણીએ :

**(૧) વિનય :–** પ્રભુશાસને શ્રમણને ગળથૂથીમાંથી જ "**विणयमूलो धम्मो**" જેવા પાઠ એવા જોરદાર શીખવ્યા હોય છે કે વિનયનું એ મૂર્તિમંત સ્વરૂપ હોય એમ લાગે. એક માત્ર ગુરુગૌતમસ્વામીને આ અનુસંધાનમાં યાદ કરીએ કે તેઓ પ્રભુમહાવીરદેવ સમક્ષ કેવી ઉત્કૃષ્ટ વિનયશીલતા દર્શાવતા હતા! શ્રી ભગવતીસૂત્રટીકામાં તેમના માટે આ શબ્દો લખાયા છે કે "**उड्ढं जाणु अहो शिरे.**" અર્થાત્ તેઓ જ્યારે જ્યારે પ્રભુના ઉપનિષદ્‌માં હોય ત્યારે ત્યારે એમનું મસ્તક નીચું હોય અને જાનુ-ઘૂંટણ ઊંચા (ભવાવજાત અવસ્થાયુક્ત) હોય. આસન પાથરીને બેસવાનું સુદ્ધા નહિ : આ એમનો ઉત્કૃષ્ટ વિનય હતો.

**(૨) વિવેક :–** શ્રમણ એટલે જીવંત વિવેકમૂર્તિ. હંસ પાસે જેમ નીર-ક્ષીરનો વિવેક કરવાની શક્તિ હોય છે તેમ શ્રમણ પાસે ય ઉચિત-અનુચિત આવશ્યક-અનાવશ્યક કૃત્ય-અકૃત્ય શાસ્ત્રીય-અશાસ્ત્રીય આચીર્ણ-અનાચીર્ણ લોકઅવિરુદ્ધ-લોકવિરુદ્ધ ઇત્યાદિ દરેક બાબતે ઝળહળતો વિવેક હોય. એથી જ પૂ. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજીગણિવરે 'જ્ઞાનસાર' ગ્રન્થમાં આ પંક્તિપ્રયોગ કર્યો છે કે "**मुनिहंसो विवेकवान्**".

**(૩) વિદ્યા :–** આત્માર્થી શ્રમણોનો ક્ષયોપશમ ભલે તર-તમભાવે હોય, પરંતુ એમનો શ્રુતપુરુષાર્થ તો નેત્રદીપક હોય. ચાર-ચાર પ્રહરનો સ્વાધ્યાય-શ્રુતાભ્યાસ એમનું લક્ષ્ય હોય અને એમાં ક્યાંક ક્ષતિ થઇ જાય તો તેઓ કહે કે "**पडिक्कमामि चाउक्कालं सज्झायस्स अकरणयाए.**"

**(૪) વિધિ :–** વિધિનો અર્થ આપણે કરીશું શાસ્ત્રોક્ત શ્રમણાચારો. આ ઉત્કૃષ્ટ ઉત્તમ આચારોનાં કારણે જ જૈન શ્રમણો ફક્ત જૈનધર્મી વર્ગની નજરમાં જ નહિ, બલ્કે તટસ્થ ગુણાનુરાગી અજૈનવર્ગની નજરમાં ય કેવા આદરપાત્ર બને છે એ આપણે આ જ લેખમાં આગળ નિહાળીશું. અહીં આપણે ટાંકીશું એ શ્રમણાચારોની કષ્ટમયતા-કઠિનતા દર્શાવતું શ્રી દશવૈકાલિકસૂત્રનું આ વિધાન કે "**आयारगोअरं भीमं, सयलं दुरहिट्ठिअं**" એ એમ કહે છે કે શ્રમણોનો આચારમાર્ગ ઘોર કષ્ટમય છે અને મુશ્કેલીથી આરાધી શકાય તેવો છે.

**(૫) વિરાગ :–** ભીતરમાં વિરાગનો ચિરાગ પ્રજ્વલિત થયો હોય તો જ સમજપૂર્વકનો સંયમ અંગીકર કરી શકાય છે અને એ અખંડપણે વધુ ને વધુ પ્રદીપ્ત થાય તો જ સંયમજીવનને સાચા અર્થમાં સફલ કરી

શકાય છે. શ્રમણના વિરાગને સતત જીવંત-જવલંત રાખવાનું કાર્ય કરે છે શ્રી દશવૈકાલિક સૂત્રની પેલી મસ્ત પંક્તિ કે ''**મમત્તભાવં ન કહિં પિ કુજ્જા.**'' એ પંક્તિ આ દિશાનિર્દેશ કરે છે કે વ્યક્તિ હો યા વસ્તુ : શ્રમણે ક્યાં ય મમત્વ-રાગ ન કરવો.

**(૬) વિશુદ્ધિ :–** પ્રવૃત્તિનાં સ્તરે ઉત્તમ આચારનિષ્ઠા અને વૃત્તિનાં સ્તરે વિરાગ હોય ત્યારે એ ચોક્કસ છે કે આત્માનાં સ્તરે વિશુદ્ધિ ઉત્તરોત્તર વિસ્તરતી જાય. 'પ્રશમરતિ' ગ્રન્થકાર આવા શ્રમણ માટે શબ્દપ્રયોગ કરે છે કે ''**પ્રશસ્તયોગૈર્વિશુદ્ધ્યમાનસ્ય.**'' અર્થાત્ એ મહાત્મા પ્રશસ્ત યોગોથી વિશુદ્ધિમાન્ હોય.

**(૭) વિશ્વાસ :–** આમ તો શ્રમણ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે પૂર્ણ વિશ્વાસવંત-શ્રદ્ધાવંત હોય જ. પરંતુ અહીં અમે વિશ્વાસનો અર્થસંદર્ભ ગુરુ-શિષ્યના સંબંધમાં લીધો છે. એનું ભાવવિશ્વ એ ધારામાં રમતું હોય છે કે '**ગુરુદેવ પર મને સંપૂર્ણ વિશ્વાસ જામે ત્યારે મારાં સમર્પણની શરૂઆત થાય છે અને ગુરુદેવને મારા પર સંપૂર્ણ વિશ્વાસ બેસે ત્યારે મારું સમર્પણ શિખરસ્પર્શી બને છે.**'

માત્ર પરમાત્મા શ્રી મહાવીરદેવની જ શ્રમણપરંપરા પર દૃષ્ટિપાત કરીએ તો ત્યાં અનેક એવા શ્રમણપુંગવો મળી આવશે કે જેઓએ પોતાની ઉપરોક્ત વિશિષ્ટતાઓથી સ્વજીવનને ભાવિત કરવા ઉપરાંત રાજા-મહારાજાઓને પ્રભાવિત કરી દઈ શાસનની શ્રેષ્ઠ પ્રભાવના પણ કરી છે. સમ્રાટ સંપ્રતિના પ્રતિબોધક પૂ.આ.શ્રી સુહસ્તિસૂરીશ્વરજી મ., સંવત્ પ્રવર્તક મહારાજા વિક્રમાદિત્યના પ્રતિબોધક પૂ.આ.શ્રી

સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મ., આમરાજાના પ્રતિબોધક પૂ.આ.શ્રી બપ્પભટ્ટિસૂરીશ્વરજી મ., સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલ જેવા બબ્બે સમ્રાટોના પ્રતિબોધક શ્રીમાન્ હેમચન્દ્રાચાર્ય ભગવંત વગેરે આનાં ઉજજવલ ઉદાહરણો છે. અરે! જગદ્ગુરુ પૂ.આ.શ્રી હીરસૂરીશ્વરજી મહારાજે તો અકબર બાદશાહ જેવા મુસ્લિમ રાજવીને પણ અહિંસક બનાવી દેવાનું અદ્ભુત કાર્ય કર્યું હતું.

આ અને આવા આવા અનેક મહાન સૂરિપુંગવોએ રાજપ્રતિબોધ દ્વારા શકવર્તી શાસનપ્રભાવનાઓ કરી એનાં મૂળમાં એમને વરેલી ઉપરોક્ત સાત પૈકી બે વિશેષતાઓને મુખ્ય ગણી શકાય. તે પૈકીની એક છે વિદ્યા અર્થાત્ વિદ્વત્તા. પોતાનાં પ્રગલ્ભ પાંડિત્યથી એ મહાનુભાવોએ સમ્રાટોને અને એમની વિદ્વત્સભાને આંજી દઈ શાસનની સર્વોપરિતા પુરવાર કરી હતી. બીજી વિશેષતા આના કરતા પણ વધુ મહત્ત્વની ગણાય અને તે છે વિધિ અર્થાત્ આચારની ચુસ્ત નિષ્ઠા. પૂ. જગદ્ગુરુવરના કિસ્સામાં તો સ્પષ્ટ જ પ્રતીત થાય છે કે તેઓ પ્રથમ જ મુલાકાતમાં સમ્રાટ અકબરને પ્રભાવિત કરી શક્યા તેમાં મુખ્ય કારણ એમનું ચુસ્ત આચારપાલન હતુ. કાજળની કોટડી જેવા રાજપ્રવાહો વચ્ચે વસવા છતાં ઉપરોક્ત અને એવા અન્ય સૂરિપુંગવો બિલકુલ બે-દાગ જીવન જીવી શક્યા એનું પણ મુખ્ય શ્રેય તેઓની ઉત્તમ આચારનિષ્ઠાને જાય છે.

શ્રમણજીવનના આ ઉત્તમ આચારોનો મહિમા દર્શાવતા સમર્થ શાસ્ત્રકાર પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે એમના ‘સામાચારીપ્રકરણ’ ગ્રન્થની સ્વોપજ્ઞ ટીકાના પ્રારંભે આ યથાર્થ

પંક્તિઓ લખે છે કે ''इह हि भवार्णवे दुःखसहस्त्रवीचिनिचयभीषणे भव्यप्राणिनामाधारश्चारित्रमेव यानपात्रं, तच्च सम्यक्सामाचारी-रूपानुकूलपवनप्रेरितमेव त्वरितं तन्निस्ताराय प्रभवति।'' આ પંક્તિઓ દ્વારા તેઓ એમ જણાવે છે કે સંસારસાગરને સામે કિનારે જવા માટે ચારિત્ર શ્રેષ્ઠ વહાણ છે ખરું. પરંતુ એ વહાણ પણ સમ્યક્ સામાચારી (=શ્રમણાચાર)રૂપ અનુકૂલ પવનથી પ્રેરિત થાય તો જ ઝડપથી ભવસાગરને પાર લઈ જાય! શ્રમણાચારોને અનુકૂલ પવનની ઉપમા આપીને તેઓએ શ્રમણાચારોની ઉપયોગિતાને-મહત્તાને અત્યંત મજબૂતપણે પ્રતિપાદિત કરી છે.

અહીં-આ ગ્રન્થમાં એ શ્રમણાચારોને ખૂબ વિસ્તૃતપણે પ્રસ્તુત કરાયા છે. અલબત્ત, જેમ 'સામાચારી પ્રકરણ' ગ્રન્થમાં ઇચ્છાકારાદિ દશ સામાચારીને જ અનુલક્ષીને સમગ્ર નિરૂપણ છે કે 'ઓઘનિર્યુક્તિ' ગ્રન્થમાં જેમ ઓઘસામાચારીનું નિરૂપણ છે તેમ આ ગ્રન્થમાં કોઈ ચોક્કસ શાસ્ત્રને લક્ષ્યમાં રાખી તે વિષયની સામાચારીનું જ નિરૂપણ નથી. પરંતુ અલગ અલગ શાસ્ત્રોમાં અઢળક આચારવિષયક બાબતોનું, વર્તમાનકાલીન શ્રમણોના વ્યવહારો પર સીધી અસર કરતી અનેકાનેક બાબતોનું, તેમજ આચારપરિણતિને વિકસ્વર કરે તેવાં વિવિધ પુસ્તકોનાં ઉપદેશક વચનોનું આમાં સુંદર સંકલન છે.

કુલ ચાર અવાંતર વિભાગોમાં વિભક્ત આ ગ્રન્થના પ્રથમ વિભાગમાં નિદ્રાત્યાગથી લઈને સંથારાશયન સુધીની પ્રાયઃ તમામ બાબતોનું માર્ગદર્શન છે, તો દ્વિતીય વિભાગમાં વિહાર-ગોચરી-આહારવિવેક-માંડલી-કાપ-શાસ્ત્રાભ્યાસ-જાપ-પ્રવચન-પ્રાયશ્ચિત્તકારણ વગેરે શેષ બાબતોનું માર્ગદર્શન છે; તૃતીય વિભાગમાં

જિનમંદિરસંબંધી આશાતનાઓ-ગુરુસંબંધી આશાતનાઓ-ગુરુવંદનલાભ-લોચ-યોગોદ્વહન-સૂતક વિચાર-અસજ્ઝાય વિચાર-મુદ્રાવિજ્ઞાન-અષ્ટપ્રવચનમાતા-નવબ્રહ્મચર્ય- ગુપ્તિ-દશયતિધર્મ-દશવિધ સામાચારી-ચક્રવાલ સામાચારી-ચરણસિત્તરિ-કરણસિત્તરિ-બાર ભાવના-બાવીશ પરિષહ-મહાવ્રતોની પચીશ ભાવના વગેરેની સમજ છે, તો ચતુર્થ વિભાગમાં અઢાર હજાર શીલાંગરથ-પચ્ચક્ખાણ-ચાર પ્રકારની ભાષા-તેર ક્રિયાસ્થાનો-તેર કાઠિયા-વીશ અસમાધિ-સ્થાનો-એકવીશ શબલસ્થાનો-ક્રિયાના આઠ દોષ-પાંચ અનુષ્ઠાન-ભાવસાધુત્વના લક્ષણ વગેરેની સમજ છે. આમાંની કેટલી ય બાબતો ખરેખર ધ્યાનાકર્ષક છે. આપણે એમાંથી માત્ર થોડી ઝલકો નિહાળીએ :

* રાત્રિના અંતિમ પ્રહરે જાગૃત થતાંવેંત શ્રમણ સર્વપ્રથમ સાત નવકારમન્ત્રનુ સ્મરણ કરે. સામાન્ય સમજ એવી છે કે સાત નવકારનું સ્મરણ સાત ભયોના નાશ માટે થાય છે. અહીં એ કારણને ગૌણ ગણવાનું જણાવી અન્ય સરસ કારણ જણાવાયું છે કે દર્શનસપ્તકના ક્ષયનાં લક્ષ્યથી સાત નવકારનું સ્મરણ કરવું. આ એવી સરસ ઉત્તમ કલ્પના છે કે જેમાં તે તે સાધક શ્રમણની ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિની ઝંખના અભિવ્યક્ત થાય છે. તો આઠ નવકારનાં સ્મરણમાં અષ્ટ કર્મના ક્ષયનું લક્ષ્ય દર્શાવાયું છે. આ બન્ને લક્ષ્ય દ્વારા એ સંકેત સરસ સૂચિત થાય છે કે શ્રમણનું જીવન મુખ્યતઃ નિર્જરાલક્ષી હોવું જોઈએ.

* 'દશવિધ ચક્રવાલ સામાચારી સાચવી નહિ' આ અતિચાર સૂત્ર પંક્તિનું અર્થઘટન લગભગ વ્યાપકપણે એ થાય છે કે દશવિધ ચક્રવાલ સામાચારી એટલે એની પૂર્વે મુકાયેલ 'ઈચ્છા-મિચ્છાદિ' શબ્દ

દ્વારા નિર્દિષ્ટ ઇચ્છાકારાદિ દશ સામાચારી. 'સામાચારી પ્રકરણ'ની ચન્દ્રશેખરીયા ટીકામાં પણ પ્રારંભે આવો જ નિર્દેશ છે કે "द्वितीया तु प्रकृतग्रन्थे निरूपयिष्यमाणा दशविधचक्रवालसामाचारी।" આ રીતે એમાં પણ'દશવિધચક્રવાલ સામાચારી' શબ્દ દ્વારા ઇચ્છાકારાદિ દશ સામાચારી જ ગ્રહણ કરાઇ છે. પરંતુ અહીં-આ ગ્રન્થમાં 'દશવિધ' અને 'ચક્રવાલ' બે શબ્દો અલગ અલગ ગણી દશવિધ સામાચારી અને ચક્રવાલ સામાચારી બન્ને દશ દશની સંખ્યામાં ભિન્નપણે નિરૂપિત કરાઇ છે. તેમાં દશવિધ સામાચારી એટલે પૂર્વોક્ત ઇચ્છાકારાદિ સામાચારી. અને ચક્રવાલ સામાચારી એટલે ચક્રના ક્રમે શ્રમણના દૈનિક જીવનમાં જોડાયેલ દશ સામાચારી. એનો નિર્દેશ કરતાં અહીં 'પ્રવચનસારોદ્ધાર' ગ્રન્થના ૧૦૧મા દ્વારની ૭૬૮મી ગાથાનો ઉલ્લેખ કરાયો છે કે :-

पडिलेहण-पमज्जण,-भिक्खिरियालोए भुंजणा चेव।
पत्तगधुअण-विहार,-थंडिल आवस्सयाइया।।

આ ગાથાના નિર્દેશ મુજબ (૧) પ્રતિલેખના (૨) પ્રમાર્જના (૩) ભિક્ષાચર્યા (૪) ઈર્યાસમિતિ (૫) આલોચના (૬) ગોચરી (૭) પાત્રપ્રક્ષાલન (૮) બહિર્ભૂમિવિહાર (૯) સ્થંડિલભૂમિનું દૃષ્ટિપ્રમાર્જન અને (૧૦) પ્રતિક્રમણરૂપ દશ બાબતોની ચક્રવાલ સામાચારી દર્શાવાઇ છે.

* વ્યવહારની મહત્તા કેવલીભગવંતો પણ સ્વીકારે તેનું એક મજાનું ઉદાહરણ આ ગ્રન્થમાં પ્રસ્તુત કરતા જણાવાયું છે કે ધારો કે કેવલીભગવંતની જ્ઞાનદૃષ્ટિમાં એક ગોચરી અશુદ્ધ છે. પરંતુ અમાયાવી છદ્મસ્થ શ્રમણ શ્રુતાનુસારે એ ગોચરીને શુદ્ધ સમજીને લાવ્યા હોય તો

કેવલીભગવંત (અશુદ્ધ જાણવા છતાં) એ ગોચરી વાપરે. નહિ તો શ્રુત અપ્રમાણ થાય અને વ્યવહાર નષ્ટ થાય. રે! વ્યવહારની કેવી અદ્‌ભુત મહત્તા!

* શ્રમણે જાપ માટે નવી જાપમાળાનો ઉપયોગ કરવો હોય તો આ ગ્રન્થમાં એ માટે સરસ વિધિનિર્દેશ કર્યો છે કે એ માળા અઢાર અભિષેકથી પવિત્ર કરવી, આચારદિનકર ગ્રન્થના પ્રતિષ્ઠામન્ત્રથી પ્રતિષ્ઠિત કરવી અને સૂરિમન્ત્ર યા વર્ધમાનવિદ્યાથી અભિમન્ત્રિત કરવી.

આ માત્ર ઝલકરૂપ નિર્દેશો છે. આવી ઘણી ઘણી બાબતો આ સંકલિત ગ્રન્થમાં સમાવિષ્ટ છે. આ ગ્રન્થમાં પ્રસ્તુત થયેલ શ્રમણોપયોગી ઉપદેશાત્મક સુવિચારો પણ ખૂબ મનનીય છે. આપણે એની પણ થોડી ઝલકો નિહાળીએ :

* સ્વાધ્યાય એટલે પ્રભુ સાથેનો વાર્તાલાપ. પ્રભુની સાથે વાત કરે એને જગતની વાતો સાંભળવાનો સમય જ ક્યાં હોય?

* મનમાંથી વાસના, ઇન્દ્રિયમાંથી લાલસા, શરીરમાંથી પ્રમાદ અને બુદ્ધિમાંથી (ગલત) આગ્રહ જાય તો કલ્યાણ હથેળીમાં છે.

* સાધુ બનવા સંસાર છોડવો પડે, સિદ્ધ બનવા શરીર છોડવું પડે, પણ શિષ્ય બનવા તો મન છોડવું પડે.

* ગચ્છમાં લાગતા અન્ય દોષો ગૌણ છે. પણ ગુરુને અને ગચ્છને છોડવાનો દોષ બહુ મોટો અને ભયંકર છે...

વિવિધ પદાર્થોની અને ઉપદેશાત્મક સુવિચારોની આવી સુંદર પ્રસ્તુતિ ધરાવતા આ ગ્રન્થનું સંકલન કર્યું છે આચાર્ય શ્રી

નયચન્દ્રસાગરસૂરિજી મહારાજે. વર્ધમાનતપની એકસો બાવન ઓળીના તેઓ આરાધક છે, તો સંયમના અચ્છા ખપી પણ છે. સાંપ્રત જૈન સંઘમાં એમની વિશેષ પ્રસિદ્ધિ છે શિષ્યોનાં હેરતભર્યાં અવધાનનાં કારણે. એમના બાલશિષ્યોએ જાણે રમત રમતા હોય એટલી આસાનીથી શતાવધાન અને દ્વિશતાવધાનના સફલ જાહેર પ્રયોગો કર્યાં છે, તો યુવાશિષ્યે પાંચસો અવધાનો પણ કર્યાં છે!

આવા તપસ્વી-ત્યાગી-જ્ઞાનપ્રેમી આચાર્યશ્રીએ સંકલિત કરેલ આ શ્રમણાચારસંબંધિત ગ્રન્થને હાર્દિક આવકાર આપવા સાથે અમે એ જ અંતરઅભિલાષા વ્યક્ત કરીએ છીએ કે એનાં વાંચન-મનન દ્વારા સહુ આત્માર્થી સંયમીભગવંતો જીવનને ઉત્કૃષ્ટ આચારસંપન્ન બનાવે. એ ઉત્કૃષ્ટ આચારસંપન્ન સંયમીઓનાં દર્શને મુખમાંથી શબ્દો સરી જાય કે "તે મુનિ વંદું ગુણમણિમાલ."

• • •

# ૪

# શ્રુતસાગરનાં રત્નો

શહેરીકરણના સાંપ્રત યુગમાં નજરે તરી આવે એવી મજાની વ્યાવસાયિક પદ્ધતિ નિહાળવા મળે છે Show-Roomની. બજારના હાર્દ સમા વિસ્તારમાં નયનરમ્ય સાજસજ્જા સાથે તૈયાર કરાયેલ એ Show-Roomમાં અલગ અલગ Designના હીરાજડિત અલંકારો એવી ખૂબીપૂર્વક રજૂ કરાતા હોય છે કે દર્શકનાં આંખ-અંતરને એ આકર્ષિત કર્યા વિના ન રહે. કાચના ઝાકઝમાળ Show-case મખમલનાં મસ્ત Box અને એમાં અલગ અલગ આકારના કોરણીભર્યા અલંકારો : નજારો ત્યાં એવો આકર્ષિત બની જાય કે શક્તિ અલ્પ હોય એ ગ્રાહકને ય ક્ષણભર એ મહામૂલા અલંકારો ખરીદવાનું દિલ થઇ જાય.

પણ... આ Show-Roomની નોંધપાત્ર બાબત એ હોય કે ત્યાં અલંકારોના માત્ર નમૂના જ હોય, સંપૂર્ણ માલ નહિ. એ તો ફક્ત Factory માં હોય. છતાં એ નમૂનાની પ્રસ્તુતિ ત્યાં એવી અસરકારક હોય કે શોખીન વ્યક્તિને એ, શક્તિ મુજબ Factoryનો માલ ખરીદવા મજબૂર કર્યા વિના ન રહે.

બસ, અમને લાગે છે કે આ 'શ્રુતસાગરના તીરે તીરે' પુસ્તક પણ શહેરના Show-Room સમું છે. પ્રભુવચનોનું સમ્યગ્ અવગાહન કરીને પ્રાચીન-અર્વાચીન મહાપુરુષોએ જે સશક્ત સર્જનો કર્યા છે એનો આસ્વાદ અહીં અલગ અલગ લેખોનાં માધ્યમે કરાવાયો છે. એમાં ઉત્તરાધ્યયન સૂત્ર-ઋષિભાષિત જેવા આગમો છે, તો ષોડશકપ્રકરણ-લલિત વિસ્તરા-સર્વસિદ્ધાંતસ્તવથી લઇને કુલકસંગ્રહ જેવા અભ્યાસસૂત્રો પણ છે; આજના આ રઘવાટિયા યુગમાં ય રચાતી નવી સંસ્કૃત રચનાઓનો અહીં પુણ્ય પરિચય છે, તો આપણા શ્રુતવારસાની

સાચવણી અંગે ગંભીર અંગુલિનિર્દેશ પણ છે. માત્ર સંસ્કૃત-પ્રાકૃત જ નહિ, ગુજરાતી ભાષામાં પણ આપણા પૂર્વકાલીન પ્રજ્ઞાપુરુષોએ એવું સર્જન કર્યું છે કે જે અવશ્યમેવ ઉલ્લેખનીય બની રહે. એ પૈકી યોગીરાજ આનંદઘનજી મ.-સમર્થ શાસ્ત્રકાર પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.-આત્માનુભૂતિસંપન્ન શ્રી ચિદાનંદજી મ. વગેરે મહાપુરુષોની ગુર્જર રચનાઓનો આસ્વાદ પણ અહીં રસપ્રદ રીતે કરાવાયો છે, તો કેટલીક અર્વાચીન ગદ્યમય ગુર્જર કૃતિઓની ય ઝલકો પ્રસ્તુત કરાઈ છે.

મૂલભૂત રીતે આ પુસ્તકના લેખો, જૈન જગતના સુપ્રસિદ્ધ સામયિક 'કલ્યાણ'ની સંલગ્ન લેખમાળારૂપે આલેખાયેલ છે. જ્ઞાનરસિક વિશાલ સામાન્ય વાચકવર્ગ પ્રભુશાસનના અફાટ -અગાધ શ્રુતસાગરનું એક રમ્ય દર્શનમાત્ર પામી શકે એ આશયથી લખાયેલ એ લેખમાળાનું 'શ્રુતસાગરના તીરે તીરે' નામકરણ ઉક્ત સંદર્ભમાં બિલકુલ યથાર્થ ભાસે છે. આ જ નામથી પુસ્તકાકાર પામેલ એના પ્રથમ ભાગમાં સંસ્કૃત-પ્રાકૃત પ્રાચીન-અર્વાચીન ગ્રન્થોનો અને શ્રુતવારસાની જાળવણીનો વિમર્શ છે, તો આ બીજા ભાગમાં પ્રાચીન-અર્વાચીન ગદ્ય-પદ્ય ગુર્જર કૃતિઓનો રસાસ્વાદ છે. અલબત્ત, પ્રારંભે જ જણાવ્યું તેમ આ પુસ્તકની કક્ષા Show-Roomની છે. અહીં તે તે ગ્રન્થમાં-રચનાઓમાં સમાવિષ્ટ સર્વ બાબતોનું સંપૂર્ણ વિશ્લેષણ નથી. કેમ કે પરિચયગ્રન્થમાં એ જરૂરી પણ નથી અને શક્ય પણ નથી. અહીં છે માત્ર તે તે કૃતિઓની-રચનાઓની થોડી થોડી મધમધુર પ્રસાદી.

એક મહત્ત્વની વાત. દુન્યવી પ્રસાદીની સૌથી મોટી મર્યાદા એ છે કે તેનામાં માત્ર માધુર્યની જ વિશેષતા હોય. એ સિવાય અન્ય કોઈ

વિશેષતા એમનામાં નથી હોતી. જ્યારે આ વિવિધ ગ્રન્થોના પરિચયપ્રસાદીની વાત ન્યારી છે. એનામાં એક નહિ, ચાર ચાર વિશેષતા એવી વિલસે છે કે એની સામે માત્ર માધુર્યની વિશેષતા સાવ ઝાંખી-પાંખી પુરવાર થાય. આપણે ક્રમશઃ નિહાળીએ પરિચયપ્રસાદીની આ ચાર અદ્‌ભુત વિશેષતાઓ :

પહેલી વિશેષતા છે **વિસ્મયનિષ્ઠા.** યાદ રહે કે માધુર્ય પણ આનંદ પ્રગટાવે છે અને વિસ્મય પણ આનંદ પ્રગટાવે છે. કિંતુ વિસ્મયજન્ય આનંદ વધુ પ્રભાવશાળી અને વધુ ટકાઉ હોય છે. એમાં ય જો એ વિસ્મય અધ્યાત્મને સ્પર્શતું હોય તો તો એનો મહિમા અપરિસીમ-ગગનચુંબી બની જાય એમાં કોઈ આશ્ચર્ય નથી. આપણે એક એવી પરિચયપ્રસાદી નિહાળીએ જે પહેલી જ નજરે આપણાં અન્તઃકરણને વિસ્મયવિભોર બનાવી દે. આ પુસ્તકના પ્રથમ (સળંગ ક્રમાંક સત્તાવીશ) લેખમાં લેખકશ્રીએ જેનો ઉલ્લેખ કર્યો છે તેવી એ પ્રસાદી છે યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજની. પહેલા જ પદમાં શ્રીમાન્ આનંદઘનજી મ. ફરમાવે છે કે ‘‘રામ કહો-રહીમ કહો-કૃષ્ણ કહો-મહાદેવ કહો-પારસનાથ કહો કે બ્રહ્મા કહો : આખર તો આ બધાં જ પરમ તત્ત્વનાં નામો એકના એક છે, એનાથી આપણા શુદ્ધ આત્માની જ ઓળખ મળે છે.’’ આ વાંચતાવેંત આપણે ક્ષણાર્ધમાં વિસ્મયસ્તબ્ધ થઇ જઇએ કે ‘હિંદુ-મુસ્લિમ-જૈન વગેરે વિભિન્ન પરંપરાના પરમ તત્ત્વનો મેળ હોઈ જ ક્યાંથી શકે? અને આવું નિરૂપણ એક નીવડેલ જૈન શ્રમણ કરી શકે?’ આ વિસ્મયને અગાધ આનંદમાં પરિણમાવવાનું કાર્ય આનંદઘનજી મ.ના એ પદની આગળની કડી અને લેખકશ્રી દ્વારા કરાવાયેલ એની પરિચયપ્રસાદી બહુ સરસ કરી

આપે છે. 'પદ'માં લખાયું છે કે :-

**નિજ પદ રમે રામ સો કહીયે, રહેમ કરે રહિમાન રી;**
**કરસે કરમ કાન સો કહીયે, મહાદેવ નિર્વાણ રી...**
**પરસે રૂપ સો પારસ કહીયે, બ્રહ્મ ચિહ્‌ને સૌ બ્રહ્મ રી;**
**ઈહવિધ સાધો આપ આનંદઘન, ચેતનમય નિષ્કર્મ રી...**

લેખકશ્રી સરલ ભાષામાં આનું અર્થઘટન આમ કરે કે "જે આત્મામાં રમણ કરે તે રામ, આત્મા પર રહેમ કરે તે રહેમાન, જે આત્માનાં કર્મો કૃષ (કૃશ) કરે એટલે નબળા પાડે તે કૃષ્ણ, જેનો આત્મા નિર્વાણ પામ્યો છે તે મહાદેવ, જે પોતાના સ્વરૂપની સ્પર્શના કરે તે પારસ, જે પોતાના અખંડ રૂપની અભિવ્યક્તિ કરે તે બ્રહ્મા. આમ પરમાત્માના અલગ અલગ નામો એક જ અર્થ બતાવે છે. કર્મરહિત, ચેતનામય, આનંદના સમુદાયરૂપ આત્મા જ પરમાત્મા છે." આ પદ અને પરિચયપ્રસાદી વાંચતા આપણને એ પ્રતીતિ અવશ્ય થાય કે જૈન શ્રમણનું વિચારવિશ્વ કેવું વિશાલ-ઉદાર હોય અને છતાં સિદ્ધાંતોની બાબતમાં કેવું સુરેખ-સુસ્પષ્ટ હોય...

બીજી વિશેષતા છે **વિચારનિષ્ઠા.** આપણા વિચારો ઘણી વાર કદાગ્રહોથી-અસદાગ્રહોથી દૂષિત હોય છે, તો ઘણી વાર ગતાનુગતિકતાથી દૂષિત હોય છે. કદાગ્રહો આપણા વિચારો દૂષિત-ગલત હોય તો ય એને સાચા જ માનવા પ્રેરે અને ગતાનુગતિકતાથી દૂષિત વિચારો ગતાનુગતિક પ્રવૃત્તિમાં જ સાધનાની 'ઈતિશ્રી' માને. ન એમાં એને સંશોધનનો અવકાશ દેખાય, ન એમાં એને સુધારણાની જરૂર દેખાય. આવા દૂષિત વિચારોનું વિસર્જન કરી સંપૂર્ણ વાસ્તવિક અને નક્કર **વિચારનિષ્ઠા** પ્રગટાવવાનું કાર્ય કરે છે આ પરિચયપ્રસાદી.

આ સંદર્ભમાં એક ઉદાહરણ નિહાળીએ પૂ. સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર સંબંધી. આ પુસ્તકના લેખ-૩ (સળંગ લેખ-૨૯)માં તેઓશ્રીમદ્‌ની 'સંજમબત્રીશી' નામે ગુર્જર કૃતિનો પરિચય છે. તેમાં આંતરિક યતનાપરિણામ વિકસાવ્યા વિનાની માત્ર ગતાનુગતિક ક્રિયાને જ મૂઢ દશાથી ધર્મ સમજી લેવાની દૂષિત વિચારણા પર સજ્જડ પ્રહાર કરતાં લખાયું છે કે :-

અંતર-જતના વિણ કિસ્યો, વામ ક્રિયાનો લાગ? ;
કેવલ કંચુક પરિહરે, નિરવિષ ન હુએ નાગ...

આ ગુર્જર પંક્તિ વાંચતા તરત સ્મૃતિપટલમાં ઝબકી ઉઠે આ જ પૂ. મહોપાધ્યાયજીભગવંતે રચેલ 'જ્ઞાનસાર' ગ્રન્થના પરિગ્રહ-ત્યાગાષ્ટકનો શ્લોક. એમાં સંદર્ભ જરાક બદલીને આ જ, કાંચળી ત્યાગતા સર્પની, ઉપમા આપીને એમણે હૈયાંસોંસરવી ઉતરી જાય એવી વાત લખી છે કે :-

चित्तेऽन्तर्ग्रन्थगहने, बहिर्निर्ग्रन्थता वृथा।
त्यागात् कञ्चुकमात्रस्य, भुजङ्गो नहि निर्विषः।।

ભાવાર્થ કે આસક્તિ-આવેશ આદિ અઢળક ગ્રન્થિઓથી ચિત્ત સંકુલ હોય તો બહારની (વેશમાત્રની-ક્રિયામાત્રની) નિર્ગ્રન્થતા વ્યર્થ છે. કાંચળીનો ત્યાગ કરી દેવા માત્રથી સર્પ કદી નિર્વિષ થઇ જતો નથી! આ જ ઉપમા 'સંજમબત્રીશી'ની પૂર્વોક્ત ગુર્જર પંક્તિમાં આપીને તેઓશ્રીમદ્ એ અંગુલિનિર્દેશ કરે છે કે માત્ર પ્રવૃત્તિમાં જ સાધનાની 'ઇતિશ્રી' નથી. એના માટે પ્રવૃત્તિની સાથોસાથ વૃત્તિ પર પણ લક્ષ્ય કેન્દ્રિત થવું જોઇએ. પરિચયપ્રસાદી આપનાર લેખકશ્રી આ કડીની આસપાસ બે નાનકડી સરસ વાત લખે છે કે ''દ્રવ્યક્રિયા સાધુતાનું ખોળિયું છે, યતિધર્મ સાધુતાનો પ્રાણ છે'' અને ''ધર્મની સાચી સમજ

ન હોય તો ક્રિયા કરવા છતાં કોઇ આત્મલાભ થતો નથી...''

ત્રીજી વિશેષતા છે આચારનિષ્ઠા- વૈચારિક ભૂમિકા ચાહે તેવી સશક્ત હોય અને અન્તર્મુખતા તરફ અધ્યાત્મ તરફ ઢળતી લાગતી હોય, પરંતુ જો એમાં આચારનો-ક્રિયામાર્ગનો છેદ ઊડતો હોય તો પ્રભુશાસનને એ શુષ્ક જ્ઞાનદશા માન્ય નથી. સાંપ્રતમાં, પ્રભુશાસનનાં નામે ય કેટલાક આવા પ્રવાહો ચાલે છે જે વાસ્તવમાં પ્રભુશાસનથી યોજનો દૂર છે. કેમ કે ત્યાં આચારનો-ક્રિયામાર્ગનો છેદ છે. આ જ પુસ્તકમાં 'જ્ઞાન-ક્રિયાસંવાદ છત્રીશી'નો પરિચય છે. એમાં એક સ્થળે મૂળ ગાથાની એક પંક્તિ પ્રસ્તુત કરાઇ છે કે ''કિરિયા ઇક સોપાનઇ ઊંચી.'' એની પરિચય પ્રસાદી આપતા લેખકશ્રીએ આ મજાના શબ્દો લખ્યા છે કે ''કેવળજ્ઞાન હોવા છતાં (કેવલીને) મોક્ષ મળતો નથી. અંતે શૈલેશીકરણની ક્રિયા દ્વારા જ મોક્ષ મળે છે. માટે જ્ઞાન કરતા ક્રિયા એક પગથિયું ઊંચી છે.'' સાપેક્ષભાવે જણાવાયેલ આ બાબત એ પ્રતિપાદિત કરવા સક્ષમ છે કે આચારનિષ્ઠા અતિ અગત્ય ધરાવે છે.

આ પુસ્તકમાં પરિચયપ્રસાદીરૂપે જે કડીઓ-પંક્તિઓ ટાંકવામાં આવી છે એમાં ય એવા ભાવો ઠસોઠસ ભર્યા છે જે આપણામાં આચારનિષ્ઠા ઉદ્દીપ્ત કરે. ઉદાહરણરૂપે યાદ કરીએ 'શ્રીપાલરાસ.' આ પુસ્તકના લેખ-૨ (સળંગ લેખ ૨૮)માં, યુદ્ધમાં પરાજિત થયેલ અજિતસેનરાજાના મુખમાં શ્રીપાલરાસની મૂલ પંક્તિઓ એવી મુકાઇ છે જે દીક્ષાનું અર્થાત્ આચારમય સંયમધર્મનું અદ્ભુત મહિમાવર્ણન કરે. સાડા ત્રણ ગાથામાં ત્યાં દીક્ષાને આ રીતે બિરદાવાઇ છે કે પ્રવ્રજ્યા (૧) દુઃખનાં જંગલને રાખ-ખાખ કરનાર આગ છે (૨) મોક્ષવૃક્ષનું મૂળ-કંદ છે (૩) તમામ ગુણસમૂહનું મુખ્ય ગૃહ છે (૪) તમામ દ્વન્દ્વો-સંઘર્ષો

એનાથી નષ્ટ થાય છે (૫) સિદ્ધિપદનું એ આકર્ષણ છે. (૬) સંસારનું એ નિષ્કર્ષણ છે (૭) કષાયોરૂપ પર્વતોને ભેદવામાં એ વજ્ર છે (૮) નોકષાયરૂપ આગને બુઝવવામાં એ મેઘ છે. આ આઠે ય ઉપમાઓને શાંત ચિત્તે ઘૂંટી ઘૂંટીને આસ્વાદીએ તો નથી લાગતું કે આ પ્રસાદી આપણી આચારનિષ્ઠાને દીપ્તિમંત કરે?

ચોથી વિશેષતા છે **અધ્યાત્મનિષ્ઠા.** વૈચારિક ભૂમિકા મજાની હોય, આચારની ભૂમિકા ય મજબૂત હોય; પરંતુ જો ચેતનાને અન્તર્મુખતાનો-અધ્યાત્મનો સંસ્પર્શ ન મળ્યો હોય તો એ બન્ને ભૂમિકા બહુ મોટી કામિયાબી હાંસલ ન પણ કરાવી શકે. એટલે જ સાચા સાધકો અનુભૂતિનાં માધ્યમે એ સંસ્પર્શ ઝંખતા હોય છે. અહીં-આ પુસ્તકમાં, તે તે કર્તાની મૂલ પંક્તિઓનાં અને એની પરિચયપ્રસાદીમાં આવા સંસ્પર્શની તક વારંવાર ધરવામાં આવી છે. ઉદાહરણરૂપે જોઈએ લેખ-૩ (સળંગ લેખ-૨૯) નો સમાપન ભાગ. ત્યાં, પૂ. મહોપાધ્યાયજી ભગવંત રચિત બે કડી પ્રસ્તુત કરાઈ છે કે જેમાં અન્તર્મુખતાનો-અધ્યાત્મનો સંસ્પર્શ થવાની પૂરી તક મળે. ખૂબ મનપસંદ આ કડીનો વાચનામાં અમે ખાસ ઉપયોગ કરીએ છીએ. અધ્યાત્મ સાથે કડી જોડી આપતી એ કડીઓ આ છે કેઃ-

**“દૂર રહીજે વિષયથી, કીજે શ્રુત અભ્યાસ;**
**સંગત કીજે સંતની, હુઈ તેહના દાસ.**
**સમતા સે લય લાઈએ, ધરી અધ્યાત્મ રંગ;**
**નિંદા તજીએ પરતણી, ભજીએ સંજમ ચંગ..”**

એની પરિચયપ્રસાદી આપતા લેખકશ્રી લખે છે કે “ઉપાધ્યાયજી મહારાજે સુવિશુદ્ધ સાધુતાનાં પાલન માટે આરાધનાની

અષ્ટપદીનું સૂચન કર્યું છે જે દરેક સાધકે નિરંતર ભાવવા જેવું છે. ઉપરાંત તેને જીવનનું લક્ષ્ય બનાવવા જેવું છે. આ અષ્ટપદી જો પ્રણિધાનઆશયરૂપે પણ અંતરમાં સ્થિર થાય, તો ત્રીસ-ચાલીસ વર્ષની (આપણી) અતિ અલ્પ સાધના લેખે લાગે...''

આ પુસ્તકમાં ઉપરોક્ત અને એના જેવી અધ્યાત્મસંસ્પર્શભરી તેમજ અભ્યાસપૂર્ણ રસાળ પદ્ય કૃતિઓ છે, તેમ કેટલીક ગદ્ય કૃતિઓ પણ છે. જેમ કે અજ્ઞાનતિમિરભાસ્કર, ચિકાગો પ્રશ્નોત્તર વગેરે. એમાંથી તત્કાલીન પ્રવાહોની સરસ જાણકારી ઉપલબ્ધ થાય છે. આ બન્ને ગ્રન્થોના કર્તા અને લેખકશ્રીની ગુરુપરંપરાના પૂર્વજ પૂ. આત્મારામજી મ. નો એક જીવનલેખ પણ આ પુસ્તકમાં સમાવિષ્ટ છે. એમાં પૂ. આત્મારામજી મ.ની તેજલીસોટા સમી ચમકદાર પ્રત્યુત્પન્નમતિનાં બે-ત્રણ પ્રસંગો છે. એ વાંચતા વાંચતા અમને પણ અમારી યશસ્વી ગુરુપરંપરાના પૂર્વજ અને સ્વયં પૂ. આત્મારામજી મ. પણ જેમને ગુરુતુલ્ય ગણાતા હતા તે તપાગચ્છાધિરાજ પૂ. મૂલચંદજી મ.નાં જીવનનો એવો જ, ચમત્કૃત કરી દેતો, પ્રત્યુત્પન્નમતિનો પ્રસંગ સ્મૃતિપટમાં આવી ગયો. કિંતુ સ્થળસંકોચવશ અહીં અમે એનો ઉલ્લેખ કરતા નથી. અસ્તુ.

આ પુસ્તકના લેખક છે વિદ્વદ્વર્ય ગણિવર શ્રી વૈરાગ્યરતિ-વિજયજી મહારાજ. એમણે આ પુસ્તકના બન્ને ય ભાગના લેખોની કરેલ વિષયપસંદગી અને પરિચયરૂપે કરેલ એનું વિવરણ જ એ દર્શાવી જાય છે કે તેઓ મેધાવી અને અભ્યાસી શ્રમણ છે. આ ગ્રન્થના પરિશિષ્ટમાં 'પ્રેરણાદાયી શ્રુતપુરુષાર્થ' નામે લેખ છે. એ વાંચવાથી સુપેરે સમજાઈ જશે કે 'અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણમ્' ગ્રન્થનાં સંપાદન કાજે તેઓએ

કેવો પ્રબળ પુરુષાર્થ કર્યો હતો. આવા દુર્બોધ ગ્રન્થને સંપાદિત કરવામાં વિદ્વત્તાનું ઊચ્ચ શિખર સર કરવું પડે અને શ્રુતસાધનાને તપશ્ચર્યાની હદે આત્મસાત્ કરવી પડે. એમણે આ બન્ને સજ્જતા કેળવીને શ્રુતભક્તિનું એ ઉમદા કાર્ય પૂર્ણ કર્યું છે. આ ઉપરાંત પૂનામાં શ્રુતસંશોધન કેન્દ્રની સ્થાપના દ્વારા પણ તેઓ શ્રુતક્ષેત્રે અનવરત કાર્યરત છે. આપણે એમની શ્રુતભક્તિને અનુમોદનાનાં અક્ષતવધામણાં કરીએ.

વિદ્વાન લેખકશ્રીએ આ પુસ્તકના લેખો દ્વારા સંઘને, સાંપ્રત શ્રુતસાગરનાં રત્નોનો જ રૂડો પરિચય કરાવ્યો હોવાનું જરૂર કહી શકાય. કેમ કે એમાંનો આનંદઘનપદસંગ્રહ - શ્રીપાલરાસ- સંયમ બત્રીશી-જ્ઞાનક્રિયાસંવાદછત્રીશી - પુદ્ગલગીતા - પરમાત્મછત્રીશી વગેરે કૃતિઓ રત્નોથી જરા પણ કમ નથી. એથી જ તો અમે આ પ્રસ્તાવનાલેખનું શીર્ષક પસંદ કર્યું છે 'શ્રુતસાગરનાં રત્નો.' આ શ્રુતરત્નોનાં ઝળહળાટથી સહુ જીવો સમ્યક્ત્વનો ઝળહળાટ પામે, એ ગ્રન્થોનાં-કૃતિઓનાં સર્વાંગીણ અધ્યયન-મનનરૂપ શ્રુતનો ઝળહળાટ પામે અને અંતે સંયમનો ઝળહળાટ પામી પરમપદે પ્રતિષ્ઠિત થાય એ જ અંતરઅભિલાષા.

• • •

# ૫

# આગમોદ્ધારકનાં અજવાળાં

ચરમ તીર્થપતિ આસન્નોપકારી પરમાત્મા શ્રી મહાવીરપ્રભુની એક સ્તુતિમાં, પ્રભુ માટે બહુ જ અર્થપૂર્ણ પંક્તિ વિશેષણરૂપે લખાઈ છે કે ''**श्रुतगङ्गाहिमाचलम्**''. એ એમ જણાવે છે કે શ્રુતજ્ઞાન એક પતિતપાવની ગંગા છે અને પરમાત્મા શ્રી મહાવીરદેવ એ ગંગાનું મૂળ ઉદ્‌ગમસ્થાન ગંગોત્રી જ્યાં છે તે હિમવાન્ પર્વત છે. જો જ્યાં ગંગોત્રી છે એ હિમવાન્ પર્વત ન હોત તો ગંગાનું અસ્તિત્વ જ ન હોત. એમ પ્રભુ મહાવીરદેવ જો ન હોત અને એમનાં મુખેથી શ્રુતગંગોત્રી સમી ત્રિપદી ન પ્રગટી હોત તો વિરાટ શ્રુતગંગાનું અસ્તિત્વ જ ન હોત.

આપણે આ મસ્ત કલ્પનાને હજુ આગળ વધારીએ. ધારો કે ગંગોત્રી હોત, પરંતુ એ વિરાટ ગંગા બની ઠેર ઠેર વહી શકે એવો એનો વિરાટ પ્રવાહ ન હોત તો શું એ ગંગોત્રી ગંગા બની શકત? નહિ જ. એ જ રીતે શ્રુતગંગાની ગંગોત્રીરૂપ ત્રિપદી પ્રભુનાં મુખેથી વહી હોત, પરંતુ શ્રી ગણધરભગવંતોએ એને ઝીલી આગમોનાં માધ્યમે વિરાટ શ્રુતપ્રવાહસ્વરૂપ ન બનાવી હોત તો શું એ શ્રુતગંગોત્રી શ્રુતગંગા બની શકી હોત? નહિ જ. એથી આપણા માટે શ્રુતની અપેક્ષાએ જેટલા પ્રભુ ઉપકારક છે, એટલા જ શ્રી ગણધરભગવંતો પણ ઉપકારક છે. પરમાત્મા અને ગણધરભગવંતો દ્વારા પ્રાપ્ત થયેલ શ્રુતવારસો જો આપણને ન મળ્યો હોત તો, આત્મકલ્યાણના સંદર્ભમાં આપણી હાલત કેવી કફોડી થઇ ગઇ હોત એનું સચોટ બયાન પૂજ્યપ્રવર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજની પેલી ગાથામાં વ્યક્ત થાય છે કે :-

**कत्थ अम्हारिसा पाणी, दूसमा दोसदूसिआ।**
**हा अणाहा कहं हुंता, जइ न हुंति जिणागमा।।**

ભાવાર્થ કે દુઃષમકાળના અનેક દોષોથી દૂષિત અમારા જેવા જીવોને જો પ્રભુના આગમો ન મળ્યા હોત તો અનાથ બની ગયેલ અમારું

શું થાત? અમે આ સંસારમાં અશરણપણે-અનાથપણે ભટકી ભટકીને દુઃખી દુઃખી થઈ ગયા હોત.

આગમોની ભેટ ધરનાર પ્રભુનો અને ગણધરભગવંતોનો આપણે હૃદયથી ઋણસ્વીકાર કરી હજુ કલ્પનાને થોડી આગળ ધપાવીએ. ગણધરભગવંતોએ અંગો-ચૌદ પૂર્વો-વિવિધ પયન્ના વગેરેની અઢળક રચનાઓ દ્વારા ગંગોત્રીને વિરાટ ગંગાપ્રવાહરૂપે પરિણમાવી. પરંતુ ગંગાના સાગરપ્રવાહ શા વિરાટ ધસમસતા પ્રવાહમાં ઝંપલાવવાનું કે એનો લાભ લેવાનું ગજું સહુ કોઈનું સ્વાભાવિક જ ન હોય. ગંગાના નિકટવર્તી કેટલાય ભૂમિખંડો-ખેતરો એવા હોય કે જેને Canalની જરૂર હોય. Canal મુખ્ય વિરાટ પ્રવાહમાંથી નાના શા અવાંતર પ્રવાહનું સર્જન કરે. એનાં માધ્યમે ગંગાના નીર ઠેઠ ખેતરો સુધી જઈ એને લીલાછમ હરિયાળા બનાવે.

બસ, ઉત્તરવર્તી મહાન પ્રજ્ઞાપુરુષોએ આ Canal બનવાનું ઉમદા કાર્ય કર્યું છે. તેઓએ અંગો-પૂર્વો આદિ મહાન સૂત્રોમાં વહેતી વિરાટ ગંગાપ્રવાહ સમી પ્રભુવાણીને અલગ અલગ વિષયોના ગ્રન્થો-પ્રકરણોરૂપે એવા અવાંતર પ્રવાહમાં પરિણમાવી કે અલ્પ ક્ષયોપશમ ધરાવતા જિજ્ઞાસુઓની મનોભૂમિ પણ તે તે વિષયોના બોધથી હરિયાળી -લીલીછમ બની જાય. ઉપાંગો-નિર્યુક્તિ-ચૂર્ણિ-ટીકાઓ રચનાર વિવિધ પૂર્વમહર્ષિઓ હો કે સન્મતિતર્ક જેવા મહાગ્રન્થ સર્જનાર શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી મહારાજ હો, ૧૪૪૪ ગ્રન્થોના પ્રણેતા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ હો કે નવાંગીટીકાકાર શ્રી અભય-દેવસૂરીશ્વરજી મહારાજ હો; યોગ-વ્યાકરણ-અધ્યાત્મ જેવા વિષયો પર અ..ધ..ધ સર્જન કરનાર કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય હો કે લાખો શ્લોક પ્રમાણ નૂતન ગ્રન્થો-ટીકાગ્રન્થોનું સર્જન કરનાર મહોપાધ્યાય

શ્રી યશોવિજયજી ગણિવર હોઃ આ અને આવા આવા તમામ મહાન પ્રજ્ઞાપુરુષો જિજ્ઞાસુ જીવો માટે બન્યા છે શ્રુતગંગાની Canal જેવા.

આ ઉજ્જવલ પ્રજ્ઞાપુરુષોની પરંપરામાં વિક્રમની વીશમી-એકવીશમી સદીમાં એક એવું શ્રદ્ધેય -આદરણીય નામ ઉમેરાયું કે જેને આપણે આઠ પ્રભાવકો પૈકી પ્રથમ ક્રમના 'પ્રાવચનિક' પ્રભાવક નિઃસંકોચ કહી શકીએ. 'પ્રાવચનિક' એમને કહેવાય કે જેઓ તત્કાલીન પ્રભુશાસનના શ્રુતના-ઉપલબ્ધ શાસ્ત્રોના પારગામી હોય. વીશમી-એકવીશમી સદીની આવી ટોચની પ્રાવચનિક વિભૂતિ એટલે પૂજ્યપાદ આગમોદ્ધારક બહુશ્રુત ગીતાર્થ તાર્કિકશિરોમણિ આચાર્યપ્રવર શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ. આગળ નિહાળીશું તેમ, એમણે આશ્ચર્યચકિત થઇ જવાય તેવાં અગણિત શ્રુતનાં-શાસનનાં મહાન કાર્યોની સફલ જવાબદારીઓ વચ્ચે જે નૂતન સંસ્કૃત-પ્રાકૃત સર્જન કર્યું છે તે તેઓશ્રીને શ્રુતગંગાની Canal ની ઉપમા અપાવી દે તેમ છે. તેઓશ્રીનું ગ્રન્થસર્જન મહદંશે સંસ્કૃત ભાષામાં થયું છે અને એ નાનાં-મોટાં સર્જનોની કુલ સંખ્યા છે ૨૪૦ ! એમાંથી લગભગ ૮૦ જેટલી કૃતિઓ અદ્યાવધિ પ્રકાશિત છે. એ તમામ રચનાઓ કુલ મળીને લગભગ ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ છે! એક વ્યક્તિવિશેષ વિભૂતિ પ્રભુશાસનનાં મહત્ત્વપૂર્ણ સ્થાને રહી શાસનની આરાધના-પ્રભાવના-રક્ષાની જવાબદારી વહન કરે, One Man Army બની ૮,૦૦,૦૦૦ થી વધુ શ્લોકપ્રમાણ આગમાદિ સાહિત્યનું સંપાદન કરવાપૂર્વક અદ્ભુત શ્રુતરક્ષા કરે અને એ તમામની સાથે ૯૦,૦૦૦ શ્લોકપ્રમાણ વિષયવૈવિધ્યસભર ગ્રન્થોનું સર્જન કરે : આ વાસ્તવિકતામાત્ર એ વિભૂતિ પ્રત્યે અહોભાવથી મસ્તક ઝુકાવી દે તેવી છે.

આવો, આપણે એ વ્યક્તિવિશેષ વિભૂતિ પૂ. સાગરજીમહારાજની

કૃતિઓનો આછો આસ્વાદ માણતા પૂર્વે એમનાં વિરલ વ્યક્તિત્વનો આસ્વાદ માણીએ..

* * *

પૂ. સાગરજીમહારાજના જીવનકાળ દરમ્યાન એમની પ્રવચનધારાને-શાસ્ત્રબોધને હજારો લોકો સુધી પ્રસારિત કરવાનું કાર્ય કરતું હતું 'સિદ્ધચક્ર' સામયિક. આ નામ જેના પરથી પસંદ કરાયું હતું તે શ્રી સિદ્ધચક્રભગવંતની પદસંખ્યા નવ છે. આ 'નવ'ના અંકને અનુસરી અહીં અમે પૂ. સાગરજી મ.ના વ્યક્તિત્વસંબંધી વિશેષતાઓ પણ નવ પ્રસ્તુત કરીશું :

(૧) **આઠમી અજાયબી જેવો સ્વાશ્રયી જ્ઞાનપુરુષાર્થઃ–** અભ્યાસક્ષેત્રે એવું સર્વત્ર નિહાળાય છે કે તે તે ક્ષેત્રોના વિદ્વાનો અભ્યાસ કરાવનાર હોય અને ગુરુદેવોની અભ્યાસ માટેની પ્રેરણા-જાતદેખરેખ હોય ત્યારે વિદ્યાર્થી વિશિષ્ટ અભ્યાસ કરી શકે. વિદ્યાર્થી સ્વયં જ્ઞાનરુચિસંપન્ન હોય તો બીજી બાબત કદાચ ન હોય તો ય ચાલે, પરંતુ પહેલી બાબત તો અવશ્ય જોઈએ જ. એમાં ય આગમો-પ્રાચીન શાસ્ત્રગ્રન્થોના અભ્યાસ માટે તો વિદ્વાન અધ્યાપક અનિવાર્ય બની રહે.

પરંતુ પૂ. સાગરજી મ.નાં. જીવનમાં આનાથી વિપરીત બાબત હતી. દીક્ષાના બહુ જૂજ માસમાં એમના ગુરુદેવ પૂજ્યપાદ આગમમનિષી મુનિપુંગવ શ્રી ઝવેરસાગરજી મહારાજ કાલધર્મ પામતા એમને ન તો અભ્યાસની દેખરેખ-પ્રેરણા આપનાર ગુરુનો યોગ રહ્યો, ન તો કોઈ વિદ્વાન અધ્યાપકનો યોગ રહ્યો. કેમ કે એ સમયે શ્રમણસંખ્યા અત્યંત જૂજ હતી, તો અધ્યયનનો પ્રચાર-પ્રસાર પણ અત્યલ્પ હતો. આ વિકટ પરિસ્થિતિમાં તેઓએ બે-એક યતિજનો પાસે પ્રારંભિક અભ્યાસ કર્યા

બાદ એકલવીર બની જ્ઞાનોપાસનાનાં ક્ષેત્રે 'अप्पदीवो भव'નું પ્રભુવચન ચરિતાર્થ કર્યું અને ગુરુની સાક્ષાત્ હાજરી વિના-પંડિતોના અધ્યાપન વિના આગમાદિ શાસ્ત્રોના અજોડ જ્ઞાતારૂપે સર્વોચ્ચ સ્થાન હાંસલ કર્યું. અમે આને અહોભાવપૂર્વક 'વિશ્વની આઠમી અજાયબી' માનવા બે-તાબ છીએ.

તેમની અધ્યયનપદ્ધતિ પણ નોંધપાત્ર હતી. જે ગ્રન્થનો અભ્યાસ કરવો હોય એ ગ્રન્થને ઉચ્ચ સ્થાને મૂકી એને પ્રદક્ષિણા આપવાપૂર્વક ખમાસમણાદિ આપવા, ગ્રન્થકર્તાનું અને સ્વગુરુનું ભાવથી સ્મરણ કરી વંદન કરવા અને પછી અભ્યાસ કરવો : આ એમની શૈલી હતી. વિનયશીલતા અને ગજબનાક આત્મવિશ્વાસપૂર્વકની આ જ્ઞાનોપાસનાએ જૈન જ નહિ, પરદેશી અજૈન વિદ્વાનોને ય જબરજસ્ત પ્રભાવિત કર્યા હતા. એની પ્રતીતિ આપણને જર્મન સન્નારી ડૉ. ક્રાઉઝેના આ વિધાનથી મળી રહે છે કે ''સાગરજી મ. એટલે પૂર્વે નહિ સાંભળેલ-નહિ જોયેલ જૈનોની જંગમ Liabrary !''

એમ કહી શકાય કે જાણે એમનું અવતારકાર્ય આગમોના ઉદ્ધારનું જ હતું. એથી એમના જ્ઞાનપુરુષાર્થમાં મુખ્યતા આગમોદ્ધારની હતી. એટલે તેઓશ્રી યથાર્થપણે જ 'આગમોદ્ધારક'રૂપે પંકાયા. અરે! કેટલાકે તો એમને 'આ યુગના દેવર્દ્ધિગણી'રૂપે ય બિરદાવ્યા. એમની આગમભક્તિને બિરદાવતી પંક્તિ યાદ આવે છે કે :-

''સાગરાનંદસૂરિએ જેનાં, ખૂબ કીધાં રખવાળાં;
યુગો સુધી ઝળહળતા રહેશે, આગમનાં અજવાળાં...

(૨) અપ્રમત્ત જ્ઞાનયોગ :- પ્રભુ મહાવીરદેવનું એક વચન ખૂબ પ્રસિદ્ધ છે કે ''समयं गोयम! मा पमायए.'' એક પણ સમયનો -ક્ષણનો

પ્રમાદ ન કરવાની પ્રભુની આ પ્રેરણા પૂ. સાગરજી મ.ના જીવનમાં ખૂબ સરસ પ્રતિબિંબિત થતી હતી એમ એમનાં જીવનકાર્યો અને જીવનપ્રસંગો જાણનાર વ્યક્તિ નિઃશંક કહી શકે. એક જ્ઞાનયોગી સ્વપુરુષાર્થથી આગમો-તેની ટીકાઓ-ભાષ્યો-ચૂર્ણિ આદિનો અભ્યાસ કરે, હસ્તલિખિત પ્રતોમાંની ક્ષતિઓ યથાશક્ય સુધારી એ આગમોનું પ્રથમવાર મુદ્રણ કરાવે; એટલું જ નહિ પણ એની દીર્ઘકાલીન સુરક્ષા માટે આગમોને આરસ પર ઉત્કીર્ણ કરાવી 'આગમમંદિર'નું નવીનતમ નજરાણું આપે : એ એમની અપ્રમત્ત જ્ઞાનયોગસાધનાનું સૂચક છે. આની સાથોસાથ તેઓશ્રીએ સાત-સાત વાર વિસ્તૃત આગમવાચનાઓ આપીને ચતુર્વિધ સંઘને આગમોના પદાર્થોથી પરિચિત કર્યો. ના, તેઓશ્રીની વાચના આજની ઉપદેશપ્રધાન વાચનાઓ જેવી ન હતી કે જેમાં એકાદ શ્લોક-એકાદ વાક્યને સ્પર્શી બાકીની વાતો બહારની લવાય. તેઓશ્રીની વાચના તો આગમિક પદાર્થોની પ્રધાનતા ધરાવતી અભ્યાસવાચનાઓ હતી. જેમાં તેઓએ કુલ બે લાખ બત્રીશ હજાર શ્લોકપ્રમાણ આગમવચનોની સમજૂતી આપી હતી! અને હા, આ તમામ શ્રુતોપાસના અને શાસનકાર્યો વચ્ચે આ મહાગ્રન્થમાં છે તે સંસ્કૃત-પ્રાકૃત નવ્ય ગ્રન્થોનું સર્જન અલગ!

પૂજ્યશ્રીની અપ્રમત્ત જ્ઞાનસાધનાનો એક મજાનો પ્રસંગ યાદ આવે છે :

તેઓશ્રી જ્યારે પાટણ ચાતુર્માસ હતા ત્યારે શ્રી ભગવાનદાસભાઈ (પછીથી પૂ. અધ્યાત્મયોગી નમસ્કારમહામન્ત્રારાધક પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર) નિત્ય બપોરે એમના સાન્નિધ્યમાં બેસી રહે. પૂ. સાગરજી મ. એમની શ્રુતોપાસનામાં એવા મગ્ન રહે કે પ્રતોમાં જ દૃષ્ટિ રાખી કાર્ય કર્યા કરે. કારણ વિના એક ક્ષણ પણ કોઈની સાથે વાત ન કરે.

પછીથી પૂ. પંન્યાસજી મહારાજ આ ઘટના યાદ કરતા બોલ્યા હતા કે ''એ દિવસોમાં મને એમની પાસે દીક્ષાની ભાવના થઈ હતી. પરંતુ હું સંકોચવશ કહી ન શક્યો. જો તેઓએ એક વાર પણ મને દીક્ષા માટે પૂછ્યું હોત તો હું એમની પાસે દીક્ષા સ્વીકારત.'' કેવી અદ્ભુત અપ્રમત્તતા!

(૩) **નમ્રતા-નિરાડંબરતા :-** સંસ્કૃતમાં એક પંક્તિ છે કે **''ज्ञानाजीर्णमहंकृतिः''** મતલબ કે જ્ઞાન ન પચે તો વ્યક્તિ અહંકારી બની જાય. પૂ. સાગરજી મહારાજ જ્ઞાનને પચાવી-પરિણમાવી દેનાર વિભૂતિ હતા. એથી આપણે કલ્પી ન શકીએ એવી નમ્રતા એમનામાં ઝળહળતી હતી. તેઓશ્રી આંગળીના વેઢે ગણાય તેટલા પ્રથમ પંક્તિના આચાર્યદેવોમાં ય એકદમ અગ્રગણ્ય આચાર્ય હતા. છતાં પોતે પોતાનાં નામ પૂર્વે કદી એક વિશેષણ તો લખ્યું નથી. ઉપરાંત Most Senior આચાર્ય બન્યા તો ય નામની આગળ 'આચાર્ય' કે પાછળ 'સૂરિ' શબ્દ લખ્યો નથી. તેઓ માત્ર 'આનંદસાગર' આટલી જ ઓળખ આપતા. મહાન શાસનધુરીણ આચાર્ય આ હદે નમ્રતા-લઘુતા દાખવે એ જાણીએ ત્યારે અંતર આદરથી ઓળઘોળ અને વિસ્મયવિભોર બન્યા વિના ન રહે.

(૪) **મૌલિક પ્રતિભા :-** 'પ્રતિભા' ની વ્યાખ્યા કરતાં જણાવાયું છે કે **''प्रज्ञा नवनवोन्मेष–शालिनी प्रतिभा मता''** મતલબ કે જેમાં નવા નવા ઉન્મેષો હોય-બુદ્ધિનો સ્વતઃ અવનવો ઊઘાડ હોય તેને પ્રતિભા કહેવાય છે. અન્યોનાં વિધાનને જ ટાંક્યા કરે ને એ મુજબ જ પ્રવર્ત્યા કરે એ પ્રજ્ઞા સ્મૃતિપ્રધાન કહેવાય, પ્રતિભાપ્રધાન નહિ. પ્રતિભા તે છે જે સ્વતન્ત્રપણે કલ્પનાઓ-તર્કો વગેરે પ્રવર્તાવે અને છતાં એ જો શાસ્ત્રસંબંધી હોય તો એનાથી પૂર્વાચાર્યોનાં વિધાનો સાથે સંવાદ જ સર્જાય, વિસંવાદ નહિ. પૂ. સાગરજી મ.ના ગ્રન્થોમાં એમની આ પ્રતિભા ઝળકે જ છે જેની ઝલક આગળ દર્શાવાશે. અહીં તેઓશ્રીની વિશિષ્ટ પ્રતિભાનો રમૂજી પ્રસંગ

પ્રસ્તુત કરવો છે કે જે એમનાં પ્રારંભિક દીક્ષાવર્ષોનો છે અને અનુકરણવર્જિત મૌલિક બૌદ્ધિકતાનો દ્યોતક છે :

અમદાવાદમાં સાંવત્સરિક મહાપર્વ પછીના દિવસોમાં સહુ શ્રમણો પરસ્પરના ધર્મસ્નેહની વૃદ્ધિ માટે એકત્ર થયા હતા. સૌએ ગોચરી વાપરી. આજનાં પ્રમાણમાં ખૂબ ઓછા શ્રમણો અને પ્રબળ ઐક્યની વૃત્તિ : એથી આ શક્ય બન્યું. એમાં થયું એવું કે એક નાની તરપણી જેટલો મોસંબીનો રસ આવ્યો હતો. રસનું પ્રમાણ અલ્પ, એટલે બધા શ્રમણોને પહોંચવો શક્ય ન હતો. એથી દરેક શ્રમણ ઉદારતાથી 'તમે જ વાપરો, તમે જ વાપરો' કહી પોતે રસ લેવા તૈયાર ન થયા. આ મીઠી રકઝકના પરિણામમાં તરપણીનો રસ એમ ને એમ જ રહી ગયો. રસ વાપરવા એકમેકને મનામણાં થતા હતા ત્યાં એક શ્રમણે નવો જ મોરચો ખોલ્યો કે ''જે સાધુ અહીં રહેલ તમામ મુનિઓને તરપણીમાંથી રસ પહોંચાડે અને લેનાર સાધુ 'બસ' ન કહે ત્યાં સુધી રસ આપ્યા કરે એ સાધુને આ રસ ખપાવવાની જવાબદારી આપો. છે કોઈ માઈનો લાલ આવો?'' સહુ હસવા લાગ્યા કે કોઈની પાસે અહીં શ્રી ગૌતમસ્વામીજીની અક્ષીણમહાનસલબ્ધિ ઓછી છે કે અંગૂઠો રાખી તરપણીમાંથી રસ આપ્યા જ કરે?

યુવાવયના પૂ. સાગરજી મહારાજે આ પડકાર ઝીલી લીધો કે ''શરતની બન્ને વાતોનું હું પાલન કરીશ. પરંતુ મારી શરત એમાં એટલી કે હું જણાવું એમાં જ રસ લેવો.'' સહુ હોંશે હોંશે આ વાતમાં સંમત થયા. કારણ કે નાનામાં નાની પાત્રીમાં રસ લેવાનું એ કહે તો પણ દરેકને રસ પહોંચાડવો શક્ય ન હતો. શરત મુજબ પૂ. સાગરજી મ. તરપણી લઈ ઊભા થયા. એમણે કહ્યું ''દરેક મુનિભગવંત હથેળી ખુલ્લી-ટટાર રાખે. મારે એમાં જ આ રસ તેઓ બસ ન કહે ત્યાં સુધી આપવો છે!'' સહુનાં અરમાન ઊતરી ગયા. કેમ કે હથેળીમાં બે-ચાર ટીપાંથી વધુ રસ લેવાય

નહિ. નહિ તો એ નીચે ઢળે. પૂ. સાગરજી મહારાજે બાઅદબ દરેક શ્રમણને એ બસ ન કહે ત્યાં સુધી રસ આપ્યો અને તે પછી ય તરપણીમાં થોડો રસ બચ્યો!

સૂર્યનાં તેજ એ બાળ હોય ત્યાંથી જ ચમકે. એમ પ્રતિભાવંત મહાપુરુષોનાં આવાં પ્રજ્ઞાતેજ એ નાના હોય ત્યારથી જ ચમકે.

(૫) **પ્રરૂપણામાં લાઘવ :-** સંસ્કૃત ભાષામાં સૂત્રશૈલીથી ગ્રન્થરચના કરનારા વિદ્વાનોનો મુદ્રાલેખ ઓછામાં ઓછા શબ્દોમાં રજૂઆતનો હોય છે. એથી જ જ્યાં માત્ર સૂત્રશૈલીથી રચના હોય છે તે વ્યાકરણકારો માટે સંસ્કૃતમાં ઉક્તિ પ્રચલિત છે કે ''**मात्रालाघवमपि पुत्रजन्मोत्सवाय मन्यन्ते वैयाकरणाः.**'' ઉક્તિ એમ કહે છે કે પોતે રચેલ સૂત્રમાં અક્ષર તો જવા દો, માત્ર એક માત્રા ઓછી થતી હોય એટલે કે દીર્ઘનાં સ્થાને હ્રસ્વ સ્વર થતો હોય તો વ્યાકરણકારો માટે એ ક્ષણ જાણે કે પુત્રજન્મનો ઉત્સવ ઘરે આવ્યો હોય તેવી આનંદદાયી બની જાય છે.

વ્યાકરણકારો માટે લાઘવ-ઓછા શબ્દોમાં રજૂઆત રચનાનું અંગ બની જાય છે, એમ કેટલાક ઉચ્ચ કક્ષાના વિદ્વાનો માટે ય લાઘવ એમની રજૂઆતનું અંગ બની જાય છે. એ લખે તો પણ અને બોલે તો પણ ઓછા શબ્દોમાં ઘણું બધું જણાવી દે. પૂ. સાગરજી મ. આ કક્ષાના ઉચ્ચ સ્તરીય વિદ્વાન હતા. એમની પાસે સેંકડો પત્રો જિજ્ઞાસાના આવે. એમાં જાતજાતનાં પ્રશ્નો આવે. મોટે ભાગે પૂ. સાગરજી મ. એ પત્રમાં જ પ્રશ્નની બાજુમાં એકદમ લાઘવથી-સંક્ષેપમાં ઉત્તર લખી દે. એમાં કેટલીક વાર તો એવું ય બને કે અચ્છા અચ્છા વિદ્વાનો ય એ સંક્ષિપ્ત ઉત્તરો સમજવામાં મૂંઝવણ અનુભવે.

અમે એક આવો પત્ર પ્રગટ કર્યો છે 'યુગદિવાકર' મહાગ્રન્થના પરિશિષ્ટમાં. અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ પૂજ્યપાદ યુગદિવાકર પરમગુરુદેવ આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજે (ત્યારે પંન્યાસ) લખેલ એ પત્રમાં શાસ્ત્રીય ગહન બાબતોનાં પ્રશ્નો છે. કેટલાક પ્રશ્નો ૭-૮ પંક્તિના છે. એનો ઉત્તર પૂ. સાગરજી મ. માત્ર ચાર-પાંચ શબ્દોમાં (પંક્તિ નહિ) હાંસિયામાં લખી દે છે. એટલા ટૂંકા એ ઉત્તરો છે કે પછીનાં પત્રમાં પૂ. યુગદિવાકરશ્રી જેવા દ્રવ્યાનુયોગના નિષ્ણાત વિદ્વાને પણ લખવું પડ્યું કે 'કૃપા કરીને થોડો વિસ્તારથી ઉત્તર આપશો. આમાં મને કાંઈ સમજાતું નથી.' ખ્યાલમાં રહે કે પૂ. યુગદિવાકરશ્રીએ કેટલોક અભ્યાસ પૂ. સાગરજી મ. પાસે કર્યો હતો અને ત્યારે સ્વયં પૂ. સાગરજી મહારાજે એમને પોતાની પાસે અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી ગણાવ્યા હતા. આવા વિદ્વાનને પણ ક્યારેક જલ્દી ન સમજાય એવું લાઘવ પૂ. સાગરજી મ.નું હતું.

(૬) **પ્રવચનમાં ઊંડાણ :-** એમનાં પ્રવચનોનાં ઘણાં પુસ્તકો આજે ય ઉપલબ્ધ છે. જો કે, એમાંનાં એક પણ પ્રવચન તેઓએ સ્વયં લખીને તૈયાર નથી કર્યાં. એ પ્રવચનનું શ્રવણ કરનાર શિષ્યાદિ વર્ગે લખેલ પ્રવચનો પુસ્તકોમાં મુદ્રિત છે. એથી લખનારનો જેવો ક્ષયોપશમ હોય-જેવી સમજ હોય એવું અવતરણ એમાં હોય. કેટલી ય ન સમજાતી ગહન બાબતો લેખકે છોડી દીધી પણ હોય. આમ છતાં પ્રવચનોનાં જે અવતરણો થયાં છે તે વાંચતા બે છાપ મનમાં ઊપસે : પદાર્થોની પ્રરૂપણામાં ગજબનું ઊંડાણ અને ડગલે ને પગલે તાર્કિકતાના ચમકાર.

બે તિથિપક્ષના પૂ.આ.શ્રી વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મ.સા.એ એવા ભાવની વાત કરી હતી કે ''સાગરજી મ.નાં પ્રવચનોમાં પદાર્થોનું જે ઊંડાણ છે એ બીજે ક્યાં ય જોવા નથી મળતું.'' આ ભાવનું વિધાન અમે

કોઇ મુદ્રિત સાહિત્યમાં વાંચ્યું હોવાનું સ્મરણ છે. પ્રતિપક્ષના આચાર્ય પણ એમનાં પ્રવચનોનાં ઊંડાણથી આવા પ્રભાવિત થઇ જાય એ જ પુરવાર કરે છે કે પૂજ્યશ્રીની આ વિશિષ્ટતા કેવી બહેતરીન-કાબિલેદાદ હશે.

(૭) **બુદ્ધિમાં તાર્કિકતા :-** હમણાં જ જણાવ્યું તેમ એમનાં પ્રવચનોમાં ડગલે ને પગલે તર્કો ઝળઝહળતા હોય. સામાન્ય રજૂઆતોમાં પણ તેઓ એવાં તર્કો-દલીલો મૌલિકપણે રજૂ કરે કે એનાં કારણે તેઓશ્રીની રજૂઆત ગરમ શીરાની જેમ ગળે ઊતરી જાય.

તેઓશ્રીની આ તાર્કિકતા બહુ અસરકારકરૂપે ઝળકી હતી વડોદરાની ગાયકવાડ સરકારે કરેલ બાલદીક્ષાપ્રતિબંધક કાયદા વિરુદ્ધની રજૂઆતમાં. એ બિલને પડકારતી 81 મુદ્દાની રજૂઆત લેખિતરૂપે તૈયાર કરી હતી પૂ. સાગરજી મહારાજે. એમાં એવી એવી ધારદાર દલીલો હતી કે એને તોડવામાં તો શું, પડકારવામાં ય ભલભલા બુદ્ધિશાળી વકીલોને માથું ખંજવાળવું પડે. અમે એ મુસદ્દો વાંચ્યો ત્યારે મનોમન પૂ. સાગરજી મ. પ્રત્યે અહોભાવ પ્રગટ્યો કે એક શ્રમણ વકીલોને ય મૂંઝવણમાં નાંખી દે એવી અકાટ્ય દલીલો હજારો વ્યસ્તતા વચ્ચે કઇ રીતે કરી શક્યા હશે?

બાલદીક્ષામાર્ગની રક્ષામાં અનેક પૂજ્યોનું યોગદાન ચોક્કસ છે. પરંતુ એમ નિઃશંક કહી શકાય કે એમાં સહુથી પાયાનું અને સહુથી પ્રધાન યોગદાન પૂ. સાગરજી મ.નું છે અને એમાં એમની અફલાતૂન તર્કશક્તિ પ્રધાન કારણ છે .

(૮) **નિર્લેપતા :-** જે બાબત સાથે વ્યક્તિનાં જીવનની આસમાની-સુલતાની જેવી ઉથલપાથલ જોડાયેલી હોય એવી બાબતમાં કે વ્યક્તિ

કેન્દ્રસ્થાને હોય એવી જે બાબતના પરિણામની સમગ્ર સમાજ કાગડોળે પ્રતીક્ષા કરતો હોય એવી બાબતમાં પણ એ વ્યક્તિ જાણે કાંઇ લાગતું-વળગતું ન હોય તેમ એનાથી પર રહે અને કટોકટીની ક્ષણોમાં ય પોતાનાં શ્રુતોપાસના જેવાં કાર્યમાં મગ્ન રહે ત્યારે માનવું જ રહે એ વ્યક્તિનું આંતરિક પોત નિર્લેપ કમલ જેવું હશે. કમલની ચોતરફ ભલે ને પાણી ફેલાયેલું હોય તો ય એ એનાથી સાવ નિર્લેપ રહે. તેમ આવી વ્યક્તિઓ પણ ચોતરફ ફેલાયેલ દૂરગામી અસરો ધરાવતી ઘટનાઓ વચ્ચે ય નિર્લેપ રહે. પૂ.સાગરજી મ.ના આવા આંતરિક પોતને પ્રગટ કરતી બે ઘટના નિહાળીએ :

* તેઓશ્રી અંતરીક્ષજી તીર્થનો છ'રી' પાલક સંઘ લઇ અંતરીક્ષજી પધાર્યા ત્યારે થયેલ શ્વેતાંબર-દિગંબર સંઘર્ષમાં મામલો Courtમાં ગયો અને તેઓને સ્વયં Courtમાં જુબાની માટે જવું પડ્યું ચુકાદાના દિવસે તેઓને Courtમાં હાજર રહેવું પડ્યું. વાતાવરણ ગંભીર હતું. દૂર દૂરના જૈન સંઘોમાં પણ ચિંતા હતી. ચુકાદો જો Unfavourમાં આવે તો તેઓને સાત વર્ષની સજા થાય તેમ હતી. આમ છતાં ચુકાદાના દિવસે Court પરિસરમાં તેઓ ભીડથી દૂર રહી શાસ્ત્રસંશોધન કરતા હતા! આપણને આશ્ચર્ય થાય કે કઇ રીતે આવી નિર્લેપતા આત્મસાત્ થઇ શકે? એમની આ નિર્લેપતા યાદ કરાવી જાય 'જ્ઞાનસાર' ગ્રન્થનું આ વચન કે "**જ્ઞાનસિદ્ધો ન લિપ્યતે.**" સુશ્રાવક કુંવરજી આણંદજી આ ઘટનામાં પૂ. સાગરજીમ.નું બીજું પાસું પ્રસ્તુત કરતા લખે છે કે :- "આકોલામાં અંતરીક્ષજીના Case ના ચુકાદાના દિવસે Court પરિસરમાં 'પંચવસ્તુ' ગ્રન્થનું સંશોધન કરનારા સૂરિજીનો શાસ્ત્રસ્નેહ કેટલો ગંભીર હતો તે મારા જેવા જોનારને જ ખ્યાલ આવે."

* બે તિથિપક્ષનો પ્રાદુર્ભાવ થયો ત્યારથી એનો સબળ-સખત પ્રતીકાર કરીને બાર પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન કરવાની અખંડ પરંપરાનું સંરક્ષણ કરવામાં તેઓ અગ્રેસર હતા. એથી જ તેઓ 'દેવસૂરીયસામાચારીસંરક્ષક' તરીકે પંકાયા હતા. એ દરમ્યાન તેઓને સામા પક્ષની કુટિલ નીતિ-રીતિના અનેક અનુભવો થયા હતા. આવો એક અનુભવ હતો પી.એલ. વૈદ્યનો નિર્ણય. જો કે, એ નિર્ણય આવે તે પૂર્વે જ તેઓએ, પોતાને જણાયેલ કુટિલ નીતિ-રીતિના આધારે, નિર્ણય કાંઇ પણ હોય તો ય એને ન સ્વીકારવાની ઘોષણા જાહેરપત્રોમાં કરી હતી. એથી એ નિર્ણયનું વજૂદ ઘણું ઘટી ગયું હતું. તો પણ કુતૂહલની દૃષ્ટિએ સમાજમાં એ અંગે ઉત્કંઠા હતી. જે દિવસે એ નિર્ણયનો **Telegram** પૂજ્યશ્રી પાસે આવવાનો હતો એ દિવસે-એ ક્ષણોમાં પણ તેઓશ્રી કોઇ જ કુતૂહલ-ઉત્કંઠા વિના શાસ્ત્રસંશોધનમાં મગ્ન હતા. યાદ આવે અહીં શ્રી દશવૈકાલિક આગમની પંક્તિ કે ''**अकोउहल्ले उ सया स पूज्जो.**'' મતલબ કે જે મુનિ કુતૂહલવૃત્તિથી રહિત છે એ પૂજનીય છે.

(૯) **મરણસમાધિ :-** વ્યક્તિ ભલે મહાન ધર્મપુરુષ હોય, જીવન ભલે એનું યશસ્વી ધર્મકાર્યોથી ભરપૂર હોય; પરંતુ મરણ જો સમાધિમય ન હોય તો ઘણી વાર જંગ હારી જવાતો હોય છે. એથી જ સંસ્કૃત સુભાષિતમાં જણાવાયું છે કે ''**मरणं मङ्गलं यस्य, सफलं तस्य जीवनम्.**'' જેનું મરણ મંગલમય, એનું જીવન સફલ. આ દૃષ્ટિએ પૂ. સાગરજી મ.નો અંતિમ સમય મૂલવીએ તો અવશ્ય માની શકાય કે તેઓ મરણસમાધિ માટે અત્યંત જાગરૂક હતા.

તેઓશ્રીએ ડોળીનો પણ ઉપયોગ કર્યા વિના આજીવન વિહાર કર્યો. શક્તિ ક્ષીણ થઇ ત્યારે પૂર્વકાલીન શાસ્ત્રીય મર્યાદા અનુસાર

સુરતમાં તેઓએ સ્થિરવાસ સ્વીકાર્યો. એ સ્થિરવાસ દરમ્યાન આયુષ્યના અંતિમ તબક્કામાં એમણે 'પંચસૂત્રવાર્તિક' વગેરે સંસ્કૃત ગ્રન્થો રચ્યા જે આ મહાગ્રન્થમાં મોજૂદ છે. એ પછી ય જ્યારે એમ લાગ્યું કે હવે જીવનદીપ બુઝાવાના દિવસો આવી રહ્યા છે ત્યારે તેઓએ અપૂર્વ આત્મજાગૃતિપૂર્વક ધ્યાનસાધના સ્વીકારી. કોઈની સાથે વાર્તાલાપ નહિ, લગભગ સંપૂર્ણ મૌન. કોઇ જ પ્રવૃત્તિ નહિ, માત્ર આવશ્યક આરાધના જારી રાખી બાકીનો તમામ સમય ધ્યાન. શરીરની મુદ્રા પણ પદ્માસનની. સળંગ પંદર દિવસ આ રીતે ધ્યાનસ્થ રહી તેઓ અદ્‌ભુત મરણસમાધિ વર્યા. એમ કહી શકાય કે જેવું શાસનનિષ્ઠ જીવન હતું, એવું જ સમાધિનિષ્ઠ મરણ હતું.

અલબત્ત એમનાં જીવનની વિશિષ્ટતાઓ માત્ર આ નવ જ ન હતી, એથી ય વધુ-અઢળક હતી. આપણે વ્યક્તિત્વની માત્ર ઝલક નિહાળવાની હોવાથી આ નવ વિશેષતા નિહાળી.

અને... હવે નિહાળીએ એમની કૃતિસંબંધી વિશેષતાઓ.

* * *

પૂર્વે જણાવ્યું હતું કે પૂ. સાગરજી મ.ની પ્રવચનધારાને-શાસ્ત્રબોધને હજારો જિજ્ઞાસુ સુધી પ્રસારિત કરતું હતું 'સિદ્ધચક્ર' સામયિક. 'સિદ્ધચક્ર'ના સમાનાર્થી 'નવપદ' ભગવંતની નવ સંખ્યાને નજર સમક્ષ રાખી નવ બાબતો દ્વારા જેમ પૂજ્યશ્રીનાં વ્યક્તિત્વનો નિર્દેશ કરાયો, તેમ હવે એ જ નવ સંખ્યાને નજરમાં રાખી અહીં પ્રકાશિત કૃતિઓ પૈકી નવ કૃતિઓની ઝલકો દર્શાવવા દ્વારા પૂજ્યશ્રીનાં કતૃત્વનો-સર્જનનો નિર્દેશ થશે :

(૧) अर्हच्छतकम् :- પ્રભુશાસનમાં સો શ્લોકો-ગાથાનું કદ

ધરાવતી વૈરાગ્યશતક-સામ્યશતક-સમાધિશતક વગેરે કૃતિઓ પ્રસિદ્ધ છે. એ કૃતિઓની જેમ ચિરઃકાલીન સ્થાન પામી શકે એવી આ કૃતિ છે. 'વીતરાગસ્તોત્ર' પ્રભુભક્તિની કૃતિ છે, તેમ આ પણ પ્રભુભક્તિની કૃતિ છે. ફર્ક એટલો છે કે વીતરાગસ્તોત્રમાં મુખ્યત્વે કવિત્વની અભિવ્યક્તિ સાથે ભક્તિપ્રવાહ વહે છે, જ્યારે અહીં મુખ્યત્વે તર્કની અભિવ્યક્તિ સાથે ભક્તિપ્રવાહ વહે છે. આપણે આ કૃતિમાં પૂજ્યશ્રીએ પ્રભુના મહાગોપ આદિ ચાર વિશેષણોના સંદર્ભમાં કરેલ પ્રસ્તુતિઓ નિહાળીએ.

પ્રભુનું પ્રથમ વિશેષણ છે મહાગોપ. મહાગોપ એ છે કે જે ગાય વગેરે પશુઓનું રક્ષણ કરે. પશુતુલ્ય જીવો કોણ અને પ્રભુ એના રક્ષક કઇ રીતે ? એનું નિરૂપણ કરતા પૂજ્યશ્રી લખે છે કે :-

इमे संसारिणो जीवाः, पशुप्राया जडाशयाः।
जन्मान्तादिवशं यान्ति, सिंहस्थानं मृगा यथा।।
इमांस्त्रातुं ततस्तीर्थ–पञ्जरं जिन आदितः।
करोति तेन गीतोऽर्हन्, महागोपतया बुधैः।।

ભાવાર્થ કે આ સંસારી જીવો વાસના-વિવેકશૂન્યતાદિ દૃષ્ટિએ અને બુદ્ધિની જડતાની દૃષ્ટિએ પશુ જેવા છે. મૃગલા જેમ સિંહની નજીક પહોંચી જઇ મરણને શરણ થાય, તેમ સંસારી જીવો પણ કર્મસત્તાના સકંજામાં સપડાઇ ભવપરંપરાની વૃદ્ધિ સાથે પ્રત્યેક ભવે મરણાદિ દુઃખોને શરણ થાય. આવા અશરણ જીવોની રક્ષા માટે પ્રભુ ધર્મતીર્થનું પિંજર રચે છે અને એનો આશ્રય લેનારને જન્મ-મરણની પરંપરાથી બચાવે છે. માટે તેઓને વિદ્વજ્જનો 'મહાગોપ' કહે છે. આમાં સંસારી જીવોને-એમની (જન્મ)મરણપરંપરાને અને ધર્મતીર્થને જે ઉપમાઓ અપાઇ છે તે સચોટ છે.

આની સાથે જ, અન્ય તીર્થિકોના દેવો આ યોગ્યતા ધરાવતા નથી એની તર્કબદ્ધ રજૂઆત કરતા તેઓ કહે છે કે એ દેવો ભલે ખુદને પશુપતિ કહેતા હોય. પરંતુ તેઓ કર્મસત્તાના પંજાથી ગ્રસ્ત છે. એથી જ પુદ્ગલોના આશ્રયે જીવનારા છે અને વાસનાદિથી ગ્રસ્ત છે. ઉપરોક્ત રીતની પશુતાથી તેઓ ખુદ પણ અલગ નથી. પૂજ્યશ્રીના એમના માટેના શબ્દો આ છે કે ''परं ते न पशोर्भिन्ना :'' જેમની પોતાની અવસ્થા આ છે તેઓ સ્વયંને 'પશુપતિ'રૂપે ગણાવે તો ય શું? એમ તો સિંહ પણ 'પશુપતિ' શબ્દથી ઓળખાય છે. પરંતુ એ જીવોનો રક્ષક હરગિજ નથી ગણાતો. એ જ રીતે જીવોના ભાવપ્રાણોનાં રક્ષણની દૃષ્ટિએ અન્યતીર્થિકો પણ 'મહાગોપ' નથી ગણાતા. કેટલી સરસ તર્કબદ્ધતાથી અહીં અરિહંતપરમાત્માનું જ 'મહાગોપ'પણું સિદ્ધ કરાયું છે અને અન્ય તીર્થિકોમાં એનો અભાવ સિદ્ધ કરાયો છે!

બીજું વિશેષણ છે મહામાહણ. જે જીવોને હણે નહિ તે મા-હણ. મહામાહણ તે જ છે કે જે સ્વયં જીવોની અહિંસાનું પાલન કરે અને અન્યોને યથાશક્ય પાલન કરાવે. અન્ય તીર્થિકો માત્ર ત્રસ જીવોમાં જીવત્વનું પ્રતિપાદન કરતા હતા ત્યારે, અરિહંતપ્રભુએ તે ઉપરાંત પૃથ્વી આદિ પાંચે ય સ્થાવરોમાં જીવત્વની ઘોષણા કરી. એટલું જ નહિ, એની પણ અહિંસાનું વિધાન કર્યું. માટે અરિહંતપ્રભુ જ ખરા અર્થમાં 'મહામાહણ' છે. આ પ્રસ્તુતિ કરતાં પૂ. સાગરજી મ. લખે છે કે :-

तत: षण्णां निकायानां, पुत्रवत्पालनापर:।
महामहनइत्युक्तोऽ, र्हन्नेवोत्तममार्गगै:।।

સાથે જ, હાથમાં શસ્ત્રો રાખી ત્રસજીવોની-મનુષ્યોની હિંસા માટે પણ ઉદ્યત અન્ય તીર્થિકોના દેવો પર કટાક્ષ કરતાં પૂજ્યશ્રી લખે છે કે ''आदर्शपुरुषा हिंस्ना-स्तर्हि ब्रूम: परान् किमु?'' મતલબ કે જ્યાં

આદર્શ પુરુષો-ઇષ્ટ દેવતાઓ જ હિંસક હોય ત્યાં અનુયાયીઓની તો વાત જ ક્યાં કરવી?

અરિહંતપ્રભુનું ત્રીજું વિશેષણ છે **મહાનિર્યામક.** નિર્યામક એ છે કે જે સમુદ્રને સામે પાર લઇ જાય. સમુદ્રને રત્નાકર અર્થાત્ રત્નોની ખાણ કહેવાય છે. ઉત્તમ નિર્યામક એ છે કે જે શ્રેષ્ઠ રત્નો ય આપે અને સમુદ્રને સામે પાર પણ લઇ જાય. અરિહંતપ્રભુ એમના અનુયાયીઓને દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શ્રેષ્ઠ રત્નો પણ આપે છે અને સંસારસમુદ્રને સામે પાર પણ લઇ જાય છે. અન્ય કોઇ તીર્થિકોમાં આવી ક્ષમતા નથી. એથી ઉક્ત ઉલ્લેખ કરીને પૂજ્યશ્રી લખે છે કે :-

**महानिर्यामका एते, गीता:शास्त्रे जिनेश्वरा:।**
**नान्ये यद् भवपाथोधौ, शेषा: सर्वे निमज्जका:।।**

ચોથું વિશેષણ છે **મહાસાર્થવાહ.** સાર્થવાહ એ છે કે જે વિશાલ જનસમૂહને એક સ્થાનેથી બીજે સ્થાને લઇ જાય. એમાં કોઇ આફત-તકલીફ આવે તો સાર્થને સુરક્ષા આપવાનું કાર્ય પણ એ જ કરે. પ્રભુ મુમુક્ષુઓરૂપ જનસમૂહને સંસારથી સિદ્ધિ તરફ લઇ જાય છે. એમાં ક્રોધ-કામાદિ દાવાનલ ભભૂકે ત્યારે એનાથી રક્ષા પ્રભુવચનો જ કરે. માટે પ્રભુ મહાસાર્થવાહ હોવાનું જણાવતા પૂજ્યશ્રી લખે છે આ પંક્તિ કેઃ- ''**तथा क्रोधादिदावाग्ने-रत्र रक्षोक्तितोऽर्हताम्.**'' અન્ય તીર્થિક દેવોમાં આ યોગ્યતા નથી. કેમ કે એ સ્વયં રાગ-દ્વેષથી રહિત નથી. માટે સુરક્ષા આપનાર સાર્થવાહ ફક્ત અરિહંત છે...

(૨) **अष्टकबिन्दु: :-** પૂજ્યપાદ સૂરિપુરંદર શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે રચેલ 'અષ્ટક પ્રકરણ' ગ્રન્થના બત્રીશે ય અષ્ટકોમાં જે જે વિષયો વર્ણવ્યા છે તેનો સારભૂત નિર્દેશ માત્ર એકેક

શ્લોકમાં પૂ. સાગરજી મહારાજે આ ગ્રન્થમાં કર્યો છે. આ પ્રસ્તાવનામાં પૂર્વે અમે પૂ. સાગરજી મ.ની લાઘવ શૈલીનો-ઓછામાં ઓછા શબ્દોમાં રજૂઆતની શૈલીનો નિર્દેશ કર્યો હતો. એ લાઘવ શૈલી આ ગ્રન્થમાં સરસ પ્રતિબિંબિત થાય છે. જો કે, પૂજ્યશ્રીનો કોઈ ઈશારોમાત્ર એવો નથી કે પોતે લાઘવ શૈલીના નિષ્ણાત છે. એથી જ તેઓએ સૂચક રીતે ગ્રન્થનું નામ સ્થાપ્યું છે 'અષ્ટકબિંદુ.' મતલબ કે 'અહીં તે તે અષ્ટકોના વિષયોના ફક્ત બિંદુ છે' એમ તેઓનો નિર્દેશ છે. પરંતુ અમને લાગે છે કે તેઓએ ગાગરમાં સાગર જેવો ઉપક્રમ દાખવીને માત્ર એકેક શ્લોકમાં તે તે અષ્ટકના પદાર્થો શક્યતઃ વધુ ને વધુ સમાવ્યા છે. બે-ત્રણ ઉદાહરણો આ અંગે નિહાળીએ :

* પ્રથમ મહાદેવાષ્ટકમાં, પ્રભુની આજ્ઞાનો અભ્યાસ-આજ્ઞાનું યથાશક્ય પાલન અરિહંતપ્રભુની આરાધનાનો ઉપાય હોવાનું જણાવતા ગ્રન્થકાર પરમર્ષિએ શ્લોક રચ્યો છે કે :-

यस्य चाराधनोपायः, सदाज्ञाभ्यास एव हि।
यथाशक्ति विधानेन, नियमात् स फलप्रदः।।

આ શ્લોકના ભાવને પૂ. સાગરજી મહારાજે 'અષ્ટકબિંદુ'ના પ્રથમ શ્લોકમાં માત્ર બે શબ્દોમાં સમાવી લીધો છે કે 'आज्ञयाराद्धः' મતલબ કે પ્રભુની ખરેખરી-ઉત્કૃષ્ટ આરાધના એમની આજ્ઞાનું પાલન છે. આટલા સ્વલ્પ શબ્દોમાં સમગ્ર શ્લોકનો ભાવ સમાવી દેવાય એને લાઘવ શૈલી જ કહેવાય ને ?

*'અષ્ટક પ્રકરણ' ગ્રન્થમાં બાવીશમું અષ્ટક છે ભાવશુદ્ધિનું. આ ભાવશુદ્ધિ માર્ગાનુસારિણી ત્યારે બને કે જ્યારે તે (૧) રાગ-દ્વેષ-મોહરૂપ ભાવમાલિન્યથી રહિત હોય. એને તે જ મહાત્મા પામી શકે કે જે (૨) ગુર્વાજ્ઞાપારતન્ત્ર્યને ઊછળતા બહુમાનથી સ્વીકારતા હોય (૩) શુદ્ધ-

સરલ ચિત્તવાળા હોય (૪) આગમાભ્યાસમાં તત્પર હોય. આ મુખ્ય મુખ્ય પદાર્થો પૂજ્યશ્રી 'અષ્ટકબિંદુ'ના એક જ-બાવીશમા શ્લોકમાં આ રીતે ગૂંથી લે છે કે :-

मार्गानुसारिणी शुद्धि-र्न रागाद्वेर्ग्रहात्मिका।
श्रुतनिष्ठस्य गुर्वादि-मानिनः सा सुचेतसः।।

* 'અષ્ટક પ્રકરણ' ગ્રન્થમાં બત્રીશમું અષ્ટક છે મોક્ષનાં સ્વરૂપનું. તેમાં મોક્ષ (૧) કોઇ પણ પ્રકારની આબાધા-પીડાથી રહિત હોવાનું જણાવાયું છે, તો (૨) બે શ્લોકો દ્વારા મોક્ષના સિદ્ધાત્માઓનું વિશિષ્ટ સ્વાસ્થ્ય દર્શાવાયું છે. (૩) મોક્ષસ્થાન સંપૂર્ણપણે ભયરહિત છે (૪) શાશ્વત છે (૫) માત્ર યોગીજનોને સંવેદ્ય છે. આટલા પ્રમુખ પદાર્થો પૂજ્યશ્રી 'અષ્ટકબિંદુ'ના અંતિમ બત્રીશમા શ્લોકમાં આ રીતે સમાવિષ્ટ કરે છે કે :-

आबाधारहिता मुक्तिः, स्वस्थाऽमोहाऽभयाऽचला।
संवेद्या योगिनामेषा, तद्गा जीवा समे त्विमे।।

(३) आगममहिमा :- આ પ્રસ્તાવનામાં પૂર્વે જણાવ્યું છે તેમ, પૂ. સાગરજી મ.નું અવતારકાર્ય જ જાણે કે આગમોના ઉદ્ધારનું હતું. એથી આગમશાસ્ત્રો પ્રત્યેની પ્રગાઢ પ્રીતિ-ઉત્કટ હાર્દિક અનુસંધાન વગેરે એમનામાં સ્વાભાવિક જ પ્રચુર પ્રમાણમાં નિહાળવા મળે. સ્વ. આગમપ્રભાકર પૂ. મુનિવર શ્રી પુણ્યવિજયજી મ. વગેરે અધિકૃત વિદ્વાનોએ પ્રસંગોપાત્ત એની નોંધ લીધી છે. પૂજ્યશ્રીની આ આગમપ્રીતિ એમનાં ગ્રન્થસર્જનોમાં પણ ઝળહળે છે. એથી જ આ એમના સર્જનસંગ્રહમાં (૧) આગમમહિમા (૨) આગમમહિમાસ્તવ (૩) આગમસંગ્રહસ્તવ (૪) આગમસુગમતાસ્તવ (૫) આગમાધિકાર-ષટ્ત્રિંશિકા (૫) આગમાર્થ પ્રાધાન્યસ્તવ જેવા અનેક આગમસંલગ્ન

ગ્રન્થો નિહાળવા મળે છે. તેમાં સૌથી વિસ્તૃત અને છંદોની વિવિધતાસભર રચના છે ૨૪૬ શ્લોકમય આ આગમમહિમાગ્રન્થની. પૂજ્યશ્રીનું છંદઃશાસ્ત્રસંબંધી જ્ઞાન કેવું વિશદ હતું તે આ રચનામાં નિહાળાય છે. વસંતતિલકા-શિખરણી-સ્રગ્ધરા-આખ્યાનકી-શાર્દૂલ વિક્રીડિત-પંચચામર-દ્રુતવિલંબિત-ઇન્દ્રવજ્રા-શ્યેની વગેરે છંદો ઉપરાંત અહીં ઉપજાતિછંદ અલગ અલગ એટલી અઢળક પદ્ધતિના મળે છે કે છંદઃશાસ્ત્રનું સામાન્ય જ્ઞાન ધરાવનાર ચકરાવો ખાઇ જાય. ઉપરાંત ચર્પટપંજરિકાની જેમ ગાઇ શકાય તેવા શ્લોકો અલગ.

અન્ય એક નોંધપાત્ર બાબત છે રચનાની મિષ્ટતા. પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજીગણિવરના 'હમ મગન ભયે...૦, મેરે સાહિબ! તુમ હી હો...૦' જેવા મધુર સ્તવનો એવા જ માધુર્યસભર રાગમાં ગાઈએ ત્યારે ક્ષણાર્ધ માટે મનમાં એમ થાય કે જેમની કલમમાંથી બુદ્ધિને થકવી દે એવા તીક્ષ્ણ તર્કો પ્રગટ્યા છે એમની જ કલમમાંથી આવું માધુર્ય પણ કઈ રીતે નીતર્યું હશે? બસ, કાંઇક આવી જ સમસ્યા ક્ષણભર આ ગ્રન્થના મધુર શ્લોકો વાંચતા થાય કે જે પૂ. સાગરજી મ.ની કલમમાંથી દિગંબરમાન્યતા-ખરતરમાન્યતા-બાલદીક્ષાવિરોધ સામે તર્કના તાતાં તીર છૂટ્યા હોય એ જ પૂ. સાગરજી મ.ની કલમમાંથી આવા સરસ માધુર્યભર્યા શ્લોકો શી રીતે પ્રગટ્યા હશે? કેટલાક શ્લોકમાં તો શંકરાચાર્યની ચર્પટપંજરિકાની રચનાશૈલીનું સ્મરણ થાય. એક આવો શ્લોક આ 'આગમ-મહિમા' ગ્રન્થનો જોઈએ કે : -

**भज शास्त्रालिं भज शास्त्रालिं, शास्त्रालिं भज मूढमते!**
**जिनपतिगदितां गणपतिवितता मुनिजनमान्यतरां विमलाम्।**
**नरभवनिकरोऽसमफलविसरो भावितभावो मतद्वौःस्थ्यो,**
**नम्रशिरस्को विगतरजस्को भवति नरस्तद्भजनमनाः।।**

આ શ્લોક ગાતાં યાદ આવે શંકરાચાર્યના શ્લોકની પંક્તિ કે ''भज गोविन्दं भज गोविन्दं भज गोविन्दं मूढमते।''. આ ઉપરાંત 'जिनपतिगदितां गणपतिविततां०' 'नरभवनिकरोऽसमफलविसरो०' 'नम्रशिरस्को विगतरजस्को०' શબ્દોમાં અનુપ્રાસ તેમજ માધુર્ય સરસ છલકાય છે.

હવે વિચારીએ આગમના મહિમાની મુખ્યતાએ પૂજ્યશ્રીનું વિધાન. ગ્રન્થના આઠમા શ્લોકમાં તેઓ ફરમાવે છે કે ''સંસારસાગર તરવા માટે જીવને દેવ-ગુરુ અને ધર્મ : આ ત્રણ એકદમ યોગ્ય-શ્રેષ્ઠ આલંબન છે. પરંતુ એ જ ત્રણ જો આગમવચનથી નિરપેક્ષ હોય તો તે જ ક્ષણે ક્ષણ સંસારવૃદ્ધિનું કારણ બને. અન્યતીર્થિકોના દેવ આગમનિરપેક્ષ દેવ છે, અન્યતીર્થિકોના ગુરુ અથવા મહાવ્રતાદિનાં પાલનમાં શિથિલ સ્વલિંગી શ્રમણો આગમનિરપેક્ષ ગુરુ છે; તો અન્યતીર્થિકોનો ધર્મ અથવા વિધિ-આશય વગેરેની દૃષ્ટિએ દૂષિત ધર્મ આગમનિરપેક્ષ ધર્મ છે. એ ક્યાંથી સંસારતારક બને ? પૂજ્યશ્રી બહુ સરલ ભાષામાં આ પ્રસ્તુતિ કરે છે કે :-

देवो गुरुर्धर्म इति त्रयं जने, भवाम्बुधेर्निस्तरणाय योग्यम्।
तदेव चेदागमवाङ्निरस्तं, प्रतिक्षणं संसृतिवृद्धिकारि।।

(૪) आराधनामार्गः :- પૂ. સાગરજી મ.નાં જીવનની અંતિમ રચના હોય તો તે છે આ 'આરાધનામાર્ગ.' ૧૭૦૦ થી અધિક શ્લોકપ્રમાણ આ રચનામાં કેટલાક વાક્યો-સૂત્રો છે, કેટલાક અર્ધ શ્લોક છે; તો કેટલાક શ્લોકો પણ છે. આ ગ્રન્થની રચનાસંવત્ ૨૦૦૬ છે અને તે જ વર્ષે પૂજ્યશ્રી કાલધર્મ પામ્યા છે. કલ્પના કરો કે અંતિમ અવસ્થામાં વ્યક્તિનો દેહ વ્યાધિગ્રસ્ત હોય ત્યારે એની મનઃસ્થિતિ શાસ્ત્રપદાર્થોમાં રમતી હોય કે શારીરિક વ્યાધિની ચિંતાઓમાં ? તટસ્થ ઉત્તર એ મળે કે જો વ્યાધિ દુઃસહ હોય તો એની ચિંતામાં જ મન પરોવાયેલું રહે. યાદ રહે કે

દેહાત્મભેદજ્ઞાન હોવું અલગ વાત છે અને ભયાનક દેહપીડાસમયે દેહાત્મભેદાનુભૂતિ કરવી અલગ વાત છે. ભલભલી જ્ઞાની ગણાતી વ્યક્તિઓ આ પરિસ્થિતિમાં નાસીપાસ થઈ જતી હોય છે. આ પરિસ્થિતિમાં દીર્ઘકાલીન શારીરિક વ્યાધિ વચ્ચે ય પૂજ્યશ્રી આ આરાધનામાર્ગ-પંચસૂત્રતર્કાવતાર જેવા ગ્રન્થો રચે એ એમની ઉત્કટ જ્ઞાનરમણતાના દ્યોતક છે.

એમાં ય આ 'આરાધનામાર્ગ' અન્ય ગ્રન્થો કરતા અલગ પડે છે. અમને એમ લાગે છે કે આ આરાધનામાર્ગ, ગ્રન્થ કરતાં ય વિશેષ તો અંતિમ અવસ્થામાં પૂ. સાગરજી મ. કેવી વિચારસરિતામાં ઝીલી રહ્યા હતા તેનું પ્રતિબિંબ છે. કેમ કે આ ગ્રન્થમાં કોઈ એક સળંગ વિષયનો પ્રવાહ હોય એવું નથી, તો એનું લેખન પણ સળંગ સમયબદ્ધ નથી. જ્યારે જ્યારે શારીરિક અનુકૂળતા રહી ત્યારે ત્યારે તે તે આરાધનોપયોગી વિચારો પૂજ્યશ્રીએ શબ્દસ્થ કર્યા છે. આપણે એમાંથી સર્વપ્રથમ પૂજ્યશ્રીની દર્શન-જ્ઞાન-ચારિત્રસંબંધી પ્રસ્તુતિને માણીએ :

* દૃઢ સમ્યગ્દર્શની આત્મા એમ માને કે પ્રભુનાં શાસન જેવું અન્ય કોઈ શાસન નથી અને સંસારનિસ્તાર માટે પ્રભુથી ચડિયાતા કોઈ વ્યક્તિ-વિભૂતિ નથી. આ બન્ને વાતો પૂજ્યશ્રી અહીં પ્રસ્તુત કરે છે કે "जगत्यशेषे तव दर्शनादृतेऽ, विपर्ययं नाऽस्ति परं तु दर्शनम्" (-૨૨) મતલબ કે હે ભગવંત, સમગ્ર જગતમાં તારા દર્શન (ધર્મ) સિવાય એવું એક પણ દર્શન નથી કે જે પૂર્વાપર અવિરોધી હોય. તો અન્યત્ર તેઓ લખે છે કે "तारके वीतरागेऽपि, तितीर्षुः किं श्रयेत् परम् ?" (-૪૦) ભાવાર્થ કે હે વીતરાગી વિભુ, આપના જેવા તારક નજર સામે હોય તો પછી સંસાર તરવાના અભિલાષીએ અન્ય કોઈ દેવનો આશ્રય લેવાની જરૂર જ શી છે ?

* જ્ઞાની એટલે? માત્ર શ્લોકો-શાસ્ત્રો કંઠસ્થ કરી જનાર વ્યક્તિ ? ના. જ્ઞાની ખરો તે છે જે અઢળક વિપરીતતાઓ-વ્યાઘાતોમાં કે

અઢળક અનુકૂળતાઓમાં તણાયા વિના તટ-સ્થ રહી, જ્ઞાતા-દૃષ્ટા રહી, તત્ત્વસંવેદન કરે. પૂજ્યશ્રી આ અર્થમાં કેવા જ્ઞાની હતા તે આ ગ્રન્થના કેટલાક સૂક્તોમાં નિહાળાય છે. આપણે એવું ચોક્કસ અનુમાન કરી શકીએ કે આ સૂક્તો પોતાના શારીરિક વ્યાધિઓના સંદર્ભમાં વિચારાયેલા-લખાયેલા હશે :

(૧) न चिन्तया ते नियतेर्निवर्तनम् (-૯૫). અર્થાત્ તારી ચિંતાઓનાં કારણે નિયતિમાં-અવશ્યંભાવી બાબતોમાં કોઈ પરિવર્તન આવવાનું નથી. માટે કોઈ પણ વિષમતાઓ પર ચિંતા ન કર.

(૨) क्षमस्व धैर्यं मनसा विधाय, बहूनि कर्माणि क्षिणोति तस्मात् (-૯૬) માટે હે જીવ! મનથી ધૈર્ય ધરી તે વિષમતાઓ સહન કરી લે. એનાથી અઢળક કર્મોની નિર્જરા થાય છે.

(૩) धर्मध्याने स्थितिं कृत्वा, पुराणाऽघक्षयं कुरु (-૧૦૦) ધર્મધ્યાનમાં મન લીન કરીને પુરાતન કર્મોનો તું પ્રબળપણે ક્ષય કર.

* ચારિત્રધર એ છે કે જે પ્રભુએ દર્શાવેલ પંચમહાવ્રતાદિમય આચાર તો પાળે જ, ઉપરાંત પ્રબળ વૈરાગ્યવંત હોય. વૈરાગ્ય ચારિત્રનું Heart છે. એના વિના ચારિત્ર યથાર્થ પાળી ન શકાય. પૂજ્યશ્રી આ વૈરાગ્ય માટે લખે છે કે :-

स एव वैराग्यमुपैति जन्मी, यः शीघ्रमाप्ताऽव्यय-सौख्यराजिम् (-૨૩૧) અર્થાત્ તે જ આત્મા ઉત્તમ વૈરાગ્યને પામે છે કે જે બહુ શીઘ્રપણે મુક્તિપદ પામનાર હોય.

वैराग्यान्न परं त्राणं, भवभीतिभरान्नृणाम् (-૨૩૨) સંસારના વિવિધ ભયોથી ઘેરાયેલ જીવોને વૈરાગ્યથી ચડિયાતું કોઈ રક્ષણ નથી.

રત્નત્રયી અંગેની આ અનુભૂતિમિશ્રિત પ્રસ્તુતિ બાદ તેઓ લખે છે

કે ''कथं मोक्षं गमी स स्याद्, यो न रत्नत्रयीं श्रयेत्.'' (-૨૩૮) એટલે કે જે રત્નત્રયીનો આશ્રય નથી કરતો એ આત્મા મોક્ષે ક્યાંથી જશે?

હવે 'આરાધનામાર્ગ'ના એવાં સૂક્તો પર નજર કરીએ કે જેમાં અમને તો પૂ. સાગરજી મ.ની અંતિમ દિવસોની સ્વાનુભૂતિભરી વિચારશ્રેણિ જ પ્રતિબિંબિત થતી ભાસે છે :

* ध्रुवं भावी मोक्षो, यदि तव हृदि स्यात् शमरूचिः (-૩૫૧) અર્થાત્ હે જીવ! જો તારા હૃદયમાં શમરુચિ-શાંત ભાવ છે તો તારો મોક્ષ નક્કી છે.

* दीर्घव्यथा नराः क्षुब्धाः, सदाऽक्षुब्धा व्यथेक्षिणः (-૪૨૮/ ૨૯) દીર્ઘકાલીન દેહપીડા ધરાવનાર લોકો ક્ષુબ્ધ-કંટાળેલ હોય છે. પરંતુ જેઓ એ વ્યથા-પીડાને માત્ર જોનાર જ છે, એમાં લેપાનાર નથી અર્થાત્ દૃષ્ટાભાવ ધરાવનારા છે, તેઓ કાયમ એ પીડાઓ વચ્ચે ય અક્ષુબ્ધ રહે છે.

* शुद्धात्मरूपं सततं विचिन्तय (-૫૮૯) હે જીવ ! તું તારા શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતનકર.

* उपेक्षा शुद्धभावो वा, संसाराब्धिप्रबाधकः (-૫૯૦) મતલબ કે વ્યાધિ વગેરે વિભાવદશાની ઉપેક્ષા અથવા શુદ્ધ આત્મભાવમાં રમણતા, સંસારસાગરમાં ભ્રમણ પર Brake લગાવનાર મોટું પ્રબાધક તત્ત્વ છે...

આ 'આરાધનામાર્ગ' ગ્રન્થ વસ્તુતઃ પૂ. સાગરજી મ.માં જીવંત આરાધનામાર્ગનો સૂચક ગ્રન્થ છે...

(૬) उपकारद्वादशिका :- વિ.સં. ૨૦૦૫માં પૂજ્યશ્રીએ રચેલ આ નાનકડી બાર શ્લોકની કૃતિમાં એ મુદ્દો ઉઠાવાયો છે કે જે વર્તમાનનું

આધુનિક Education પામેલા અને ધર્મશ્રદ્ધાથી વંચિત લોકો અવારનવાર ઉઠાવે છે. એ શ્રદ્ધાશૂન્ય લોકો એમ કહેતા હોય છે કે ‘સાધુઓ લોકો પાસેથી અન્ન-જલ-વસ્ત્રાદિ લે છે, તો પોતે સમાજને કાંઇ વળતર કેમ નથી આપતા? જે નિર્ધન-દુઃખી હોય એમનાં દુઃખ એમણે દૂર કરવા જોઈએ ને?’ પૂજ્યશ્રી આ કૃતિમાં એનો શાસ્ત્રીય અને યુક્તિપુરસ્સર ઉત્તર આપે છે કે ઉપકાર બે પ્રકારના છે : દ્રવ્ય અને ભાવ. આહાર-ઔષધ-ધન આદિનું દાન એ દ્રવ્યોપકાર છે. સાધુ એ આપવારૂપે દ્રવ્યોપકાર એટલે નથી કરી શકતા કે તેઓ અપરિગ્રહમહાવ્રત ધરાવે છે. જે સ્વયં અપરિગ્રહી છે તે બીજાને દ્રવ્યદાન ક્યાંથી કરે?

આનાથી ય અધિક મહત્ત્વનો તર્ક તેઓ એ કરે છે કે દ્રવ્યોપકાર અત્યંત ફળ ન આપતો હોવાથી એ આત્યંતિક નથી. વળી દ્રવ્યોપકાર એકાંતે-અવશ્ય કરવો જરૂરી ન હોવાથી એ ઐકાંતિક પણ નથી. જ્યારે ભાવોપકાર દ્રવ્યોપકાર કરતા અત્યંત ફળ આપનાર હોવાથી આત્યંતિક છે અને અવશ્ય જરૂરી હોવાથી ઐકાંતિક છે. સાધુ આવો ભાવોપકાર કરે છે જ્ઞાનદાનરૂપે. ઠેર ઠેર વિચરતા શ્રમણો ધર્મોપદેશ દ્વારા સંઘ-સમાજ પર એવો જબરજસ્ત ભાવોપકાર કરે છે કે એની સામે આહાર-ઔષધ-ધનદાનરૂપ દ્રવ્યોપકાર કોઇ વિસાતમાં નથી. પૂજ્યશ્રી આ ચર્ચાના સારરૂપે અંતિમ બે શ્લોકો આ પ્રસ્તુત કરે છે કે :-

ततो ज्ञानादिदानेनो-पकारं जगतां मुनिः।  
कुर्यात् स स्याद्यतोऽत्यन्तै-कान्तसौख्यविधानकृत्॥  
परिग्रहाद् ये विरता मुनीन्द्राः, शिवाध्वसिद्धयै विहितावधानाः।  
ते सेवकेभ्यो ददतोऽपवर्ग-मार्गं सदानन्दसुखैकहेतोः॥

(૬) क्षमाविंशतिका :- વિ.સં. ૨૦૦૫માં પૂજ્યશ્રીએ રચેલ વીશ શ્લોકની આ નાની શી કૃતિ વિષયની અને પ્રસ્તુતિની દૃષ્ટિએ

ધ્યાનાકર્ષક છે. કારણ કે ક્ષમાને પ્રભુશાસને ખૂબ મહત્ત્વ આપ્યું છે. વંદનાદિ નિત્યક્રિયામાં 'खमासमणो' શબ્દપ્રયોગ દ્વારા સાધુને ક્ષમાશ્રમણરૂપે ઓળખાવાયા છે, તો કલ્પસૂત્રમાં ''जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा, तम्हा अप्पणा चेव उवसमियव्वं'' પંક્તિ દ્વારા આરાધકમાત્રને ઉપશાંત થવાનો-ક્ષમાશીલ રહેવાનો ઉપદેશ અપાયો છે. સાર એ થયો કે આ કૃતિ શ્રમણને અને આરાધકમાત્રને એવી ઉપયોગી છે કે જે એમનાં જીવનધ્યેયને સુનિશ્ચિત કરે અને એ ધ્યેય સુધી પહોંચવામાં માર્ગદર્શક બને. આવો, આપણે આ કૃતિનાં કેટલાક વિચારવારિનું આચમન કરીએ :

* ગ્રન્થના પ્રથમ શ્લોકમાં જ વિષયનો ઉપાડ બહુ સરસ અપાયો છે કે :-

क्रोधस्य निर्निमित्तस्य, यो विधाता न गण्यते।
विदुषां समवाये यन्-न स प्रेक्षापरः पुमान्।।

આ શ્લોકમાં તેઓ એમ જણાવે છે કે જે વ્યક્તિ કારણ વિના (અથવા સાવ તુચ્છ-સામાન્ય કારણસર) ક્રોધ કરે છે તે વિદ્વજ્જગતમાં સ્થાન પામતી નથી કે વિચારક પણ ગણાતી નથી. શ્લોકમાં જે 'નિર્નિમિત્ત' શબ્દ છે તે ખૂબ ધ્યાનાકર્ષક છે. નિર્નિમિત્તનો અર્થ છે કારણ વગર. અમે એનો અર્થવિસ્તાર કરીને એ રીતનું અર્થઘટન કર્યું છે કે કારણ વગર અથવા સાવ સામાન્ય-તુચ્છ કારણસર. આ 'નિર્નિમત્ત' શબ્દના આધાર પર જીવોના ત્રણ પ્રકાર કરી શકાય એવું અમારું ચિંતન છે.

પહેલા પ્રકારના જીવો એ કે જેઓ નિનિર્મિત્ત ક્રોધ કરે. પૂજ્યશ્રી કહે છે તેમ આવા જીવો વિદ્વાન-સમજદાર ન ગણાય, સમજશૂન્ય ગણાય. ચંડરુદ્રાચાર્યાદિની જેમ એ કદાચ જ્ઞાનની દૃષ્ટિએ ભલે વિદ્વાન ગણાય,

પરંતુ સમજણની દૃષ્ટિએ વિદ્વાન ન ગણાય... બીજા પ્રકારના જીવો એ છે કે જેઓ કોઇ મોટું-સબળ નિમિત્ત હોય તો ક્રોધ કરે. કારણની સબળતાનાં કારણે આવો ગુસ્સો સમાજદૃષ્ટિએ ન્યાયયોગ્ય ગણાતો હોવાથી આ બીજા પ્રકારની વ્યક્તિ સમાજદૃષ્ટિએ સમજદાર-હોંશિયાર ગણાય, અણસમજુ ન ગણાય... ત્રીજા પ્રકારના જીવો એ છે કે જેઓ ક્રોધનાં પ્રબળ નિમિત્ત હોય તો ય ક્રોધ ન કરે, બલ્કે સામી વ્યકિતની કનડગતને ઉપસર્ગ સમજી સ્વસ્થતાથી સહન કરી લે. ગજસુકુમાલમુનિ-મેતાર્યમુનિ-ખંધકમુનિ વગેરે અઢળક ઉદાહરણો આ ત્રીજી કક્ષામાં આવે. પહેલા પ્રકારના જીવો **સમજશૂન્ય છે,** બીજા પ્રકારના જીવો (સમાજદૃષ્ટિએ) **સમજદાર** છે; તો આ ત્રીજા પ્રકારના જીવો સાચા અર્થમાં **સંત** છે. સંતની એક વ્યાખ્યા આ છે કે **'જે શાંત હોય તે સંત.'** નિર્નિમત્ત ક્રોધની વાતથી શરૂઆત કરનાર પૂજ્યશ્રી જાણે કે આપણને કહી રહ્યા છે કે નક્કી તમારે કરવાનું છે કે તમારે ત્રણમાંથી કઇ કક્ષામાં સ્થાન હાંસલ કરવું છે?

આ જ શ્લોકમાં પૂજ્યશ્રી અન્ય એક ધ્યાનાકર્ષક શબ્દ લખે છે 'પ્રેક્ષાપર.' પ્રેક્ષાપર એટલે વિચારપૂર્વક કાર્ય કરનાર. જે નિર્નિમત્ત ક્રોધ કરે છે એ પ્રેક્ષાપર નથી-અવિચારી છે એમ પૂજ્યશ્રી જણાવે છે.

* ચોથા શ્લોકથી પૂજ્યશ્રી આત્મનિરીક્ષણની મજાની વાત કરે છે કે **''યેનાક્રોશત્યયં માં સ, દોષો મય્યસ્તિ વા ન વા?''** એટલે કે જે કારણે સામી વ્યક્તિ મારા પર ગુસ્સો કરે છે એ કારણ-એ દોષ મારામાં છે કે નહિ? એવું આત્મનિરિક્ષણ આપણે કરવું. જો એ દોષ આપણામાં હોય તો પછી ગુસ્સો કરવાની આપણે કાંઇ જરૂર નથી. કેમ કે સામી વ્યક્તિનું કારણ સાચું છે. અગર જો આપણામાં એ દોષ નથી, તો સામી વ્યક્તિ

અસત્ય આરોપ કરે છે. એમાં પણ ગુસ્સો કરવાની જરૂર નથી. કારણ કે સામી અજ્ઞાની વ્યક્તિ જૂઠ બોલે તો આપણે એને ક્યાં અટકાવી શકવાના છીએ? ઉપેક્ષા કરવી. આપણે ગુનેગાર હોઈએ તો ય અને ગુનેગાર ન હોઈએ તો ય ગુસ્સો ન કરવાની કેટલી સરસ વાત અહીં કરાઈ છે!

આ પ્રસ્તુતિનાં અનુસંધાનમાં યાદ આવે છે પૂજ્યપાદ પરમગુરુદેવ **યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.**નો એક જીવનપ્રસંગ. વિ.સં.૨૦૧૬ થી ૨૦૩૨ દરમ્યાન પૂજ્યશ્રીનાં ચાતુર્માસો મુંબઇના અલગ અલગ ઉપનગરોમાં થયા. એ દરમ્યાન સમગ્ર મુંબઇની કાયાપલટ થવા સાથે શ્રી સંઘોમાં એંશી જેટલા જિનમંદિરો-અનેક વિરાટ ઉપાશ્રયો આદિ સર્જાયા હોવાથી બહુસંખ્ય વિચારક વર્ગને પૂજ્યશ્રીનું મુંબઇમાં વિચરણ કલ્પવૃક્ષ સમ લાભદાયી લાગતું હતું. એ વર્ષોના શેષકાળમાં પૂજ્યશ્રી ગુજરાત-મહારાષ્ટ્રના દૂર દૂરના પ્રદેશોમાં ય વિચરતા હતા. છતાં એક વ્યક્તિએ અખબારમાં પૂજ્યશ્રીની ટીકા કરી કે ''સાધુઓથી મુંબઇમાં દીર્ઘ સ્થિરતા ન કરાય વગેરે વગેરે.'' ટીકા વાંચીને ઘણા સંઘોના અગ્રણીઓ ઉશ્કેરાઇને આનો જડબાતોડ જવાબ આપવાની વિનંતિ સાથે પૂજ્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રીએ હસતા હસતા ઉત્તર આપ્યો કે :-

''अरुन्तुदैर्वचःशस्त्रै-स्तुद्यमानो विचिन्तयेद्।
चेत्तथ्यमत्र कः कोपः, अथवोन्मत्तभाषितम्।।''

ભાવાર્થ કે તીક્ષ્ણ વચનબાણથી કોઇ આપણા પર મર્મઘાત કરે તો વિચલિત થયા વિના એ વિચારવું કે આમાં જો તથ્ય છે તો ગુસ્સો શા માટે કરવો? અથવા જો તથ્ય નથી તો એમ વિચારવું કે આ તો ઉન્મત્ત વ્યક્તિની વાતો છે. એનો પ્રતીકાર શો?

પૂ. સાગરજી મહારાજે 'ક્ષમાવિંશતિકા'ના શ્લોક ચારથી સાતમાં જે વિચારો પ્રસ્તુત કર્યા છે એની બિલકુલ Replica પૂજ્યશ્રીએ ઉત્તરરૂપે કહેલ આ શ્લોક ગણી શકાય.

* નવમા શ્લોકમાં પૂ. સાગરજી મ. સરલ-સરસ દલીલ કરે છે કે :-

''न जगति केनाऽपि, कस्याऽपि परिवर्तितुम्।
स्वभाव: शक्यते त्वं किं, शक्तोऽज्ञस्यापि तत्कृतौ।।''

ભાવાર્થ કે સામાન્યપણે આ વિશ્વમાં કોઇ કોઈનો સ્વભાવ આસાનીથી બદલી શકતું નથી. તો પછી તું સામી અજ્ઞાની વ્યક્તિનો સ્વભાવ ક્યાંથી બદલી શકીશ? એના કરતા ઉપેક્ષા જ હિતાવહ છે...

(૭) गुणग्रहणशतकम् :- પૂ.સાગરજી મ. જ્યારે પંન્યાસપદારૂઢ હતા ત્યારે રચાયેલ આ સો શ્લોકના ગ્રન્થમાં ગુણાનુરાગનું મહિમામંડન છે. અમે પ્રવચનોમાં ઘણી વાર પ્રતિપાદન કરીએ છીએ કે અઢળક ગુણોના માલિક બનવું હોય તો બે સરલ ઉપાય છે : (૧) ગુણાનુરાગ. નાનો યા મોટો કોઇ પણ ગુણ કોઇમાં નિહાળતાં હૈયું પ્રમુદિત થઇ જાય તો, આજે નહિ તો કાલે એ ગુણ આપણાં જીવનમાં આત્મસાત્ થશે જ. એથી જ કહેવાયું છે કે ''इग सिक्ख गुणानुराओ'' અર્થાત્ એકમાત્ર ગુણાનુરાગ શીખી જાવ. કામ તમામ થઇ જશે. (૨) વિનયશીલતા. વિનયગુણમાં પણ એ સામર્થ્ય છે કે એ તમામ ગુણોનું આકર્ષણ કરે- એ ગુણોને ખેંચી લાવે. એથી જ પ્રશમરતિગ્રન્થકાર કહે છે કે ''विनयायत्ताश्च गुणा: તમામ ગુણો વિનયગુણને આધીન છે.

ગુણપ્રાપ્તિ માટેના આ બે પૈકીના પ્રથમ ઉપાયરૂપ ગુણાનુરાગ- ગુણગ્રહણને કેળવવા માટે દોષોથી-દોષદષ્ટિથી ઉપર ઊઠવું જોઇએ. પૂજ્યશ્રી એ માટેની જે સચોટ હૃદયસ્પર્શી વાતો આ ગુણગ્રહણશતક-

ગ્રન્થમાં કરે છે એના ચમકારા નિહાળીએ :

* સાતમા શ્લોકમાં પૂજ્યશ્રી દોષો પ્રત્યે ધિક્કારભાવ પ્રગટાવવા એક મસ્ત અને મૌલિક તર્ક રજૂ કરે છે કે રજ-ધૂળ દોષરૂપ-મલિન તત્ત્વ ગણાય છે. આ મલિન-ખરાબ ગણાતી ધૂળ પણ જ્યારે ગુરુનાં ચરણને સ્પર્શે છે ત્યારે એ ખરાબના બદલે સારી સારી ગણાય છે અને ભલભલા ભક્તો-ભૂપો પણ એને આદરથી મસ્તકે ચડાવે છે. મતલબ કે ધૂળ ગુરુસંપર્કથી પવિત્ર બની જાય છે. પણ...સબૂર! દોષો તો એવા અપવિત્ર છે કે ગુરુજનોનો સંપર્ક પામે ત્યારે એ પવિત્ર તો થતા નથી, બલ્કે એ ગુરુને પણ અભડાવી દે છે! માટે ત્રણ લોકમાં દોષોથી ચડિયાતી અપવિત્ર બાબત એકે ય નથી કે જે પવિત્ર થતી નથી ને સૌને અભડાવે છે. આ પ્રસ્તુતિ કરતાં પૂજ્યશ્રીના શબ્દો આ છે કે :-

''अपवित्रो न दोषेभ्यो-ऽन्योऽत्रास्ति भुवनत्रये।
रजो गुरुपदस्पृष्टं, पूतं दोषो न कश्चन।।''

* એક પ્રશ્ન ઘણી વાર ઊઠે છે કે દોષિતોની ઉપેક્ષા જ કરવાનું-નિંદા ન કરવાનું વલણ રખાય તો દોષિતો-દુષ્ટોનું વજન વધતું જાય તેનું શું? પૂજ્યશ્રી આનો બહુ સૂક્ષ્મ-માર્મિક ઉત્તર આપે છે કે દોષનિંદાનો નિષેધ નથી, વ્યક્તિનિંદાનો નિષેધ છે : ''न दोषनिन्दनेऽवर्णोऽवर्णो व्यक्तिनिदर्शने।'' ઉદાહરણરૂપે, એક વ્યક્તિ ભયાનક ક્રોધી હોય તો 'આ ક્રોધી છે-દુષ્ટ છે' વગેરે શબ્દો દ્વારા વ્યક્તિલક્ષી નિંદા જરા ય ન કરવી-એ નિંદા દોષરૂપ છે. પરંતુ 'ક્રોધ ચંડાલ છે-ક્રોધથી અગણિત જીવો દુર્ગતિમાં ધકેલાયા છે' એવી દોષલક્ષી નિંદા જરૂર કરવી. એ જરા ય દોષરૂપ નથી. આની એક **Side effect** એ થશે કે ક્રોધ કરનાર વ્યક્તિ ખોટી છે એવો સમાજને ખ્યાલ વ્યક્તિનિંદા વિના પણ આપોઆપ આવશે. સાથે જ આપણું મન વ્યક્તિલક્ષી રાગ-દ્વેષ નહિ અનુભવે.

* આ જ લયમાં આગળ વધતા ગ્રન્થકાર પૂજ્યશ્રી બત્રીશથી ચોત્રીશ ક્રમાંકના શ્લોકોમાં ખૂબ મહત્ત્વની વાત કરે છે કે જો તમે વ્યક્તિનિંદામાં સ-દ્વેષપણે પરોવાઈ જશો તો મૈત્રી આદિ ભાવો તમારામાં કઈ રીતે રહી શકશે? અને જો મૈત્રી આદિ ભાવો જ નહિ હોય તો તમારું ધર્મારાધન નિરર્થક બની રહેશે. મૈત્રી આદિ ભાવોથી મંડિત ધર્મકરણી હોય એ જ વાસ્તવમાં 'ધર્મ' ગણાય છે. પૂજ્યશ્રી આટલું જણાવીને જ વિરમતા નથી. બલ્કે એથી આગળ કમાલભરી રજૂઆત કરે છે કે જે એમની ઉત્તમ વિવેકદષ્ટિની દ્યોતક છે. તેઓ કહે છે કે કુદેવ-કુગુરુ-કુધર્મસંબંધી પ્રરૂપણા કરવાની આવે તો પણ એ વ્યક્તિદ્વેષને આશ્રયીને ન કરવી. કેમ કે વ્યક્તિદ્વેષથી કરાતી આવી વ્યાખ્યા સ્વ અને પર, કોઈનું હિત નહિ કરે. રજૂઆત ભલે વાસ્તવસ્પર્શી હોય. પરંતુ એ પરહિત માટે-અન્યોને સારા/નરસાનો ખ્યાલ પ્રગટે એ માટે જ હોવી જોઈએ, એમાં વ્યક્તિદ્વેષ ન ભળવો જોઈએ. તો જ એ હિતકર બને. વિવેકની Search light ધરતી પૂજ્યશ્રીની પ્રસ્તુતિનો શ્લોક આ છે કે :-

अदेवाऽगुर्वधर्माणां, या व्याख्या साऽपि नो हिता।
व्यक्तिद्विषत आख्याता, किन्त्वन्योपकृतीप्सया।।

(૮) जीवसिद्धि: (पापभीति:) :- વિ.સં. ૧૯૬૮માં પૂજ્યશ્રીએ રચેલ આ કૃતિ ૮૬ શ્લોકની છે. આ ગ્રન્થમાં પ્રારંભે વિવિધ ભારતીય દર્શનોની માન્યતાઓનાં ખંડન સાથે જૈન દર્શન મુજબ જીવત્વની સિદ્ધિ કરાઈ છે. એ દષ્ટિએ એનું 'જીવસિદ્ધિ' નામ યથાર્થ છે. પરંતુ એ પછી સત્તાવીશમા શ્લોકથી ગ્રન્થવિષયની પૂર્ણાહુતિ સુધી વિવિધ રીતે 'પાપભીરુતા' ગુણને જ જબરજસ્ત Highlight કરાયો હોવાથી એનું 'પાપભીતિ' નામ પણ એકદમ સાર્થક છે.

પાપના સંદર્ભમાં જીવોના ત્રણ પ્રકાર કરી શકાય. પ્રથમ ક્રમાંકના

અને ઉત્તમ જીવો છે **નિષ્પાપ.** જેઓ સર્વ કર્મથી મુક્ત છે તે અને જેઓ સાંપરાયિક કર્મબંધથી મુક્ત છે તેઓ આ પ્રકારમાં આવે. આ ભૂમિકા બહુ ઉચ્ચ સાધના દ્વારા સિદ્ધ થાય... બીજા ક્રમાંકના જીવો છે **પાપભીરુ.** ધર્મશ્રદ્ધાવંત સરેરાશ જીવો આ પ્રકારમાં આવે. તેઓ અનાભોગ-અનિવાર્યતા-ઔત્સુક્ય વગેરે કારણે પાપપ્રવૃત્તિ કરી બેસે. સાથે જ ધર્મશ્રદ્ધાથી પ્રગટેલી પાપભીરુતાનાં કારણે હૃદયથી એનો પશ્ચાત્તાપ પણ કરે. એથી એ પાપોની ખાસ ઝાઝી સજા ન પામે... ત્રીજા પ્રકારના જીવો છે **પાપનિષ્ઠુર.** ધર્મથી વિમુખ અને પ્રાયઃ ભારે કર્મી આ જીવોને ન તો પુણ્ય-પાપ જેવી વાતોમાં શ્રદ્ધા હોય, ન તો પાપનો ડર હોય. એ હસી હસીને મજાપૂર્વક-આનંદપૂર્વક પાપો કરે. એથી એને એ પાપોની સજા પણ ઝાઝી મળે.

આપણે ઉચ્ચ સાધના બાદ પ્રાપ્ત થતી નિષ્પાપની ભૂમિકા ભલે તાત્કાલિક પામી ન શકીએ. પરંતુ પાપભીરુતાની ભૂમિકા તો અવશ્ય હાંસલ કરીએ જ. આ દૃષ્ટિબિંદુથી પૂજ્યશ્રી આ ગ્રન્થમાં પાપભીરુતાની ભાવના વારંવાર ઘુંટાવે છે. ગ્રન્થના સત્તાવીશમા શ્લોકથી એકસઠમા શ્લોક સુધીના દરેક શ્લોકોનું ચતુર્થ ચરણ એક જ અપાયું છે કે **''फलदश्चेत् पापभीरुता.''** શું શ્રાવક કે શું શ્રમણ : સહુને પૂજ્યશ્રી આ કુલ પાંત્રીશ શ્લોકમાં એ જણાવે છે કે તમારી શ્રાવકોચિત યા શ્રમણોચિત સર્વ સાધના-આરાધના ત્યારે જ ફલદાયક બનશે કે જ્યારે તમારી ભીતરમાં પાપભીરુતાનો ભાવ જીવંત-જ્વલંત હશે. આપણે એ પાંત્રીશ પૈકીના બે શ્લોકો શ્રાવકસંબંધી અને બે શ્લોકો શ્રમણસંબંધી નિહાળીએ :

* ગ્રન્થના ૨૭-૨૮મા શ્લોકમાં પૂજ્યશ્રી શ્રાવકોને અનુલક્ષીને ફરમાવે છે કે :-

त्रिसन्ध्यमर्हतां पूजा, प्रत्यहं सर्वसम्पदा।
शासनोद्भासनं सम्यक्, फलदश्चेत् पापभीरुता।।
गुरुसेवाकृतिर्नित्यं, दानं च सत्कृतिः शुभा।
शुश्रुषा विनयो भक्तिः, फलदश्चेत् पापभीरुता।।

ભાવાર્થ કે નિત્ય ત્રિકાલ પ્રભુપૂજન, સર્વ-સંપત્તિથી સુંદર શાસન પ્રભાવના, ગુરુની નિત્ય સેવા, દાન, સુંદર સત્કાર્યો, શાસ્ત્રશ્રવણની ઈચ્છા, વિનય, ભક્તિ વગેરે પણ ત્યારે જ પૂરા ફલદાયક બને છે કે જ્યારે હૈયે પાપભીરુતાનો ગુણ ઝળહળતો હોય.

* તો શ્રમણોને અનુલક્ષીને પૂજ્યશ્રી ગ્રન્થના ૫૯-૬૦મા શ્લોકમાં જણાવે છે કે :-

महाव्रतधरो धर्मी, समितिगुप्तिसंयुतः।
अभिग्रहे रतो घोरे, फलदश्चेत् पापभीरुता।।
स्वाध्यायं विदधानोऽपि, चतुःकालं सदा ऋजुः।
वाङ्मयानां जिनोक्तानां, फलदश्चेत् पापभीरुता।।

ભાવાર્થ કે પંચમહાવ્રતધારી, શ્રમણધર્મમાં સંનિષ્ઠ, સમિતિ-ગુપ્તિના પાલક, વિવિધ ઘોર અભિગ્રહોમાં તત્પર, નિત્ય ચાર પ્રહર જિનોક્ત શાસ્ત્રોના સ્વાધ્યાયમાં તત્પર, શ્રમણની તે તે તમામ આરાધના ફલદાયી ત્યારે બને છે કે જ્યારે એનાં હૈયે પાપભીરુતાનો દીવડો ઝગમગતો હોય.

* પાપભીરુતાનો ગુણ વિશેષપણે શેનાથી દૃઢ થાય એ પૂજ્યશ્રી ૭૬મા શ્લોકમાં જણાવે છે કે :-

श्रद्धानात् पापभीरुत्वं, श्रद्धानं धर्मकारणम्।
नाऽश्रद्धानो भवेद् भीरुः, न कदाचित्तथेतरः।।

ભાવાર્થ કે ધર્મશ્રદ્ધાથી પાપભીરુતા વિશેષ દઢ થાય છે, શ્રદ્ધા ધર્મનું કારણ છે. જે અશ્રદ્ધાવંત છે એ પાપભીરુ નથી હોતો અને જે તેનાથી ઇતર અર્થાત્ શ્રદ્ધાવંત છે તે તેવો અર્થાત્ પાપભીતિથી રહિત નથી હોતો. (અહીં શ્રદ્ધાનો અર્થ 'શ્રદ્ધાભિમુખ' સુધી ય કરવો. જેથી માર્ગાનુસારી જીવના પાપભીરુતા ગુણ સાથે વિરોધ નહિ આવે.)

પૂજ્યશ્રીનાં પાપભીરુતાસંબંધી આ સમગ્ર નિરૂપણના સારરૂપે આપણે યાદ રાખીએ આ સરસ સુવાક્ય કે **''હસતા હસતા પાપો કર્યા હશે તો પાપો વળગી જશે અને રડતા રડતા પાપો કર્યા હશે તો પાપો સળગી જશે.''**

(૬) **पञ्चसूत्रवार्तिकम् :–** જૈન સંઘમાં વર્તમાનમાં સર્વત્ર સુપ્રસિદ્ધ 'પંચસૂત્ર'ના પ્રથમ પાપપ્રણિઘાતગુણ બીજાધાન સૂત્ર પર પૂજ્યશ્રીએ જીવનની અંતિમ સંધ્યાનાં વર્ષો દરમ્યાન એટલે કે વિ.સં. ૨૦૦૫માં આ વાર્તિકગ્રન્થ રચ્યો છે. પૂજ્યશ્રીનું છેલ્લામાં છેલ્લું સર્જન જો 'આરાધનામાર્ગ' છે, તો પૂજ્યશ્રીનું છેલ્લામાં છેલ્લું ટીકાસર્જન આ 'પંચસૂત્રવાર્તિક' છે.

જેના પર આ ટીકાગ્રન્થ રચાયો છે તે 'પંચસૂત્ર' ગ્રન્થ પરમ ગીતાર્થ ચિરંતનાચાર્ય પરમર્ષિ દ્વારા પ્રાકૃતભાષામાં ગદ્યમય આલેખાયો છે. કેટલાકના મતે 'પંચસૂત્ર' ગ્રન્થના રચયિતા ૧૪૪૪ ગ્રન્થસર્જક પૂ. સૂરિપુરંદર આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. જ છે. શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે રચેલ 'પંચસૂત્ર'ની ટીકાની અન્ત્ય પ્રશસ્તિ પરથી આવો નિર્દેશ મળતો હોવાનું ઘણા માને છે. ગ્રન્થકર્તા કોઈ પણ હો, પરંતુ ગ્રન્થનો વિષય ખૂબ ઉપકારક અને એની પ્રસ્તુતિ અત્યંત પ્રાંજલ છે. પાંચ વિભાગમાં એ ગ્રન્થ રચાયો હોવાથી એનું 'પંચસૂત્ર' નામ સાન્વર્થ છે. પાંચે ય સૂત્રોના વિષયો પરસ્પર સંલગ્ન અને સંસારથી

સિદ્ધિપદ સુધીની અધ્યાત્મયાત્રાના સુરેખ નકશા સમા છે. પરંતુ 'વાર્તિક' માત્ર પ્રથમ સૂત્ર પર હોવાથી આપણે ફક્ત પ્રથમ સૂત્રના જ વિષયનો સામાન્ય ઉલ્લેખ કરીએ. એ પ્રથમ સૂત્રમાં ચતુઃશરણસ્વીકાર - દુષ્કૃતગર્હા - સુકૃતઅનુમોદનાના વિષયોનું હૃદયંગમ નિરૂપણ છે. આ ત્રણે ય તથાભવ્યત્વના પરિપાકનાં સાધન હોવાથી એનું 'પાપપ્રણિઘાતગુણ-બીજાધાન સૂત્ર' નામ બિલકુલ સાર્થક છે.

આ પ્રથમ સૂત્ર પરના 'વાર્તિક'માં, અતિ શ્રમ-અતિ શાસનકાર્યોની જવાબદારી અને અતિ વૃદ્ધ વય છતાં પૂ. સાગરજી મ.નો શાસ્ત્રબોધ-તાર્કિકતા વગેરે કેવા ઝળહળે છે એની એકેક ઝલક નિહાળીએ. પહેલા નિહાળીએ પૂજ્યશ્રીના શાસ્ત્રબોધની ઝલક :

* 'પંચસૂત્ર'ના પ્રારંભે શ્રી અરિહંત ભગવંતોને નમસ્કાર કરતાં ગ્રન્થકારશ્રીએ પ્રભુના ચાર અતિશયોનો નિર્દેશ ચાર વિશેષણો દ્વારા કર્યો છે. આ વિશેષણો પૈકીના 'देविंदपूइयाणं' વિશેષણનું વિવરણ કરતા વાર્તિકકાર પૂ. સાગરજીમહારાજે લખ્યું છે કે ''सा जिननाम्न उदयादेव.'' એટલે કે આ દેવેન્દ્રપૂજિતતા શ્રી તીર્થંકરનામકર્મના ઉદયથી છે. સામાન્ય પ્રસિદ્ધિ એ છે કે શ્રી તીર્થંકરનામકર્મનો ઉદય પ્રભુની અગ્લાનભાવની દેશનારૂપ છે. તો એમાં દેવેન્દ્રપૂજિતતા ય આવે ખરી? આવી શંકા જિજ્ઞાસુને ન થાય તે માટે પૂજ્યશ્રીએ તુર્ત 'આવશ્યકનિર્યુક્તિ'નો શાસ્ત્રપાઠ આપ્યો કે 'धम्मदेसणाईहिं.'' આવશ્યકનિર્યુક્તિનો પૂરો પાઠ આ છે કે ''तं च कहं वेइज्जइ? अगिलाए धम्मदेसणाईहिं'' અર્થાત્ ''તે તીર્થંકરનામકર્મ કઇ રીતે વેદાય છે? અગ્લાન ધર્મદેશના વગેરે રૂપે વેદાય છે.'' આમાં જે 'વગેરે' શબ્દ છે તેનાથી શાસ્ત્રકારોએ અનેક સ્થળે દેવેન્દ્રપૂજિતતાદિનું ગ્રહણ કર્યું હોવાનું સ્પષ્ટીકરણ પૂજ્યશ્રીએ ત્યાં કર્યું છે. ''नाऽमूलं लिख्यते किञ्चित्'' એટલે કે આધાર વિનાનું કાંઇ લખવું

નહિ, આ જાણે પૂ. સાગરજી મ.નો મુદ્રાલેખ હોય એવી પ્રતીતિ અને અતિ વૃદ્ધ વયે પણ પૂજ્યશ્રીનો શાસ્ત્રબોધ તરોતાજા હોય એવી પ્રતીતિ આ નિરૂપણમાં આપણને થાય છે.

* 'પંચસૂત્ર'કાર ભગવંતે પ્રથમ સૂત્રમાં શ્રી અરિહંત પરમાત્મા માટે એક વિશેષણ આપ્યું છે 'अचिंतचिंतामणी' અરિહંત પ્રભુ રાગ-દ્વેષરહિત હોવાથી આશ્રિતના શત્રુઓનો ક્ષય કરતા નથી કે આશ્રિત પર પ્રસન્ન થઇ જતા નથી. આવા કાંઇ ન કરતા પ્રભુનું શરણ સ્વીકારવાથી શો લાભ? એવો અનર્થકારી વિચાર કોઇ ન કરે એ માટે આ 'अचिंतचिंतामणी' વિશેષણ હોવાનું ફરમાવી પૂ. સાગરજી મ. 'પ્રભુ કાંઇ નથી કરતા' એ વાતનો પ્રત્યુત્તર આ પંક્તિઓ દ્વારા બહુ સચોટ આપે છે કે :-

''चिन्तामण्यादय आराधकविराधकेष्वरक्तद्विष्टा: सन्त आराधकानामिष्टसिद्ध्यादिनेष्टार्थसाधका विराधकानां च दारिद्र्या-पत्त्यादिनाऽनिष्टापादनद्वाराऽनिष्टोत्पादका भवन्ति, भगवन्तोऽर्हन्त: क्षीणरागद्वेषमोहा अपि तद्गुणज्ञानबहुमानाऽदरादिनाऽराधका-नामानन्तर्येण प्राप्यत्वाभिमतमभ्युदयं पारम्पर्येण साध्यत्वेन बहुमानितं नि:श्रेयसं सम्पादयन्ति तदाज्ञाऽनङ्गीकाराऽश्रवप्रवृत्त्यादिभि-र्विराधकानां चाऽनन्तसंसारवृद्धि-दुर्लभबोधित्वादिनाऽनिष्टभरं सम्पादयन्ति।''

આ પંક્તિઓનો ભાવાર્થ એ છે કે જેમ ચિંતામણિરત્નાદિ પોતાના આરાધક-વિરાધક પર રાગી-દ્વેષી ન હોવા છતાં પોતાની વિધિસર આરાધના કરનારને અનેક વાંછિતપ્રાપ્તિ કરાવવારૂપે ઈષ્ટસાધક બને છે અને પોતાની અવજ્ઞા-વિરાધના કરનારને દરિદ્રતાપ્રાપ્તિ આદિ કરાવવારૂપે અનિષ્ટકારક બને છે તેમ શ્રી અરિહંત ભગવંતો દ્વારા ય થાય છે. ભલે તે શ્રી અરિહંત પ્રભુ રાગ-દ્વેષ-મોહરહિત હોય, પરંતુ તેમના

ગુણોના જ્ઞાનપૂર્વક તેમનું બહુમાન-આદરાદિ કરનાર આરાધકોને તેઓ અનંતરપણે પ્રાપ્ય ઈષ્ટ અભ્યુદય અને પરંપરપણે સાધ્ય પરમપદ પ્રાપ્ત કરાવે છે. એ જ મુજબ, જિનાજ્ઞાઅસ્વીકાર-આશ્રવપ્રવૃત્તિ આદિ દ્વારા તેમની વિરાધના કરનારને તેઓ અનંતસંસારવૃદ્ધિ-દુર્લભબોધિતા વગેરે અનિષ્ટની પ્રાપ્તિ કરાવનાર બને છે.

શ્રી અરિહંતપ્રભુ સ્વયં ભલે કોઈને શિરપાવ યા શિક્ષા આપવામાં તત્પર ન હોય-વીતરાગભાવમાં સ્થિર હોય. પરંતુ તેમની ભક્તિ-અભક્તિનાં ફળ શું હોય તે જણાવીને પૂજ્યશ્રીએ પ્રભુનાં શરણની સાર્થકતા બહુ સચોટપણે અહીં પુરવાર કરી છે અને 'પ્રભુ કાંઈ નથી કરતા' આવી વાતનો સબળ પ્રતીકાર પણ અહીં કર્યો છે.

* હવે એક નવી આપત્તિ. કોઈ એમ પણ કહી શકે કે ''જો ઉપરોક્ત દલીલથી વિચારવા જશો તો તમારે સ્વીકારવું પડશે કે પ્રભુ જેમ સદ્ગતિદાતા ગણાય એમ દુર્ગતિદાતા પણ ગણાઈ શકે.'' આ આપત્તિનો અદ્ભુત તર્કથી સખત મજબૂત ઉત્તર પૂજ્યશ્રી આપે છે 'अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं' આ મૂળ સૂત્રપંક્તિનાં વાર્તિકમાં. એ વાર્તિકમાં પૂજ્યશ્રીની તર્કછલકતી પંક્તિઓ આ છે કે :-

''सूर्यादीनां प्रकाशकरत्वाद् यथा दिनकरत्वादि कथ्यते अवटपातादि तु न तत्कृतमिति गीयते, तथा भगवतामपि शिवादिकारणतया शासनस्य प्रणयनादिना शिवादिदातृत्वं कथ्यते परं दुष्टाध्यवसायजन्याया दुर्गतेस्तु प्रमादादिहेतुत्वात् तत्र च परमात्मनां सर्वथा सर्वदा निषेधकत्वेन प्रतिकूलत्वादंशेनाऽपि नाऽस्त्येव कारणत्वं दुर्गत्यादेः। तेनैकान्तहितकरा एवाऽर्हन्तो भगवन्तः।''

આ વાર્તિકમાં પૂજ્યશ્રી એ ભાવનો તર્ક કરે છે કે સૂર્ય પ્રકાશ કરનાર

હોવાથી ‘દિનકર’ આદિ શબ્દોથી ઓળખાવાય છે (શબ્દકોશમાં સૂર્યના પર્યાયી નામો ‘દિનકર’ વગેરે હોય છે.) પણ ધારો કે સૂર્યના એ પ્રકાશમાં, કોઈ વ્યક્તિ ચાલતા ચાલતા સ્વપ્રમાદાદિથી કૂવામાં પડી જાય તો સૂર્યની ઓળખ ‘કૂવામાં પાડનાર’ તરીકેની થતી નથી. એ જ રીતે શ્રી અરિહંત ભગવંતના વિષયમાં વિચારવું કે તેઓ મોક્ષાદિના કારણરૂપ ધર્મશાસનની સ્થાપના કરનાર હોવાથી મોક્ષાદિના દાતારરૂપે કહેવાય છે. પરંતુ દુષ્ટ અધ્યવસાયજન્ય દુર્ગતિના હેતુઓ પ્રમાદાદિ હોવાથી અને પરમાત્મા એના સંપૂર્ણ નિષેધકર્તા હોવાથી કોઈ જીવ પોતાના પ્રમાદાદિથી દુર્ગતિ પામે તો પ્રભુ એમાં કોઈ રીતે કારણરૂપ નથી-જવાબદાર નથી. અરિહંત ભગવંતો તો એકાંત કલ્યાણકારી જ છે.

કેવી તર્કબદ્ધ સચોટ પ્રસ્તુતિ છલકાય છે આ ‘अचिंतचिंतामणी’ અને ‘अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं’ ના વાર્તિકોમાં.

* * *

આ યુગના અપ્રતિમ શ્રુતધર મહર્ષિ પૂજ્યપાદ સાગરજી મહારાજે નવસર્જનરૂપે જે શ્રુતધારા વહાવી એને આ મહાગ્રન્થમાં ઝીલવાનું મહાન પુણ્યકાર્ય કર્યું છે એમની જ શિષ્યપરંપરાના આચાર્ય શ્રી સાગરચન્દ્રસાગરસૂરિજી મહારાજે તથા ૭૫ વર્ધમાનતપઓળીના આરાધક મુનિવર્ય શ્રી વિરાગચન્દ્રસાગરજી મહારાજે. અદ્યાવધિ પૂ. સાગરજી મહારાજના ગ્રન્થો એમની શિષ્યપરંપરાના વિવિધ ભગવંતોએ છૂટાછવાયા પ્રકાશિત કરાવ્યા છે. પરંતુ તે માત્ર એંશી જ ગ્રન્થો છે. એ સિવાયના મોટી સંખ્યાના ગ્રન્થો અપ્રકાશિત રહ્યા હતા. આ મહાગ્રન્થમાં પહેલી જ વાર કુલ ૨૪૦ ગ્રન્થો એટલે કે પૂ. સાગરજી મ.નું તમામ નવસર્જન એક સાથે પ્રકાશિત થઈ રહ્યું છે. આ માટે તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ.

સંસ્કૃત સાહિત્યમાં એક સુભાષિત સુપ્રસિદ્ધ છે કે :-

**विद्वानेव विजानाति, विद्वज्जनपरिश्रमम्।**
**न हि वन्ध्या विजानीयात्, गुर्वी–प्रसववेदनाम्।।**

મતલબ કે વિદ્વાન વ્યક્તિના પરિશ્રમનું મૂલ્યાંકન વિદ્વાન વ્યક્તિ જ કરી શકે, સરેરાશ પ્રાકૃત વ્યક્તિ ન કરી શકે. પ્રસવની વેદનાનો સાચો ખ્યાલ સંતાનવતી સ્ત્રીને જ હોય, વન્ધ્યા સ્ત્રીને કદી નહિ.

મૂળે પૂ. સાગરજી મ.ની રચનાઓ અર્થગંભીર. એમાં વળી અપ્રસિદ્ધ શબ્દપ્રયોગો કરવાની એમની શૈલી. એથી ભલભલા વિદ્વાનો એને પરખવામાં થાપ ખાઇ જાય. પૂર્વે પ્રકાશિત થઇ ગયેલા ગ્રન્થોમાં એવું ઘણે સ્થળે બન્યું છે કે પૂ. સાગરજી મહારાજે કરેલ પ્રયોગો વ્યાકરણદષ્ટિએ અશુદ્ધ સમજીને પૂર્વસંપાદકોએ એને સુધાર્યા (?) હતા. પરંતુ વાસ્તવિકતા એ હતી કે એ પ્રયોગો સાચા હતા. આ મહાગ્રન્થના સંપાદકોએ ખૂબ જહેમત કરી વ્યાકરણના પાઠો-શબ્દકોશમાં મળતા વિકલ્પો - છંદઃશાસ્ત્રમાં મળતા વૈવિધ્યોનો ઊંડો અભ્યાસ કરી પૂ. સાગરજી મ.ના મૂળ હસ્તલિખિત પ્રયોગો સત્ય હોવાનું પુરવાર કરી એને યથાવત્ રાખ્યા છે. આ માટે એમને ઘણાં વર્ષોનો સમય આ કાર્યમાં જોડી દેવો પડ્યો છે. એટલું જ નહિ, એ દરમ્યાન મનને સતત શુદ્ધિ-અશુદ્ધિના વિચારોમાં જોડી રાખવાનું ય બન્યું છે. એક સ્વાનુભૂત ઉદાહરણ આ અંગે ટાંકીએ :

વિ.સં. ૨૦૭૬. અમે ત્યારે મુંબઈના નિકટવર્તી શ્રી ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વનાથતીર્થ ઉપધાનતપઆરાધના કરાવતા હતા. લગભગ પાંસઠ સંયમીઓ અને બસો ઉપધાનતપસ્વીઓ. ત્યાં વિહાર કરતા પધારેલ મુનિવર શ્રી વિરાગચન્દ્રસાગરજી અમારી બપોરની વાચના બાદ અમારી પાસે આવ્યા. કહે : ‘‘જિનાલયમાં શ્રી લોઢણપાર્શ્વનાથપ્રભુની

બાજુમાં નાના અક્ષરે આપનું બનાવેલ 'શ્રી લોઢણપાર્શ્વસ્તવ' નામે અષ્ટક છે. એમાં આપે 'ભૂમી' આ દીર્ઘ ઇકારાંત શબ્દપ્રયોગ કર્યો છે. આ પ્રયોગ સાચો કે 'ભૂમિ' હ્રસ્વ ઇકારાંત શબ્દપ્રયોગ સાચો?'' અમે કહ્યું : ''બન્ને પ્રકારના પ્રયોગો સાચા છે. શબ્દકોશમાં બન્ને પ્રકારના પ્રયોગો માન્ય છે. પરંતુ તમને આટલી ઝીણવટથી આ વાંચવાની ને પૂછવાની જરૂર શી પડી?'' તેઓએ કહ્યું : ''પૂજ્યપાદ સાગરજી મ.નાં ગ્રન્થોનું સંપાદન ચાલે છે. એમાં 'ભૂમી' દીર્ઘ ઇકારાંત પ્રયોગો વાંચીને સંશય થતો હતો. માટે આ ઝીણવટથી વાચવા-પૂછવાનું રાખ્યું છે.''

સંપાદકોની જહેમત શી હોય એ આના પરથી સમજી શકાશે.

અમે અંતઃકરણપૂર્વક એ અભિલાષાઓ વ્યક્ત કરીએ છીએ કે (૧) વિદ્વાન મુનિપુંગવો આ ગ્રન્થોમાં રસ લઇ એનો અવસરે અવસરે પ્રવચન-લેખનાદિમાં ઉલ્લેખ કરે (૨) કમ સે કમ પૂ. સાગરજી મહારાજની સુવિશાલ શ્રમણપરંપરામાં, ભલે બધા નહિ તો પણ, અર્હચ્છતક-ગુણગ્રહણશતક જેવા ગ્રન્થો કંઠસ્થ થાય. અને (૩) આમાંના જનસામાન્યને સ્પર્શે તેવા ગ્રન્થો સરલ ભાવાનુવાદ યા સરલ વિવેચન સાથે પ્રકાશિત થાય. તો આ ગ્રન્થો લોકોપકારમાં નિમિત્ત બનવા સાથે ચિરંજીવ પણ બનશે.

પ્રાંતે, આ વિસ્તૃત પ્રસ્તાવનાલેખનનાં માધ્યમે પૂજ્યપાદ સાગરજી મ.ની ગ્રન્થસૃષ્ટિમાં મહાલવાની જે વિશિષ્ટ તક મળી એનાથી અપાર 'આનંદસાગર'માં નિમગ્ન થવાયું છે. એ માટે સંપાદકોના આભાર સાથે, વિદ્વજ્જનો પણ આ 'આનંદસાગર'માં મહાલે એ જ મનઃકામના.

(પ્રસ્તાવના લેખનદિનઃ વિ.સં.૨૦૭૯, આસો શુદિ-૧૪, તા. ૨૭-૧૦-૨૦૨૩)

• • •

# ૬

# 'સિદ્ધચક્ર'નો શ્રુતવૈભવ

ચરમતીર્થપતિ આસન્નોપકારી પરમાત્મા શ્રી મહાવીરપ્રભુની સ્તુતિ કરતાં 'સુયગડાંગ' આગમટીકામાં એક મજાનો શબ્દપ્રયોગ કરાયો છે **'શબ્દજ્યોતિ.'** મતલબ કે પ્રભુના શબ્દો-આગમો એવા અનુપમ ઝગમગતા દીપક સમા છે જે કૈંકનાં અંધકારભર્યાં જીવનને પરમ પ્રકાશથી ઝળાંહળાં કરી દે.

દુન્યવી દીપક કરતા પ્રભુના એ આગમદીપકની બે મુખ્ય વિશેષતા છે : એક એ કે દુન્યવી દીપક મિનિટો-કલાકો-દિવસો-મહિનાઓ કે બહુ બહુ તો વર્ષોપર્યંત ટકે, જ્યારે પ્રભુનો આગમદીપક તો કુલ એકવીશહજાર વર્ષોપર્યંત અખંડ ધારાએ ઝગઝગાયમાન રહેવાનો છે. આવો અજોડ **'અખંડદીપક'** અન્યત્ર ક્યાં ય નિહાળવા નહિ મળે! અને બીજી અદ્ભુત વિશેષતા એ છે કે દુન્યવી દીપક માત્ર બાહ્ય અંધકાર જ નિવારી શકે છે, જ્યારે પ્રભુનો એ આગમદીપક તો ભીતરના અંધકારને અર્થાત્ અજ્ઞાનના અંધકારને પણ પૂર્ણ અધિકારપૂર્વક નિવારી શકે છે. એમાં ય અનેક કિસ્સાઓમાં એ નિવારણ એવું અદ્ભુત હોય છે કે પછી ત્યાં શાશ્વત સ્તરે અજ્ઞાનાંધકારનો આછો પણ અવકાશ ન રહે!!

પણ... સબૂર! એક બાબતમાં આ બન્ને પ્રકારના દીપકોની સમાનતા છે. પવનના પ્રચંડ સૂસવાટા જેવા ઘાતક પરિબળો સામે દુન્યવી દીપકને પણ માવજતની-રક્ષણની આવશ્યકતા રહે છે, તો ઉત્તરોત્તર હીનકાળ-જીવોના ક્ષયોપશમાદિની મંદતા વગેરે ઘાતક પરિબળો સામે પ્રભુનાં વચનરૂપ આગમદીપકને ય માવજતની-રક્ષણની આવશ્યકતા રહે છે. આ જ ભૂમિકાને દૃષ્ટિપથમાં રાખીને પૂજયપ્રવર શ્રીમાન્ શીલાંકાચાર્ય અને પૂજયપ્રવર શ્રીમાન્

અભયદેવસૂરીશ્વરજી મહારાજ જેવા પુણ્યશ્લોક પૂર્વસૂરિઓએ એના પર ટીકાગ્રન્થોનું સર્જન કર્યું, તો પૂજ્યપ્રવર શ્રીમાન્ દેવર્દ્ધિગણીક્ષમા-શ્રમણે તત્કાલીન શાસનમર્યાદામાં ગીતાર્થતાપૂત પરિવર્તન લાવીને તમામ આગમોને પુસ્તકારૂઢ કરવાનું મહાન લાભદાયી શકવર્તી કદમ ભર્યું. આજે જે આગમદીપકનાં અજવાળાં આપણે માણી શકીએ છીએ એ આવા આવા આર્ષપુરુષોની પેલી માવજતની-રક્ષણની ભૂમિકાનું પુનિત પરિણામ છે.

છેલ્લે છેલ્લે વિક્રમની વીશમી સદીમાં આ પ્રકારની ભૂમિકા સક્ષમપણે અદા કરી છે આ કાળના **મહાન શ્રુતધર મહાપુરુષ પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યપુરંદર શ્રીમાન સાગરાનંદસૂરીશ્વરજી મહારાજે.** દીક્ષાના એકાદ વર્ષમાં જ ગુરુદેવની છત્રછાયા ગુમાવવા છતાં આ જ્ઞાનયોગી પુણ્યપુરુષે પ્રચંડ પુરુષાર્થ અને અખંડ ક્ષયોપશમના સહારે આગમપાઠોનાં શુદ્ધીકરણ સાથે આગમો મુદ્રિત તો કરાવ્યા, કિંતુ એથી ય આગળ વધીને એ આગમો ચિરકાળ ટકી શકે તે માટે તમામ આગમોને આરસમાં અંકિત કરાવવાપૂર્વક **'આગમમંદિર'**નું ક્રાંત અને કલ્પનાશીલ નવસર્જન પણ કરાવ્યું! એમની આ અજોડ આગમસેવાએ જ એમને ઘર-ઘરમાં ને ઘટ-ઘટમાં **'આગમોદ્ધારક'** તરીકેની સાર્થક ખ્યાતિ અપાવી છે.

ના, પૂજ્યપાદ સાગરજી મહારાજે શ્રુતજ્ઞાનનાં ક્ષેત્રે માત્ર આટલી જ સેવા નથી બજાવી. આ સિવાયની પણ ઘણી ઘણી રીતની શ્રુતસેવા એમણે કરી છે. શુદ્ધ શાસ્ત્રીય શૈલીની અને ઠોંસ કહી શકાય તેવી 'આગમવાચનાઓ' તેઓશ્રીએ ઠેર ઠેર ફરમાવી છે, તો શાસ્ત્રોના સારગર્ભિત પ્રવચનો પણ એમણે ગામોગામ ઉપદેશ્યાં છે. અને...

વિવિધ જિજ્ઞાસુઓની શંકાઓનાં સમાધાનો ? 'સાગરસમાધાન' નામે દળદાર ગ્રન્થના વિભાગો જ એ વાતની સાખ પૂરે છે કે ચાહે તેવી શંકાઓનાં સમાધાનો-ઉત્તરો આપવાની તેઓશ્રીની ક્ષમતા કેવી ગજબનાક હતી. મારા પરમગુરુદેવ દ્રવ્યાનુયોગના વિરલ વ્યાખ્યાતા પૂજ્યપાદ યુગદિવાકર આચાર્યપ્રવર શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજની વાત કરું તો, તેઓશ્રી એમની દીક્ષાના પ્રારંભિક વર્ષોમાં વિવિધ શાસ્ત્રીય શંકાઓનાં સમાધાનો પૂજ્યપાદ સાગરજી મહારાજ પાસેથી પ્રાપ્ત કરતા હતા. આજે પણ અમારી પાસે એવાં પત્રો મોજુદ છે કે જેમાં પૂજ્ય યુગદિવાકર ગુરુદેવશ્રીએ શાસ્ત્રીય પ્રશ્નો સ્વહસ્તાક્ષરમાં રજૂ કર્યાં હોય અને એ જ પત્રના હાંસિયામાં પૂજ્ય સાગરજી મહારાજે સ્વહસ્તાક્ષરમાં ઉત્તરો આલેખ્યાં હોય. એમનાં પારગામી શાસ્ત્રજ્ઞાનથી અહોભાવિત થઇને પૂજ્ય યુગદિવાકર ગુરુદેવશ્રીએ પોતાનાં ગ્રન્થોમાં પૂજ્ય સાગરજી મહારાજ અંગે અવારનવાર ''પ્રત્યૂષાભિસ્મરણીય પરમકૃપાળુ સ્યાદ્વાદસાગર આગમોદ્ધારક'' જેવા અહોભાવદર્શક વિશેષણો પ્રયોજ્યાં છે.

અમારા ગુરુદેવ પૂજ્યપાદ વ્યા.સા.ન્યા.તીર્થ આચાર્યદેવ શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે પણ અમને સંયમના શૈશવકાળમાં એક વાર આ શબ્દો કહેલા કે :- ''શાસ્ત્રોમાં દર્શાવેલ આઠ પ્રકારના પ્રભાવકો પૈકી પ્રથમ ક્રમે આવે છે પ્રાવચનિક અર્થાત્ પ્રવચનપ્રભાવક. તે તે કાળે ઉપલબ્ધ શ્રુતના જે પૂર્ણ જ્ઞાતા હોય તે આ પ્રાવચનિક કહેવાય. પૂજ્ય સાગરજી મહારાજ એમના કાળના ખરેખરા પ્રવચનપ્રભાવક હતા. એ કાળે જ્ઞાનનાં ક્ષેત્રે એમની બરાબરી કરી શકે એવી વિભૂતિ મળવી મુશ્કેલ હતી..''

આવા એ પૂજ્ય સાગરજી મહારાજનાં શાસ્ત્રજ્ઞાનનો પ્રકાશ દૂર-સુદૂરના સંઘો-શ્રાવકો સુધી પ્રસારિત કરવાનું કાર્ય તે સમયે કરતું હતું 'સિદ્ધચક્ર' નામે સામયિક. વર્ષોપર્યંત પ્રતિમાસ નિયમિતરૂપે પ્રકાશિત થતાં એ સામયિકે જ્ઞાનપરબ બનીને કૈંક જિજ્ઞાસુઓની જિજ્ઞાસાતૃષા છિપાવી હતી, તો ભ્રમણામાં અટવાતા કૈંક મુગ્ધ જીવોને સન્માર્ગદર્શન કરાવીને સાચા શાસનપરસ્ત કર્યા હતા. આજે પણ એટલા જ પ્રસ્તુત અને ઉપયોગી બને તેવા એ 'સિદ્ધચક્ર' માસિકના તમામ અંકોને વર્ષવાર ગ્રન્થબદ્ધ કરીને પુનઃ પ્રકાશિત કરવાનું અનુમોદનીય કાર્ય છેલ્લા કેટલાક સમયથી ક્રમબદ્ધ આગળ વધી રહ્યું છે અને એમાં આ ૧૩મા વર્ષના (વિ.સં.૨૦૦૨+૨૦03ના કુલ) બાર અંકો ગ્રન્થારૂઢ થઇ રહ્યા છે ત્યારે અહીં આપણે આ ૧૩મા વર્ષના અંકોમાંની વિશેષતાઓની કેટલીક ઝલકો નિહાળીએ :

અહીં રજૂ થયેલ બાર અંકો પૈકી અંક-૭ થી ૧૨માં, 'આગમોદ્ધારકની અમોઘ દેશના' આ શીર્ષક તળે શ્રી સુયગડાંગ સૂત્રનાં દ્વિતીય શ્રુતસ્કંધનાં પુંડરીક અધ્યયનને આશ્રયી પૂજ્ય સાગરજી મહારાજની દેશનાના સારાંશો રજૂ થયા છે. એમાં એક સ્થળે રસપ્રદ ચર્ચા રજૂ થઈ છે કે અધ્યયનના મૂલ પાઠમાં સાધુ માટે 'भिक्खु' શબ્દનો પ્રયોગ છે. આ 'ભિક્ષુ' શબ્દને સામાન્યતઃ લોકો ભિખારી સાથે જોડી દે છે કે ભિક્ષુ એટલે ભિખારી. અલબત્ત 'ભિક્ષુ' શબ્દ શ્રમણના પર્યાયવાચીરૂપે પણ અવશ્ય સ્વીકૃત છે જ. પરંતુ એવો નિમ્નસ્તરીય શબ્દ શાસ્ત્રમાં પ્રયોજાય એના કરતાં મુનિ-શ્રમણ-અનગાર-યતિ જેવા ઉચ્ચસ્તરીય શબ્દો પ્રયોજાય તો એ યોગ્ય ગણાય, આવું જો કોઇ માનતું હોય તો તેની એ માન્યતા ગલત છે ને 'ભિક્ષુ' શબ્દ બહુ ઉચિત છે.

એ પુરવાર કરતાં ત્યાં જણાવાયું છે કે આ શબ્દ તો શ્રમણની પરાકાષ્ઠાની નિષ્પરિગ્રહદશાનો સૂચક છે. વ્યક્તિ અપરિગ્રહી થવા માટે ઘર-બાર વગેરે ત્યજી શકે, પરંતુ ઉદરપૂર્તિ માટેના ખોરાક આદિની વ્યવસ્થા પણ સ્વેચ્છાએ ત્યજી દે ને માત્ર નિર્દોષ ગોચરચર્યા પર જીવન ટકાવે એ તો ઉચ્ચતર અપરિગ્રહ દર્શાવનાર બાબત છે. અરે! કદાચ તેવી ગોચરી ન મળે તો 'તપોવૃદ્ધિ' સમજી લઇને ભૂખનાં દુઃખને ય સાધુ સમભાવે સહી લે એનો નિર્દેશ આ 'ભિ-ક્ષુ' શબ્દમાંથી સુપેરે મળે છે. નિરુક્ત પદ્ધતિથી ત્યાં 'ભિ-ક્ષુ' શબ્દનું અર્થઘટન કરાયું છે કે **ભિ (ભિદ્)** = ભેદવું અને **ક્ષુ (ક્ષુદ્)** = ક્ષુધા અર્થાત્ ભૂખ. ભૂખના દુઃખને ય જે ભેદી નાંખે છે-જીતી લે છે તે છે **'ભિ-ક્ષુ'.** આ ભાવની સંક્ષિપ્ત રજૂઆત શબ્દાંતર દ્વારા કરીને પૂજ્ય સાગરજી મહારાજ એ ચર્ચાંતે આ શબ્દો ફરમાવે છે કે :- ''ક્ષુધાને ભેદે અર્થાત્ ભૂખ પર કબજો મેળવનાર તે ભિક્ષુક. પણ દુનિયામાં વપરાતો 'ભિખારી' એ અર્થવાળો શબ્દ લેવાનો નથી...'' કેવી નાવીન્યસભર અને નવનીત સમી ચર્ચા છે આ!! (જુઓ અંક-૮)

શાસ્ત્રના રહસ્યને સમજાવતી ઉપરોક્ત ચર્ચા જેવી જ રસપ્રદ અન્ય એક ચર્ચા હવે નિહાળીએ. નૈયાયિકોની એક માન્યતા છે કે **કર્તાની ઇચ્છા હોય તો જ કોઇ પણ કાર્ય થાય.** જ્યારે જૈનો એનાથી વિપરીત છતાં પૂર્ણ વાસ્તવિક માન્યતા ધરાવે છે કે **કારણ ઉપલબ્ધ હોય તો જ કાર્ય થાય.** પૂજ્ય સાગરજી મહારાજ જૈન માન્યતાને સચોટ પુરવાર કરવા મસ્ત અને મૌલિક રજૂઆતો કરે છે કે ધારો કે કર્તાની ઇચ્છા માટીનો ઘડો બનાવવાની છે. પરંતુ એની પાસે ઘડો બનાવી શકાય તેવું માટીના પિંડરૂપ અનુકૂળ કારણ ઉપલબ્ધ નથી, બલ્કે વસ્ત્ર બનાવવા માટેનું તાંતણારૂપ પ્રતિકૂળ કારણ ઉપલબ્ધ છે. તો શું

એના થકી ઘડાનું નિર્માણ કરી શકશે? નહિ જ. આ એમ દર્શાવે છે કે કર્તાની ઇચ્છા છતાં જો કાર્યને અનુરૂપ કારણ ઉપલબ્ધ ન હોય તો કાર્ય ન થઇ શકે...

એથી વિપરીત કર્તાની ઇચ્છા ન હોય તો ય કાર્યને અનુરૂપ કારણની ઉપલબ્ધિ દ્વારા કાર્ય થઇ જતું હોય છે. પૂજ્ય સાગરજી મહારાજ આના માટે ત્રણ અકાટ્ય ઉદાહરણો આપે છે : (૧) કોઇ માનવી દુઃખી થવાની ઇચ્છા રાખતો નથી. છતાં ય તેને અનુરૂપ બાહ્યાભ્યંતર કારણ ઉપલબ્ધ થતાં અનિચ્છાએ ય એ દુઃખી થાય જ છે. (૨) કોઇ વ્યક્તિ રોગી થવા ચાહતો નથી. છતાં રોગી થાય તેવાં ઉપાદાનનાં અને નિમિત્તનાં કારણ મળતા એ અવશ્ય રોગી બને જ છે. (૩) કોઇ માનવ મૃત્યુની ઇચ્છા ધરાવતો નથી. આમ છતાં મૃત્યુ થાય તેવાં આયુષ્યક્ષય ને અકસ્માતાદિ કારણ ઉપલબ્ધ થતા જ બલાત્કારે ય એને મરવું જ પડે છે... આવાં સચોટ ઉદાહરણો દ્વારા એ જૈન માન્યતાને પ્રબળપણે પુષ્ટ કરે છે અને મોક્ષના સંદર્ભે આમાં જે વિસ્તારથી સમજવા જેવું છે એ ય રજૂ કરે છે. ચર્ચામાં એમના સારભૂત શબ્દો આ છે કે :- ‘‘જૈનોએ તો એમ માન્યું છે કે કારણ જો મળી જાય તો પછી કર્તાની ઇચ્છા હોય અગર ન હોય તો પણ કામ થઇ જાય છે.’’ (જુઓ અંક-૨)

શાસ્ત્રરહસ્યોને સચોટપણે સમજાવતી આવી આવી અનેક ચર્ચાઓ આ અંકોમાં અલંકૃત છે. આપણે તો માત્ર ઝલકરૂપે ઉપરોક્ત પ્રસ્તુતિ કરી છે...

હવે નિહાળીએ એક-બે એવી બાબતો કે જેના દ્વારા વર્તમાનમાં ચાલી પડેલ કેટલીક ગલત બાબતો પર મર્મઘાત થાય :

એમાં પહેલી બાબત મળે છે સુયગડાંગ સૂત્રના પૂર્વોક્ત શ્રી પુંડરીક અધ્યયનની કથામાં. પરમાત્મા શ્રી મહાવીરદેવે ગણધર શ્રી સુધર્માસ્વામી વગેરેને કહેલ એ કથાને અહીં તો પૂજ્ય સાગરજી મહારાજે ખૂબ ખૂબ છણાવટપૂર્વક વિસ્તૃતપણે વ્યાખ્યાયિત કરી છે. પરંતુ સંક્ષેપમાં સમજીએ તો કથાવસ્તુ એ છે કે વાવડીની વચ્ચે નયનરમ્ય ભવ્ય પુંડરીકકમળ છે, એને લેવા ચારે ય દિશામાંથી એકેક પુરુષ પાણી અને કીચડ વચ્ચે થઇને આગળ વધે છે, પરંતુ એ ચારે ય કીચડમાં ફસાઇ જાય છે. એવામાં ત્યાં ભિક્ષુ-શ્રમણ આવે છે, એ વાવડીમાં જળ-કીચડમાં પ્રવેશ્યા વિના બહારથી જ કમળને ઊડવાનું કહે છે અને એમની અતિશાયી શક્તિવશ કમળ ઊડીને એમના સુધી આવી જાય છે. શાસ્ત્રની આ કથાના ઉપનયમાં જણાવાયું છે કે પુંડરીક કમળ એટલે ભવ્ય જીવ, જળ એટલે આરંભ-પરિગ્રહાદિ ને એનાથી બંધાતા કર્મ; કીચડ એટલે મિથ્યાત્વ.

પૂજ્ય સાગરજી મહારાજ આ કથાનાં વિશ્લેષણમાં એક માર્મિક નિર્દેશ કરે છે કે જળમાં પ્રવેશ્યા વિના જ બહાર રહીને કમળ લાવવાનાં વિધાનમાં દુન્યવી દૃષ્ટિએ ભલે વિષમતા લાગે. (જો કે, મન્ત્રાદિ શક્તિથી એ શક્ય જ ગણાય.) પરંતુ આના દ્વારા શાસ્ત્રકારો એ સમજાવે છે કે જેઓ આરંભ-સમારંભ-પરિગ્રહાદિમાં ડૂબેલા છે એવા માનવીઓ ભવ્યોરૂપ કમળને પામી ન શકે ને ધર્મમાર્ગે (મુખ્ય રીતિએ) પ્રવર્તાવી ન શકે. આ માટેના પૂજ્ય સાગરજી મહારાજના શબ્દો આ છે કે "આરંભ-પરિગ્રહમાં જોડાઇ ભવ્યનો ઉદ્ધાર કરવા માંગે તે બને જ શી રીતે ?" આજે જ્યારે જૈન પરંપરાનાં જ તત્ત્વો સ્વચ્છંદપણું અપનાવીને પોતાનો આગવો અનુયાયીવર્ગ રચવાપૂર્વક સંપૂર્ણ ગૃહસ્થ સંસારી આરંભ-પરિગ્રહાદિથી વ્યાપ્ત વ્યક્તિ પોતાને તે વર્ગના

ગુરુરૂપે સ્થાપે-સ્થપાવે અને એમનો મુગ્ધ અનુયાયીવર્ગ એ ગૃહસ્થ વ્યક્તિને 'ભગવાન' કે 'પૂજ્યશ્રી' સંબોધનો કરતો નિહાળાય છે, ત્યારે, પૂજ્ય સાગરજી મહારાજનો ઉપરોક્ત નિર્દેશ એ સ્પષ્ટ સમજાવી જાય છે કે આવી પ્રવૃત્તિ નિતાંત ગલત છે અને અસંયતોની પૂજા-મહત્તા વધારવા સમાન છે. જો તે ગૃહસ્થ ગુરુ (?) સુજ્ઞ હોય તો તેને આવી અણછાજતી ઘેલછા રાખવી ન જોઈએ અને એમના ચાહકોએ તે તે ગૃહસ્થને આવું અયોગ્ય માન-મહત્ત્વ આપવું ન જોઈએ.

કથાનો અંગુલિનિર્દેશ એ છે કે ભવ્યરૂપી કમળને તે જ પામે ને ધર્મમાર્ગે પ્રવર્તાવે કે જે આરંભાદિથી રહિત ભિક્ષુ-શ્રમણ હોય. પૂજ્ય સાગરજી મહારાજ આ અંગે આ શબ્દો ફરમાવે છે કે ''જેઓ ભિક્ષુક છે અને ભાવભિક્ષુકપણું પિછાણે છે, જેઓ આરંભ-પરિગ્રહ અને રાગ-દ્વેષથી મુક્ત છે (અહીં રાગ-દ્વેષના સંદર્ભમાં એ સમજવાનું કે 'મુક્ત' શબ્દનો તાત્પર્યાર્થ 'મુક્ત થવાના લક્ષ્યવાળા' એવો છે. મુનિ યદ્યપિ રાગ-દ્વેષથી સર્વથા નિર્લેપ હજુ થયા નથી, પરંતુ થવાના લક્ષ્યવાળા હોય છે. છતાં પણ શાસ્ત્રમાં તેમનું 'નિર્લેપ' વિશેષણ જોવા મળે છે એ જ રીતે અહીં પણ અર્થઘટના સમજવી.) એવાઓ તે ભવ્યરૂપ કમળને પહોંચી શકે છે અને તેઓ જ મોક્ષમાર્ગના ગતિપરાક્રમને જાણવાવાળા છે...'' (જુઓ અંક-૮.)

બીજી બાબત છે 'કલ્યાણક' શબ્દપ્રયોગ અંગેની. તારક શ્રી તીર્થંકરભગવંતોનાં ચ્યવન-જન્માદિ કલ્યાણનું કારણ હોવાથી શાસ્ત્રકારો તેના દિવસોને કલ્યાણકદિન તરીકે સંબોધે છે. પણ ગોળ-ખોળનો ભેદ નહિ સમજનાર મુગ્ધ જૈનો આજે પણ 'મહાવીરજયંતિ' જેવો શબ્દપ્રયોગ ચૈત્ર શુદિ તેરશ અંગે કરતા જોવાય છે. આ અંગે પૂજ્ય સાગરજી મહારાજ સંતુલિત છતાં સ્પષ્ટ શબ્દો ફરમાવે છે કે :-

‘‘જે દિવસ નારકીને પણ સુખ કરનાર તરીકે શાસ્ત્રમાં વખણાયેલો છે, જે દિવસ ચૌદ રાજલોકને શાતા કરનાર તરીકે પ્રશંસાયેલો છે, એટલું જ નહિ પણ જે દિવસ સામાન્ય કેવલી-ગણધરો-શ્રુતકેવલી આદિને અંગે ન વપરાયો હોય ને ફક્ત શાસનસંસ્થાપક શ્રી તીર્થંકરોને જ અંગે હોય તેવો ‘કલ્યાણકદિન’ શબ્દ છોડીને ‘જયંતિ’ શબ્દ વાપરવો ઉચિત નથી. બાપ-દાદાની પણ ‘જયંતિ’ ઉજવાય છે, હિંદુ યા મુસલમાનો પણ ‘જયંતિ’ ઉજવે છે; તે સર્વસાધારણ ‘જયંતિ’ શબ્દને અહીં મૂકવો અને પેલો કલ્યાણકર ‘કલ્યાણક’ શબ્દ ભૂલી જવો કે ખસેડી નાખવો એ ઉચિત જ નથી લાગતું. જો કે, ઇરાદાપૂર્વક તમો તીર્થંકરના અપમાન તરીકે આ કરતા હો એમ તો હું ન જ કહી શકું. પણ એટલું તો સ્પષ્ટ કહું છું કે અજ્ઞાન કે અણસમજથી ય વપરાયેલ શબ્દ નુકસાનકારક છે. માટે આવા દિવસને ‘જયંતિ’ શબ્દથી નહિ બોલતાં ને ‘કલ્યાણક’ શબ્દ બોલવામાં ચૂકશો નહિ..’’ (જુઓ અંક-૯)

એક જૈન ધર્માચાર્યને છાજે તેવું કેવું સ્પષ્ટ છતાં સંતુલિત છે ચાલી પડેલ ગલત બાબત અંગેનું આ આંગળીચીંધણું!

અને.. હવે નિહાળીએ પૂજ્ય સાગરજી મહારાજની તર્કશક્તિના ચમકારા. આમ તો એમના આવા તાર્કિક ચમકાર આ અંકોમાં ઠેર ઠેર ઝબકે છે. પણ અહીં આપણે એની એકાદ બે ઝલક જ નિહાળીશું :

મૂર્તિને - સ્થાપનાનિક્ષેપને જેઓ માનતા નથી તે સ્થાનકમાર્ગી મહાનુભાવો, ભદ્રક - મુગ્ધ જીવોનાં દિલ-દિમાગમાં સરલતાથી ઠસી જાય એવી એક ચબરાકીભરી દલીલ વારે ને તહેવારે કરતા હોય છે કે ‘‘જો પથ્થરની ગાય જીવંત ગાયની જેમ દૂધ નથી જ આપી શકતી, તો પછી પથ્થરની પ્રતિમા જીવંત ભગવાનની જેમ ફળ ક્યાંથી આપી શકે?

પ્રતિમા બીજું કાંઇ નથી, માત્ર પથ્થર જ છે.'' આ દલીલ કરનારાઓને એમના જ શબ્દો દ્વારા નિરુત્તર કરી દેવા પૂજ્ય સાગરજી મહારાજ તર્કના તાતા તીરથી આબાદ લક્ષ્ય વીંધે છે કે 'પથ્થરની ગાય' આ શબ્દ બોલનાર એ વર્ગને કહો કે આ શબ્દ દ્વારા તો તમે પોતે જ પથ્થરમાં ગાયપણું-ગાયનો આકાર અર્થાત્ ગાયનો સ્થાપનાનિક્ષેપ સ્વીકારી લીધો. જો આ રીતે ગાયનો સ્થાપનાનિક્ષેપ તમે સ્વી કાર્યો છે તો પછી પ્રતિમામાં પ્રભુનો સ્થાપનાનિક્ષેપ ઇન્કારી ન જ શકો. જો ઇન્કારો તો તમે સ્વયમેવ જ જૂઠા ઠરો. આ અંગે સચોટ દૃષ્ટાંત આપતાં તેઓશ્રી આ શબ્દો ફરમાવે છે કે :- ''કોઇકને કોઇએ નામ પૂછ્યું કે તારું નામ શું? તેના જવાબમાં તે કહે છે કે 'હું મૂંગો છું.' એમ કહે તે મૂંગો હોતો નથી, પણ તેવું બોલીને જૂઠો ઠરે છે...'' (જુઓ અંક-૧૨).

આમાં દલીલ અને દૃષ્ટાન્ત, બન્ને કેવા ધારદાર દૃશ્યમાન થાય છે!

તાર્કિકતાનો આવો બીજો મજાનો ચમકાર નિહાળીએ આપણે ચક્રવર્તી અંગેનાં એમનાં એક વિધાનમાં. એમણે વ્યાખ્યાનમાં ફરમાવ્યું એક વાર કે ''ચક્રવર્તી નરકનો દૂત છે. ચક્રવર્તી મરે તો નરકે જ જાય.'' શ્રોતાગણમાંથી ત્યારે પ્રશ્ન આવ્યો કે આવો નિયમ કેમ કહો છો? આ અવસર્પિણીના ય બારમાંથી બે જ ચક્રવર્તી નરકે ગયા છે. બાકીના દશ સ્વર્ગે યા મોક્ષે સિધાવ્યા છે. તો આવી રજૂઆત કેમ? પૂજ્ય સાગરજી મહારાજ ઋજુસૂત્રનયના ઉપયોગપૂર્વક સચોટ ઉત્તર આ ભાવનો આપે છે કે ચક્રવર્તી જ્યાં સુધી ચક્રરત્નનો સ્વામી (અર્થાપત્તિથી છ ખંડનો સ્વામી) છે ત્યાં સુધી જ વાસ્તવિક દૃષ્ટિએ ચક્રવર્તી છે. આવા ચક્રવર્તીપણામાં જે મરે છે તે ચક્રવર્તીઓ નિશ્ચે નરકમાં જાય છે. એટલે

'ચક્રવર્તી મરે તો નરકે જ જાય' આ વિધાન સત્ય છે. હવે જે ચક્રવર્તીઓ ચક્રરત્ન-ષટ્ખંડરાજ્યાદિ ત્યાગીને સંયમી થયા છે તેઓ તે અવસ્થામાં ચક્રરત્નના ધારક ન હોવાથી ચક્રવર્તી નહિ ગણાય, સંયમી સાધુ ગણાશે. તે સ્વર્ગે યા મોક્ષે જાય એમાં પેલા વચનને કોઈ વિરોધ નથી આવતો. ''ચક્રવર્તી માટે નરકનો નિયમ કેમ?'' આવો પ્રશ્ન કરનારને તેઓશ્રી લાક્ષણિક ઢબે ટકોર કરે છે આ શબ્દોથી કે ''અક્કલથી વિચારો તો સમાધાન તમારા પ્રશ્નમાં છે...'' (જુઓ અંક-૧)

'સિદ્ધચક્ર'ના આ અંકોમાં ઉપરોક્ત રીતના તર્કના તેજલિસોટાઓ તો છે જ. સાથે સાથે આત્માને અપ્રમત્તપણે આરાધનામાં આગેકૂચ કરવા પ્રેરે તેવાં મજેદાર સુવાક્યો પણ છે. લગભગ દરેક અંકમાં 'આગમોદ્ધારકની ઉપાસનામાંથી...' આ શીર્ષક નીચે સુવિચારોનો સૌરભભર્યો ગુચ્છ રજૂ થયો છે. આપણે એમાંની પણ કેટલીક ઝલકો નિહાળીએ :

* આરાધ્યપદમાં બિરાજમાન અરિહંતો અરિહંતપદની પ્રાપ્તિ કરાવતા નથી, પરંતુ તેઓની આરાધના દ્વારા જ અરિહંતપદની પ્રાપ્તિ થાય છે... (અંક-૪)

* આરાધક અને આરાધ્યપદ વચ્ચેનું અંતર તોડનારી ચીજ આરાધના છે... (અંક-૪)

* જન્માંધને નેત્ર, નિર્ધનને ધન અને લડતા સૈનિકને જીતની પ્રાપ્તિથી જેવો પ્રમોદ થાય છે તેથી પણ વિશેષ પ્રમોદ અનુષ્ઠાનથી ઉત્પન્ન થવો એ આરાધકો માટે આવશ્યક છે... (અંક-૭)

* કોઈ પણ સિદ્ધાંતને શ્રવણ કરવો-સમજવો-હૃદયમાં ધારણ

કરવો-યુક્તિયુક્ત રીતિએ પ્રતિપાદન કરવો એ જેટલો સીધો-સહેલો અને સરળ માર્ગ છે તેના કરતાં તે સિદ્ધાંતને જીવનવ્યવહારમાં પચાવીને તેનો પૂર્ણ રીતિએ સાક્ષાત્કાર કરવો એ કપરો-કઠિન અને અતિ મુશ્કેલ માર્ગ છે... (અંક-૯)

* પિયરમાં પોષાયેલી પુત્રીને પંદર વર્ષ પહેલાં પિયર અને પોતાનાં ઘરના ભેદ સમજાય છે. પરંતુ જીવનના અંત સુધી સંસારીઓને સંસાર અને શાસનના ભેદ સમજાતા નથી એ ખેદનો વિષય છે... (અંક-૪)

* અહીં શાસ્ત્રરહસ્યનાં ઉદ્‌ઘાટનોથી લઇને સુવાક્યો સુધીની જે જે ઝલકો પ્રસ્તુત કરી છે તે તો માત્ર વાનગીરૂપ-નમૂનારૂપ છે. એના પરથી અનુમાન કરી શકાશે કે 'સિદ્ધચક્ર'ના આ અંકો કેવા રસથાળ સમા છે. એક જ વાક્યમાં કહેવું હોય તો આપણે એમ કહી શકીએ કે અહીં આગમોદ્ધારકશ્રીનાં જ્ઞાનનાં અજવાળાં રેલાય છે.

આ 'સિદ્ધચક્ર' માસિકનાં તમામ વર્ષોના તમામ અંકોને વર્ષવાર પુનઃગ્રથિત કરીને પ્રકાશિત કરવાનો યજ્ઞ આરંભ્યો છે પૂજ્ય શાસનપ્રભાવક આ.ભ.શ્રી અશોકસાગરસૂરીશ્વરજી મહારાજે. તેઓ નમસ્કારમન્ત્રના પરમસાધક આગમવિશારદ પૂ. પંન્યાસપ્રવર શ્રી અભયસાગરજી ગણિવરના વિશાલ પરિવારમાં મૂર્ધન્યપદે પ્રતિષ્ઠિત પણ છે. તેઓએ 'સિદ્ધચક્ર'ના બાર વર્ષ સુધીના અંકો અદ્યાવધિ પુનઃ પ્રકાશિત કરાવ્યા છે અને આ તેરમા વર્ષના અંકો બાદ હજુ પણ શેષ પાંચેક વર્ષોના અંકો પુનઃ પ્રકાશિત કરાવવાની ભાવના ધરાવે છે.

વિ.સં. ૨૦૬૩ના આ વર્ષના દ્વિતીય જેઠ વદિ અષ્ટમીએ મુંબઇ-પાયધુનીના શ્રી ગોડીજી-વિજય દેવસૂરિ જૈન સંઘમાં શ્રી વિજય દેવસૂરતપાગચ્છીય શ્રમણમિલન યોજાયું ત્યારે, વિશેષ આત્મીયતા અનુભવીને તેઓશ્રીએ અમને 'સિદ્ધચક્ર'ના તેરમા વર્ષના અંકો અંગે પ્રસ્તાવના લખવાનો અનુરોધ કર્યો. સાચુ કહીએ તો અમને એ અનુરોધમાં એમના અનુગ્રહનાં દર્શન થયાં. કારણ કે આનાથી અમને પૂજ્ય સાગરજી મહારાજનાં પ્રવચનોના સ્વાધ્યાયનો ય અવસર મળ્યો ને બીજી તરફ સાગરસમુદાય સાથેની અમારા સમુદાયની આત્મીયતામાં એક કડી ઊમેરવાની પણ તક મળી. આ માટે પૂજ્ય આચાર્યશ્રી પ્રત્યે આ તકે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

'સિદ્ધચક્ર'ના તમામ અંકો પુનઃ પ્રકાશિત કરાવવા પુરુષાર્થશીલ પૂજ્ય આચાર્યશ્રીને પુનઃ પુનઃ ધન્યવાદ આપવા સાથે એ જ અંતરઅભિલાષા વ્યક્ત કરીએ છીએ કે આ પ્રકાશનયજ્ઞ વહેલી તકે સંપન્ન થાય અને એનાં વાંચન-મનન-નિદિધ્યાસનથી ભવ્યાત્માઓ શ્રી સિદ્ધચક્રયન્ત્રમાં દર્શાવેલ શ્રી સિદ્ધિપદને પ્રાપ્ત કરે...

●●●

# ૭

# આત્માથી પરમાત્માની યાત્રાનો આલેખ

કો' પ્રભુપ્રતિમા એવી નમણી-નજાકતભરી અને નખશિખ આહ્લાદક નિહાળવા મળતી હોય છે કે જેનું પ્રથમ નજરે દર્શન પણ અહોભાવનાં સ્પંદન જગાવી દે, શિર આપોઆપ એને વંદન કરે. એટલું જ નહિ, દૂર-સુદૂર ગયા પછી પણ એ પ્રભુપ્રતિમાની ભવ્યતા-રમણીયતા આંખ-અંતર સમક્ષ છવાયેલી રહે.

પણ... જાણકાર વ્યક્તિને એ ચોક્કસ ખ્યાલ હોય છે કે એ પ્રતિમાનું મૂલભૂત સ્વરૂપ આવું ન હતું. એક તબક્કે એ માત્ર એક ખરબચડી આકારવિહોણી અને અવ્યવસ્થિત ધારવાળી પાષાણશિલામાત્ર હતી. પરંતુ એણે પૂર્ણ દઢતાથી તીક્ષ્ણ ટાંકણાના-છીણીના અને હથોડાના ઘા સહન કર્યા અને એમાં એ તૂટ્યા વિના ટકી રહી. માટે એને પ્રભુપ્રતિમાનું નમણું અને નમસ્કરણીય રૂપ મળ્યું.

બસ, ચરમતીર્થપતિ આસન્નઉપકારી પરમાત્મા શ્રી મહાવીરપ્રભુની જીવનકથા પણ લગભગ આવી છે. આજે ભલે એ ત્રિલોકવન્દ્ય પ્રભુ અનંતગુણધારક દુરિતનિવારક, ભવનિસ્તારક ભગવંત હોય. પરંતુ એક તબક્કે એમનો આત્મા પણ અગણિત દોષોથી દૂષિત હતો, વિષય-કષાયથી ગ્રસ્ત હતો, રાગ-દ્વેષથી મલિન હતો. સહકારી સામગ્રી પામીને તથાભવ્યત્વનો પરિપાક કરતા કરતા એમણે આત્માથી પરમાત્મા બનવાની યાત્રા આરંભી અને અનેક આરોહ-અવરોહભરી છવીશ ભવોની દીર્ઘ સફરના અંતે તેઓ ત્રિભુવનતિલક તીર્થંકર પ્રભુનો જન્મ પામ્યા. એક રીતે વિચારીએ તો, આત્મોત્થાન માટે પુરુષાર્થ-પતન અને પુનરુત્થાનની આ એવી અદ્‌ભુત કથા છે કે જે દરેક આત્માર્થી સાધકને કર્મો સામે-દોષો સામે થાક્યા વિના-ડગ્યા વિના સંઘર્ષ કરવાની પ્રેરણા આપે.

અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ પૂજ્યપાદ મહાન શાસનજ્યોતિર્ધર દ્રવ્યાનુયોગના વિરલ વ્યાખ્યાતા યુગદિવાકર

આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજે એક તત્ત્વજ્ઞ મહાપુરુષને શોભે તેવી છતાં સૌને સરલતાથી સમજાય તેવી શૈલીથી, પ્રભુ મહાવીરદેવના ૧ થી ૨૬ પૂર્વભવોનો 'શ્રમણ ભગવાન મહાવીર' નામે રસપ્રદ ગ્રન્થ લગભગ પચાસ વર્ષ પૂર્વે લખ્યો હતો. કથાનુયોગની સમાંતર તત્ત્વજ્ઞાનની ગૂંથણી આ ગ્રન્થમાં કેવી મજાની છે તે ક્ષપિતકર્માંશ-ગુણિતકર્માંશ જીવો, યોગની શુભાશુભતા તથા ઉપયોગની શુદ્ધિ-અશુદ્ધિ સાથે પુણ્ય-પાપચતુર્ભંગીનો સંબંધ, દ્રવ્યપુણ્ય-ભાવપુણ્યાદિ નિરૂપણો દ્વારા તરત સમજાય તેમ છે.

આ ગ્રન્થ અંગેનો એક આહ્લાદક અનુભવ ટાંકીએ તો, આજથી બાર વર્ષ પૂર્વે ભાયંદરમાં એક જિજ્ઞાસુ શ્રાવકે અમને કહેલ કે "હું આ ગ્રન્થ આજ સુધીમાં અક્ષરશઃ પંદર વાર વાંચી ચૂક્યો છું, છતાં દર વખતે મને એમાંથી નવી નવી જ પ્રેરણાઓ મળે છે." આ ગ્રન્થની થયેલ સાત-સાત આવૃત્તિઓ પણ એની ઉપયોગિતાની અને લોકપ્રિયતાની દ્યોતક છે.

હીંદીભાષી વિશાલ જિજ્ઞાસુવર્ગ આ ગ્રન્થનો લાભ પામી શકે એ ઉમદા ભાવનાથી, પૂજ્યપાદ વ્યાખ્યાનવાચસ્પતિ આ.ભ.શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વિદ્વાન ગણિવર્ય શ્રી વૈરાગ્યરતિવિજયજી મહારાજે ત્રણેક વર્ષ પૂર્વે આ ગ્રન્થનો હિંદી ભાવાનુવાદ કરાવવાની ભાવના અમારી સમક્ષ દર્શાવી. અમે તેમાં સહર્ષ સંમતિ આપી અને ગણિવર્યશ્રીની ઉદાત્ત ભાવનાના પરિપાકરૂપે આજે આ ગ્રન્થ હીંદી સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. એનાં પ્રકાશન પ્રસંગે ગણિવર્યશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ આપવા સાથે અમે એ જ અંતરઅભિલાષા વ્યક્ત કરીએ છીએ કે આ ગ્રન્થનાં વાંચન-મનનથી હીંદીભાષી જિજ્ઞાસુવર્ગ પણ આત્માથી પરમાત્મા તરફની યાત્રામાં આગેકદમ કરે...

• • •

## ૮

# 'સંબોધ'નો સૂર્યોદય : સંબોહસિત્તરી

દરેક બાબતમાં આપવડાઇ-ડંફાસ હાંકવાની આદત ધરાવતો પતિ મધ્યરાત્રે ગાઢ નિદ્રામાં હતો ત્યાં ઘરનાં એક ખૂણે કાંઇક ચહલ-પહલનો અવાજ આવ્યો. ઝબકીને જાગી ગયેલ પત્નીએ પતિને ઢંઢોળતા કહ્યું : ‘‘જાગો, જાગો. ઘરમાં ચોર આવ્યા હોય એવું લાગે છે.’’ પતિ જાગી તો ગયો. પરંતુ આળસુનો પીર હોવાથી સૂતા સૂતા જ એણે ઉત્તર આપ્યો : ‘‘તું તારે શાંતિથી સૂઇ જા. મને બધી ખબર છે. બાકી એ બિચારા કાંઇ કરી શકવાના નથી. ઘરની એક ચીજને હાથ તો લગાવે. એકેએકને ભરી પીશ.’’

ઘરમાં પ્રવેશેલ ચોર થોડી ક્ષણ ખામોશ રહ્યા અને પતિ-પત્નીની વાત સમાપ્ત થઇ પછી સમયાંતરે ચૂપકીદીથી એ હિંમતભેર આગળ વધ્યા. જોતજોતામાં તો એમણે મૂલ્યવાન અલંકારો અને કિંમતી ચીજો એકત્ર કરી પોટલું બાંધવા માંડ્યું. ડરતાં ડરતાં આ ઘટનાક્રમ જોઇ રહેલ પત્ની પતિની લાપરવાહી પર સમસમી ઊઠી હતી. પરંતુ એનું કાંઇ ચાલે એમ ન હતું. સ્થિતિ સહન ન થતા એ ચિડાઇને બોલી : ‘‘અરે! હવે તો ઊઠો. આ ચોરોએ પોટલું ય બાંધી દીધું.’’ પતિએ એ જ લાપરવાહીથી પથારીમાં પોઢ્યા પોઢ્યા કહ્યું : ‘‘તું નાહક જીવ ન બાળ. મને બધી ખબર છે. બાકી ચોરો માલ લઇને ઘરબહાર એક ડગલું તો માંડે. એકેકના કાપીને કટકા ન કરી દઉં તો મારું નામ નહિ.’’

બે-પાંચ પળ વીતી ન વીતી ત્યાં તો ચોરો જવાંમર્દીથી પોટલા સાથે ભાગી છૂટ્યા. પત્નીને એવી દાઝ ચડી કે જોરશોરથી કપાળ કૂટતાં ચિલ્લાવા માંડી : ‘‘ક્યારના ‘ખબર છે-ખબર છે’ કર્યા કરો છો. ધૂળ પડી તમારી જાણકારીમાં કે જે નજર સામે લુંટાતો માલ અટકાવી ન શકે...’’

આ રમૂજકથામાંથી આપણને બે મહત્ત્વના નિર્દેશો મળી રહે છે. એક એ કે જો ગુમાવવું ન હોય તો જાગતા રહેવું જ જોઈએ. જે વ્યક્તિ ઊંઘતી રહી જાય છે એ ક્યારેક સર્વસ્વ ગુમાવી બેસે છે અને જે જાગૃત રહે છે એ કટોકટી વચ્ચે પણ બધું બચાવી શકે છે. એટલે જ હીંદી ભાષામાં પેલી ઉક્તિ ખૂબ પ્રચલિત છે કે ''जो जागत है सो पावत है, जो सोवत है वो खोवत है।''

બીજો નિર્દેશ આનાથી પણ અધિક મહત્ત્વનો છે અને તે એ છે કે માત્ર શારીરિક દૃષ્ટિએ જાગૃત રહેવું જ પર્યાપ્ત નથી, બલ્કે પ્રમાદ વગેરેના પરિહારપૂર્વક પરિણામલક્ષી પ્રવૃત્તિમાં તત્પર બનાય તેવી સમ્યક્ સમજ કેળવવી. આવું બને તો જ નુકસાનીથી બચી શકાય અને લાભ હાંસલ કરી શકાય. અન્વેષણ કરીએ જો પેલા પતિ મહાશયની રમૂજકથાનું, તો ત્યાં શારીરિક જાગૃતિ ચોક્કસ હતી. પરંતુ પ્રમાદત્યાગપૂર્વક પરિણામલક્ષી પ્રવૃત્તિ કરાય તેવી સમ્યક સમજ ન હતી. માટે અંતે એને ગુમાવવાની નોબત આવી. એ એમ ભારપૂર્વક દર્શાવે છે કે પ્રમાદાદિના ત્યાગપૂર્વક પરિણામલક્ષી પ્રવૃત્તિમાં જોડે તેવી સમ્યક્ સમજ જ સાચી જાગૃતિ છે.

શાસ્ત્રકાર ભગવંતો આવી સમ્યક્ સમજ માટે બહુ માર્મિક સાથે સાર્થક શબ્દપ્રયોગ કરે છે 'સંબોધ.' સંબોધ એટલે એવી ભીતરી-આંતરિક જાગૃતિ કે જેમાં પ્રમાદત્યાગપૂર્વક પરિણામલક્ષી પ્રવૃત્તિ કરવા પ્રેરતી સમ્યક્ સમજ-સાચો બોધ ઝગમગતો હોય. અધ્યાત્મસાધનાનાં ક્ષેત્રે આ સંબોધનું ખૂબ ખૂબ મહત્ત્વ છે. 'વૈરાગ્યશતક' ગ્રન્થમાં આ સંબોધ પામવાની બાબત પર પ્રેરણા અને પ્રશ્નાર્થ દ્વારા આ રીતે વજન અપાયું છે કે :-

"संबुज्झह किं न बुज्झह, संबोही खलु पिच्च दुल्लहा..."

ભાવાર્થ કે હે જીવ! તું સંબોધ પામ. તું કેમ હજુ સુધી સંબોધ પામતો નથી? સંબોધિ ખરેખર દુર્લભ છે...

આ પુસ્તકમાં જેનું વિવરણ કરાયું છે 'સંબોહસિત્તરિ' શાસ્ત્ર એ સંબોધ=સમ્યક્ સમજ પામવા માટેના જાણે કે રામબાણ ઉપાય સ્વરૂપ છે એમ એના નામ પરથી જ પ્રતીત થાય છે. 'સંબોહસિત્તરિ' નામનો અર્થ છે સંબોધ પ્રગટાવે તેવી સિત્તેર ગાથાઓ. કોઈ કોઈ પ્રાચીન પ્રતોમાં આ સૂત્ર ચુમ્મોતેર ગાથાનું મળતું હોઈ આ 'સંબોહસિત્તરિ' નામ લગભગ સાર્થક ઠરે છે. એમ કલ્પી શકાય કે સંકલનસમયે આ શાસ્ત્ર સિત્તેરથી ચુમ્મોતેર ગાથાઓ જેટલું કદ ધરાવતું હોય અને સમયાંતરે એમાં નવો નવો પ્રક્ષેપ થવા સાથે સાંપ્રતમાં એનો એકસો પચીશ ગાથાઓનો પ્રમાણવિસ્તાર થયો છે.

મૂલભૂત રીતે આ શાસ્ત્ર કોઈ નવ્ય રચના નથી, બલ્કે વિવિધ પ્રાચીન શાસ્ત્રો-ગ્રન્થોમાંથી ખૂબ અસરકારક સારભૂત ગાથાઓ પસંદ કરીને કરાયેલ વિશિષ્ટ સંકલનારૂપ શાસ્ત્ર છે. સ્વયં ગ્રન્થકારશ્રીએ પ્રથમ ગાથામાં જ 'रएमि उद्धारगाहाहिं' પંક્તિ લખીને એ નિર્દેશ કર્યો છે. આ ગ્રન્થના સંકલનકર્તા પૂર્વાચાર્યપ્રવર શ્રીમાન રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ એક ઉચ્ચતર વિદ્વાન અને સંવિગ્ન મહાપુરુષ હતા. એમણે સર્જેલ લઘુક્ષેત્રસમાસગ્રન્થ-શ્રાદ્ધ પ્રતિક્રમણવંદિત્તુસૂત્ર વગેરે અનેક ગ્રન્થોમાં એમનો વિશદ શાસ્ત્રબોધ અને પ્રગલ્ભ પાંડિત્ય ઝળહળે છે. એમની પાંડિત્યઝલક નિહાળવા ક્ષેત્રસમાસની પ્રથમ ગાથા નિહાળીએ :

દેવ-ગુરુને નમસ્કારરૂપ મંગલાચરણ કરવાની ક્ષણે એમણે એ ગાથામાં શબ્દપસંદગી ખૂબ પ્રાગલ્ભ્યપૂર્વક કરીને આ પંક્તિ રચી છે કે :-

“वीरं जयसेहरपयपइट्ठिअं पणमिउण सुगुरुं च।”

આ પંક્તિનો સરલ અર્થ એ થાય કે “જગતના મુકુટસમાન (=મોક્ષ)પદમાં પ્રતિષ્ઠિત શ્રી વીરપ્રભુને અને સદ્‌ગુરુને નમસ્કાર કરી...” પરંતુ એની સાથે જ એક રહસ્યભર્યો અર્થ આ પંક્તિનો એ પણ થાય છે કે “શ્રી વીરપ્રભુને તથા પ્રપ્રગુરુદેવ શ્રી જયશેખરસૂરિની પાટ પર પ્રતિષ્ઠિત મારા પ્રગુરુ શ્રી વજ્રસેનસૂરિ અને ગુરુ શ્રી હેમતિલકસૂરિને નમસ્કાર કરી...” શબ્દશ્લેષ દ્વારા તેઓશ્રીએ ‘जयसेहरपयपइट्ठिअं’ વિશેષણના આ રીતે જે બે કમાલ અર્થઘટન કર્યા છે તે જ સૂચવે છે કે તેઓનું પાંડિત્ય કેવું પ્રગલ્ભ હતું.

તેઓ જેવા વિદ્વાન હતા તેવા જ ચુસ્ત સંયમી હતા. શિથિલતાનો સખ્ત વિરોધ અને સંયમનો પ્રબળ આદર : આ એમની વિચારધારાના પ્રતિબિંબ પ્રસ્તુત ‘સંબોહસિત્તરિ’ ગ્રન્થની એમણે કરેલ સંકલનામાં ઠેર ઠેર ઝિલાય છે. જેમ દુઃશિક્ષિત અશ્વને ચાબુકનો ફટકાર મળે, એમ દુઃશીલ શ્રમણોને તેઓશ્રી જાણે શબ્દચાબુક ફટકારતા હોય તેવો આભાસ આ ગ્રન્થમાં સ્થળે સ્થળે થાય છે. આની એક ઝલકરૂપે ૧૧મી ગાથા ટાંકીએ કે :-

जे बंभचेरभट्ठा, पाए पाडंति बंभयारीणं।
ते हुंति टुंटमुंटा, बोही वि सुदुल्लहा तेसिं।।

ભાવાર્થ કે જે બ્રહ્મચર્યભ્રષ્ટ દુરાત્માઓ બ્રહ્મચારી મહાત્માનાં વંદન ઝીલે છે એ ભાવિમાં વામન-અપંગ થાય છે અને એમના માટે બોધિ

પ્રાપ્તિ પણ દુર્લભ બને છે. શિથિલપરિણામી પાપશ્રમણો પર અહીં કેવો સખત શબ્દ ચાબૂક ફટકારાયો છે!

ક્યાંક અણસમજથી-બેદરકારીથી આપણે આરાધનામાં ક્ષતિઓ કરતા હોઈએ ત્યાં આ સંકલનકાર મહર્ષિ આપણને ઘણી વાર પ્રેમભરી હિતશિક્ષા આપતાં હોય એવી પણ પ્રતીતિ કેટલીક ગાથાઓ વાંચતા થાય છે. ઉદાહરણરૂપે છે સામાયિકસંબંધી ગાથાઓ. ત્યાં સામાયિક કેવું હોવું જોઈએ એનો પ્રેમાળ નિર્દેશ છે અને આપણે એને કેવું બગાડી મૂકીએ છીએ એનો પણ કોમળ અંગુલિનિર્દેશ છે. એ ગાથાઓ આ છે કે :-

निंदपसंसासु समो, समो य माणावमाणकारीसु।
समसयणपरयणमणो, सामाइयसंगओ जीवो।।
सामाइयं तु काउं, गिहिकज्जं जो य चिंतए सड्ढो।
अट्टवसट्टोवगओ, निरत्थयं तस्स सामइयं।।

ભાવાર્થ કે સામાયિક અનુષ્ઠાનમાં સમ્યક્પણે જોડાયેલ પુણ્યાત્મા નિંદા અને પ્રશંસા પ્રત્યે, માન આપનાર અને અપમાન કરનાર પ્રત્યે તેમજ સ્વજન અને પરજન પ્રત્યે સમાન ભાવવાળો હોય. એ સમયે એનાં મનમાં કોઈ પ્રત્યે રાગ કે રીસ ન હોય... જે શ્રાવક સામાયિક દરમ્યાન ગૃહકાર્યની ચિંતાઓ કરે અને આર્તધ્યાનને આધીન રહે એનું સામાયિક નિરર્થક છે...

'સંબોહસિત્તરિ'ના સંકલનકર્તા બહુશ્રુત પૂજ્યશ્રીએ કેટલીક ગાથાઓ એવી પસંદ કરી છે કે એ જાણે મિત્રસંમિત-કાંતાસંમિત

પ્રેરણા કરતી હોય. એમાંના પદાર્થો જાણે કે ક્ષણમાં જ હૈયે ઊંડે ઊંડે ઊતરી જાય એવા લાગે. એક-બે ઝલકો આ અંગે નિહાળીએ :

वरं वाही वरं मच्चू, वरं दारिद्दसंगमो।
वरं अरण्णवासो अ, मा कुमित्ताण संगमो।।

ભાવાર્થ કે રોગ-મૃત્યુ યા દરિદ્રતા ઘેરી વળે તો હજું સારું, વનવાસ સ્વીકારવો પડે તે ય હજુ સારું; પરંતુ ખરાબ ચરિત્રનાં કુમિત્રોનો સંગ સૌથી ખરાબ! વ્યસની-દુરાચારી-ભ્રષ્ટ મિત્રો જીવનને જે રીતે તહસનહસ કરી દુર્ગતિગામી બનાવી દે છે એ જોતાં આ ગાથાની રજૂઆત બિલકુલ બરાબર લાગે.

अणथोवं  वणथोवं, अग्गिथोवं कसायथोवं च।
न हु सो विस्ससिअव्वं, थोवं पि हु तं बहु होइ।।

મતલબ કે તૃણ-ઘા-અગ્નિ અને ક્રોધાદિ કષાય : આ ચાર અલ્પ માત્રામાં હોય તો ય એને નજીવા ગણી વિશ્વાસમાં ન રહેવું. કારણ આ ચાર અલ્પ હોય તો ય ઘણા-ખતરનાક બની શકે છે! નાનકડા દેવામાંથી ચક્રવૃદ્ધિ વ્યાજના ચક્કર ચાલુ થઈ જાય ત્યારે અને નાના ઘામાંથી ગેંગ્રીન થઈ જતાં પગ યા હાથ કપાવવાની ક્ષણ આવે ત્યારે એ નાનકડા દેવા-ઘા વગેરેનાં નુકસાનો બહુ બૂરી રીતે સમજાય છે. પણ અફસોસ! આપણે નાનકડા કષાયનાં કાતિલ નુકસાનો સમજી શકતા નથી...

આ ગ્રન્થના સંકલનકર્તાએ ક્યાંક ક્યાંક પ્રાચીન ગ્રન્થોમાંથી એવી ગાથાઓ ઉદ્ધૃત કરી છે કે એમાંની વ્યાખ્યાઓથી ચિત્ત ચમત્કૃત થઈ જાય. હૈયું અહોભાવથી ઝૂકી જાય કે પ્રાચીન કાળના મહાપુરુષોએ એ

સમયે ય કેવી રમ્ય-નજાકતભરી કલ્પનાશીલ વ્યાખ્યા કરી છે. એકાદ ઝલક આપણે એની પણ નિહાળીએ. મૂળ 'આવશ્યનિર્યુક્તિ'માં 'તીર્થ' શબ્દની વ્યાખ્યા કરતી એ ગાથાઓ અહીં આ રજૂ થઈ છે કે :-

दाहोवसमं तण्हाइ–छेअणं मलविबाहणं चेव।
तिहिं अत्थेहिं निउत्तं, तम्हा तं दव्वओ तित्थं।।
कोहम्मि उ निग्गहिए, दाहस्सोवसमणं हवइ तित्थं।
लोहम्मि उ निग्गहिए, तण्हाए छेअणं होइ।।
अट्ठविहं कम्मरयं, बहुएहिं भवेहिं संचिअं जम्हा।
तवसंजमेण धोवइ, तम्हा तं भावओ तित्थं।।

ગાથા કહે છે કે દ્રવ્યતીર્થ (નદીના જલ સુધી પહોંચાડનાર અવતાર અર્થાત્ ઓવારો) એ છે જેના થકી દાહનો નાશ-તૃષાનો નાશ અને મલનો નાશ થાય. બસ, આ જ રીતે ભાવતીર્થ પણ એ છે જે ક્રોધનાં શમન દ્વારા દાહનો નાશ કરે, લોભના નાશ દ્વારા તૃષ્ણાતૃષાનો નાશ કરે અને તપ-સંયમ દ્વારા અષ્ટવિધ કર્મમલનો નાશ કરે ! દ્રવ્ય અને ભાવતીર્થની વ્યાખ્યા-એનાં લક્ષણો અહીં કેવાં યથાર્થ લાગે છે!.. આ જ રીતે આ ગ્રન્થમાં અન્યત્ર 'મિચ્છા મિ દુક્કડં' વાક્યના એકેક અક્ષર પરથી, તે જ અક્ષરથી આરંભાતો એકેક ગુણ લઈ સાચું 'મિચ્છા મિ દુક્કડં' કેવું હોય એની સળંગ વ્યાખ્યા બહુ હૃદયંગમ રજૂ કરાઈ છે...

હજુ એક ઓર વાત. શ્રી કૃષ્ણવાસુદેવે પ્રભુનેમિનાથના અઢાર હજાર શ્રમણોને ભાવપૂર્વક-વિધિપૂર્વક વન્દન કર્યા એનાથી એમની ચાર નરકનાં દુઃખ ટળ્યા આ જૈન શાસનમાં પ્રસિદ્ધ વાત છે. પરંતુ આ ગ્રન્થની એક ગાથામાં આ ઉપરાંત પણ અન્ય બે મોટા લાભ શ્રીકૃષ્ણને પ્રાપ્ત થયાનું નોંધાયું છે. આ રહી એ ગાથા :

तित्थयरत्तं सम्मत्तं, खाइयं सत्तमीइ तइयाए।
वंदणएणं विहिणा, बद्धं च दसारसीहेणं।।

મતલબ કે શ્રી તીર્થંકર નામકર્મ, ક્ષાયિક સમ્યક્ત્વ અને ચાર નરકનાં દુઃખનો નાશ : અઢાર હજાર શ્રમણોને વિધિપૂર્વક વંદન દ્વારા શ્રી કૃષ્ણવાસુદેવે આ ત્રણ લાભો અંકે કર્યા...

સ્વાધ્યાયપુસ્તકોનાં સંપાદન પ્રસંગે આજથી સાતેક વર્ષ પૂર્વે આ સૂત્ર બે-ત્રણ વાર અક્ષરેઅક્ષર વાંચવાનો અવસર મળ્યો ત્યારે એની ગાથાઓથી-ગાથાગત વિષયોથી હૈયું એવું પ્રભાવિત થઇ ગયું કે ગમે તે રીતે સમય લઇ 'આ ગ્રન્થ કંઠસ્થ કરવો જ' એવો સંકલ્પ થઇ ગયો. તે પછી ડભોઇતીર્થથી મુંબઇ તરફની વિહારયાત્રામાં, પ્રભાતે માર્ગ પર ચાલતા ચાલતા પ્રતિદિન પાંચ ગાથા કંઠસ્થ કરવાનો ઉપક્રમ રાખી આ સૂત્ર કંઠસ્થ કર્યું. ત્યાર બાદ આજપર્યંત સૌથી અધિક સ્વાધ્યાય જો કોઇ પણ સૂત્રનો થતો રહ્યો હોય તો એ આ સૂત્ર છે. એટલી આ ગ્રન્થની હૈયે ઘેરી અસર છે.

આ ગ્રન્થ પર શબ્દાર્થ-ભાવાર્થસહિત સરલ-સારગ્રાહી વિવેચન આલેખ્યું છે વિદ્વદ્વર્ય આચાર્યપ્રવર શ્રી વિજય રત્નસેનસૂરિજી મહારાજે. હીંદીભાષી વિસ્તારના જૈન જગતમાં તેઓ લોકપ્રિય સાહિત્યકારરૂપે સુપ્રસિદ્ધ છે. અદ્યાવધિ એમણે આલેખેલ - સંપાદિત કરેલ ૧૯૦ પુસ્તકો એ દર્શાવી જાય છે કે તેઓ કેવા સતત પુરુષાર્થશીલ લેખક છે. તેઓ શાસ્ત્રજ્ઞ છે, પ્રખ્યાત પ્રવચનકાર છે, વિખ્યાત લેખક છે, દીર્ઘ વર્ધમાનતપ ઓળીઓના આરાધક તપસ્વી છે, તો પોતાના ગુરુવર્ય સ્વ. પૂજ્યપાદ અધ્યાત્મયોગી પંન્યાસજી ભગવંત શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યનાં સાન્નિધ્યમાં ઘડાયા હોવાથી

મૈત્ર્યાદિ ભાવોથી વાસિત પણ છે. જ્યારે જ્યારે રૂ-બ-રૂ મિલન અને સંયુક્ત પ્રવચનાદિ પ્રસંગો બન્યા છે ત્યારે ત્યારે એમના આ ગુણોનો અમને સરસ અનુભવ થયો છે. એમની વિદ્વત્તાભરી શાસ્ત્રપરિકર્મિત કલમે લખાયેલ આ સરલ વિવેચનની પણ બે-ત્રણ ઝલકો નિહાળીએ :

* ગાથા નં. ૪૫માં દ્રવ્યસ્તવની અપેક્ષાએ ભાવસ્તવ જબરજસ્ત ફલદાયી હોવાનું પ્રતિપાદન છે. એટલે વિવેચનમાં ભાવસ્તવને મુખ્યતા અપાય એ સમજી શકાય તેમ છે. આમ છતાં વિવેચનકારશ્રીએ શ્રાવકને દ્રવ્યસ્તવ પ્રત્યે ઉપેક્ષા ન આવી જાય એ ધ્યાનમાં રાખીને દ્રવ્યસ્તવનો મહિમા આ શબ્દોથી પ્રસ્તુત કર્યો છે કે :-

जिनेश्वर परमात्माकी उत्तम द्रव्यो से पूजा-भक्ति करने से श्रावक को सम्यक्त्व की भी प्राप्ति होती है और पूर्व में सम्यग्दर्शनकी प्राप्ति हुई हो तो वह सम्यग्दर्शन निर्मल भी बनता है। प्रभुपूजा में धन का सद्व्यय करने से चारित्र मोहनीय का भी क्षयोपशम होता है, परिणामस्वरूप सर्वविरति चारित्रधर्मकी भी प्राप्ति होती है। द्रव्यपूजा में एकेन्द्रिय आदि जीवोकी स्वरूप हिंसा होने पर भी गृहस्थ की भूमिकामें रहें आत्मा के लिए वह लाभ का ही कारण बनती है।

* ગાથા નં. ૬૩માં કુશીલજનોના સંસર્ગત્યાગનું વિધાન છે. એનાં વિવેચનમાં સરસ ઉપમા-ઉદાહરણ પેશ કરતાં લેખક લખે છે કે : ‘‘सूखी लकडी के साथ रहने पर हरी लकडी भी जल जाती है। बस, हल्के चारित्रवाले के संपर्क-संसर्ग से चारित्रवान भी चारित्र से शिथिल हुए बिना नहि रहते है।

* ગાથા નં. ૭૨માં અકારણ વિગઈ સેવનનો નિષેધ દર્શાવાયો છે. એનાં વિવેચનમાં લેખક સરસ ઉદાહરણ આપે છે કે :- ''जिस प्रकार खेत के चारों और बाड न हो तो खेतमें बोया हुआ अनाज सुरक्षित नहीं रहता, उसी प्रकार रसप्रद आहार का त्याग न हो तो ब्रह्मचर्य का पालन अति दुष्कर हो जाता है।

વિવેચનકારશ્રીની કસાયેલી કલમે દીર્ઘકાલપર્યંત વૈવિધ્યસભર ઉપયોગી સર્જનો થતા રહે એ મંગલ કામના સાથે, આ 'સંબોહસિત્તરિ' વિવેચનનાં માધ્યમે આરાધક આત્માઓ જીવનમાં 'સંબોધ'નો સૂર્યોદય કરવાપૂર્વક પરમપદ તરફ પ્રગતિશીલ બને એ જ અંતર-અભિલાષા.

• • •

# વહે ગંગા જ્ઞાનની : ધર્મકૃપા ટ્રસ્ટના 215 પુસ્તકોની સૂચિ

## પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. દ્વારા અનુવાદિત-સંપાદિત સાહિત્ય

(૧) ભગવતીસૂત્રનાં પ્રવચનો
(૨) પંચમ શતક કર્મગ્રન્થ
(૩) શ્રી લઘુક્ષેત્રસમાસ
(૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ સૂત્ર
(૫) પ્રશ્નોત્તર મોહનમાળા
(૬) શ્રમણ ભગવાન મહાવીર
(૭) સમ્યગ્દર્શન
(૮) ષટ્ત્રિંશિકા ચતુષ્કપ્રકરણ
(૯) ધર્મજ્યોત
(૧૦) ધર્મસૌરભ
(૧૧) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧
(૧૨) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૨
(૧૩) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૩
(૧૪) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૪
(૧૫) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૫
(૧૬) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૬
(૧૭) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૭
(૧૮) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૮
(૧૯) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૯
(૨૦) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧૦
(૨૧) નવતત્ત્વસુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ (૧૦ હજાર શ્લોકપ્રમાણ)

## પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા લિખિત સાહિત્ય

(૧) ધર્મવાણી
(૨) ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી
(૩) શ્રદ્ધાનું સંગીત
(૪) પર્યુષણાની પાવન પ્રેરણા
(૫) જીવનનું ઝવેરાત
(૬) પજુસણ આવ્યાં રે..
(૭) પગલું પડે તો પંથ ખૂલે
(૮) વન્દના...પાપનિકન્દના
(૯) રેતીમાં મોતી
(૧૦) રણ બને ઝરણ
(૧૧) મેઘધનુષ
(૧૨) દિવ્યધામ દર્ભાવતી
(૧૩) માયાનાં મૃગજળ
(૧૪) નમામિ વીરમ્
(૧૫) શ્રુતસૌરભ
(૧૬) શૂલ વચ્ચે ફૂલ
(૧૭) જીવન બને ઉપવન
(૧૮) આંખ ફરે અંતર ઠરે
(૧૯) પાઠશાળા પ્રવેશિકા
(૨૦) સૂર્યોદયનાં તેજ નિરાળાં
(૨૧) ચાલો પ્રતિક્રમણ કરીએ
(૨૨) કથા–કલ્પવલ્લિ: (સંસ્કૃત)
(૨૩) અન્તર્યામી સાથે અન્તર્યાત્રા
(૨૪) દર્શનં મોક્ષસાધનમ્
(૨૫) તું મેરા મનમેં તું મેરા દિલમેં
(૨૬) સ્વાતિનાં મોતી
(૨૭) પ્રેરણાનાં પુષ્પો
(૨૮) આવો આરાધના કરીએ
(૨૯) તમે મન મૂકીને વરસ્યા
(૩૦) सुगंध (हिन्दी)
(૩૧) નવપદ ધરજો ધ્યાન
(૩૨) દીવડો ધરો ...તિમિર હરો
(૩૩) સૌરભ
(૩૪) હૈયાના હસ્તાક્ષર
(૩૫) અંતરજ્યોત
(૩૬) મયૂરપંખ
(૩૭) વંદન હોજો વાર હજાર
(૩૮) પ્રેરણાદીપ
(૩૯) આદર્શોનું અમૃત
(૪૦) પાનું ફરે ...સોનું ઝરે ...
(૪૧) ધર્મધારા
(૪૨) ધર્મસિન્ધુ
(૪૩) યુગદિવાકર મહાગ્રન્થ
(૪૪) વિમલાચલ–વન્દના
(૪૫) ધર્મસેતુ
(૪૬) હૈયે કરજો વાસ
(૪૭) મોતીની ખેતી
(૪૮) અમૃતનો આસ્વાદ
(૪૯) લોઢણપાર્શ્વ વસો મેરે દિલમેં
(૫૦) ખૂશ્બુનો ખજાનો
(૫૧) એક મૂઠી મોતી
(૫૨) પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર
(૫૩) ભીતર દીવા હજાર
(૫૪) વન થી વૃંદાવન
(૫૫) કલ્પસૂત્ર કુસુમાંજલિ
(૫૬) હયાતિના હસ્તાક્ષર
(૫૭) હસતા અક્ષર
(૫૮) માનસરોવરનાં મોતી
(૫૯) અજવાળાના અવતરણ
(૬૦) દરવાજે દસ્તક
(૬૧) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
(૬૨) અમૃતનું આચમન
(૬૩) વ્રત ધરીએ...ભવ તરીએ
(૬૪) મહામાનવ મોતીશાહ
(૬૫) પ્રેરણાનો પયગામ
(૬૬) પ્રેરણાના પારિજાત
(૬૭) પ્રેરણાનો પરાગ
(૬૮) પ્રેરણાની પરબ
(૬૯) પ્રેરણાનું પંચામૃત
(૭૦) શ્રદ્ધાનું સરનામું : ચેમ્બુરતીર્થ
(૭૧) ચાલો શિખરજી જઈએ
(૭૨) ઝાકળભીનો ઉજાસ
(૭૩) હૃદયદીપ
(૭૪) સુખનું સરનામું
(૭૫) સુખના સૂરજમુખી
(૭૬) અમૃતની અંજલિ
(૭૭) નંદનવનનાં પુષ્પો
(૭૮) તિમિરથી તેજ
(૭૯) પરમને પ્રાર્થના
(૮૦) મંદિર પધારો સ્વામી ! સલૂણાં
(૮૧) તમે સૂરજ થઈને ચમક્યાં મહાગ્રન્થ
(૮૨) મહેંક માર્ગાનુસારિતાની ...
(૮૩) વિચારસેતુ
(૮૪) આનંદનું એવરેસ્ટ
(૮૫) વાસંતી વાયરા
(૮૬) ભવ આલોચના
(૮૭) જ્ઞાનસારનાં જ્ઞાનતેજ
(૮૮) સૂર્યોદયસૂરિરાયા...પ્રેમે પ્રણમું પાયા
(૮૯) 'દિવ્ય' જીવનની જ્યોતિર્મય ઝલક
(૯૦) જ્યોત
(૯૧) વૈભવ
(૯૨) સુગંધનું સરનામું
(૯૩) 'અધ્યાત્મકલ્પદ્રુમ'નાં અજવાળાં
(૯૪) અક્ષરના દીવા
(૯૫) ઉદ્યોત
(૯૬) સાહિબ ! તમે મારા છો
(૯૭) રત્નકિરણ
(૯૮) ઉન્મેષ
(૯૯) દષ્ટાંતદર્પણ
(૧૦૦) અહો ! માસક્ષમણમ્
(૧૦૧) ગિરિરાજ ગુંજન
(૧૦૨) 'અમૃતવેલ'ની આનંદયાત્રા
(૧૦૩) ગૌરવ
(૧૦૪) પર્યુષણાનો પયગામ
(૧૦૫) મહેંક
(૧૦૬) પ્રમોદ પમરાટ
(૧૦૭) પ્રમોદ પરિમલ
(૧૦૮) પ્રસ્તાવના પમરાટ
(૧૦૯) પ્રસ્તાવના પરિમલ
(૧૧૦) પાથેય (આગામી)
(૧૧૧) નજરાણું (આગામી)
(૧૧૨) બોજ વિનાનો બોધ (આગામી)
(૧૧૩) ઉજાસ (આગામી)
(૧૧૪) સૂર (આગામી)
(૧૧૫) 'ધર્મરત્ન'નો ઝળહળાટ (આગામી)
(૧૧૬) ઐશ્વર્ય (આગામી)
(૧૧૭) માસક્ષમણની મહાસફર (આગામી)

## પૂ.આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્ય દ્વારા લિખિત સાહિત્ય

(૧) नमामि नित्यं गुरुधर्मसूरिम् (संस्कृत)
(૨) મારા ગુરુવર ...ધર્મસૂરીશ્વર
(૩) प्रसंगपुष्पाञ्जलि: (संस्कृत)
(૪) ચિંતનની ચાંદની
(૫) મનનનાં મોતી
(૬) Treasure of Qualities
(૭) સૂર્યોદયનું સૌંદર્ય
(૮) सूर्योदयं सूरिवरं प्रणौमि
(૯) Entity of Supremacy
(૧૦) Bharat Chakravarti
(૧૧) Karma
(૧૨) A Step towards purity-I (આગામી)
(૧૩) A Step towards purity-II (આગામી)
(૧૪) A Step towards purity-III (આગામી)
(૧૫) પ્રેરણાપ્રપા (આગામી)
(૧૬) પ્રેરણાસેતુ (આગામી)

## પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી પ્રકાશિત ઈંગ્લીશ સાહિત્ય

૧ થી ૬૧ પુસ્તકો

આ ઉપરાંત પૂજ્યશ્રીના સંયમસુવર્ણવર્ષે નવા 50 પુસ્તકોના પ્રકાશનો સાથે ટ્રસ્ટની કુલ પ્રકાશન સંખ્યા 265 થશે.